ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 18 • પ્રકરણ : 08 • સળંગ અંક : 212 **26 નવેમ્બર 2012** **ડિજિટલ અવતાર – બત્રીસ**

ઓલિમ્પિકની નવાજૂની !

• નિરંજના દેસાઈ

નિરંજના દેસાઈ

બ્રિટનથી હજારો મીલ દૂર વસતાં – તિયાંના જ બૉર્ન ને પક્કા સિટીઝન, ને વિલાયતને મિનિટે મિનિટે રિમેમ્બર કરતાં અમારાં ઈન્ડિયાવાળાં ડિયર બેનું-બનેવીયું, ભાઈયું ને ભાભીયું, તથા વારેવારે ગોટપીટમાં ગરબડિયાં મારતાં છોરુંવ !

ઈન્ડિયામાં એક વાર જેમનાં દાદાઓ, કાકાઓ, વડદાદી વગેરે ગોરારાજ હલાવતાં હતાં તેમનાં વંશજ – અમારાં આંહીનાં મહારાણીની ડાયમન્ડ, આઈ મીન, હીરક જૂબિલીમાં હરખાતાં, હરખપદૂડાં થાતાં, પણ માંયલું હાચકલું હીરે જડેલું, પ્યોર દેસી એવા સરવ એનારાઈનાં ગોડ સેવ ધ ક્વીન – આ ડાયમન્ડ જૂબિલીનાં માનમાં !

વળી, વેરી વેરી હેપી એવો ઑલિમ્પિકનો ઈવેન્ટ પણ અબીહાલ અમારે ત્યાં થીઓ. એટલે અમે રાજીનાં રેડ થઈ ગયાં. અમારી આંહીની બ્રિટિશ ટીમમાં સોનાનાં ને રૂપાનાં ચાંદના ઓહોહોહો ! અમે વેરી મચ ડિસ્કો ડાન્સ કર્યાં, પણ આપણી દેસી ટીમનું પરફોર્મન્સ જોઈ, તમારા હમ, અમને ‘હાય ઈન્ડિયા’ના નારા બોલાવી, તાલીઓ પાડવાનો ચાનસ જ ના મળ્યો. વળી, અમે જે જોયું ને હાચકલું લાઈગું તે આંહીં તમુંને જણાવીએ તો ડોન્ટ ફીલ બેડ, ટેઈક ઈટ વીથ પીન્ચ ઓફ સોલ્ટ – બટ થીંક. ફ્યુચરમાં આવું નોં થાય તે જોસો, તો આંહીયાં અમો એનારાઈ - બ્રિટિશ પાસપોર્ટવાળાં ને અહીંના સિટીઝન, તો ય પક્કા દેસીઓ રાજીનાં રેડ – સુપર ગ્લેડ થઈ જાસું ને ‘મેરા ભારત મહાન’નું શાઊટીંગ કરીશું તો ઑલિમ્પિકની વાત આગળ હલાવીએ, ખાસ તો ઓપનિંગ સેરીમનીની.

મોડી રાત સુધી, ટીવીના મોટા સ્ક્રીન હામે ગ્લુ થઈને અમે અમારાં ગોરાં ફ્રેન્ડસની હારે બેઠાં’તાં. દેશ દેશની પરેડ બિગીન થઈ. ઈન્ડિયાનું નામ એનાઉન્સ થાતાં અમે સટાક દઈને હાથમાં થ્રી કલર ફ્લેગ, આઈ મીન, તિરંગા ઝંડા લઈ ઊભાં થઈ ગયાં ! ટીમને વેલકમ કરવા. અમારાં ગોરાં દોસ્તોને - તેઓના હાથમાં યુનિયન જેક વાવટા હતા તેની સાથે આપણા ઈન્ડિયાના થ્રી કલર ફ્લેગ પકડાવ્યા – વેવ કરવા માટે, બટ – આ શું ? ઈન્ડિયાના ઑલિમ્પિક ખેલાડીઓના ડ્રેસ જોઈ – વા…ઉ બોલવાને બદલે અમે હા…ઉ ?નું શાઊટ કર્યું. અમારા ગોરા દોસ્તો : વોટ હેપન્ડ કહી, અમારી હામું તાકી રીયાં. પુરુષ ખેલાડીઓની જાણે ઊંધું પીળચટ્ટું પતેલું માંડ માંડ માથે ગોઠવીયું હોય તેવી પીળી ટર્બન જોઈ થીયું – હાચેહાચ કેસરિયા કરવા ફિલ્ડમાં જતા હતા ? આ કેસિરયા હાચો શબદ છે ? ક્વીટ ઈન્ડિયા વખતે આ શબદ શીખેલાં. વળી, ઑલિમ્પિક ગર્લ્સની યલો સારીઝ - સોરી ટુ સે - મસોતા જેવી લાગતી હતી. આ મસોતા શબદની પણ હિસ્ટ્રી છે - ડ્રેસ બરાબર ન હોય, છોકરા કે છોકરીયુંના તો મા આ મહોતા જેવું પહેર્યું છે, જા ચેન્જ કરી આવ, કહેતી. આમ મહોતા - મસોતા વર્ડ બ્રેઈનમાં બરાબર પ્રેસ થઈ ગયો છે. કપડાં અપટુડેટ ન હોય તો એટવન્સ એને મસોતા કહી દેવાનું. આવા તો કેટલાં ય એક્ષામ્પલ્સ છે; કો’ક બીજી વાર વાત કરીશું.



હા, તો ઈન્ડિયન પરેડ બિગીન થઈ ને સાવ ફ્રન્ટમાં એક ટોલ બાઈ રેડ ટોપ ને જીન્સ પહેરી મિલીટરીની અદાથી વોક કરતી હતી ને અમારાં મહારાણીની અસ્સલ કોપી કરી હાથ વેવ કરતી હતી. અમને થયું; માય ગોડ સમ ટેરરિસ્ટ ઘૂસી ગઈ ! અમારી એક ગોરી ફ્રેન્ડ બોલી – હું ઈઝ ધીસ વુમન ? બીજા દોસ્તે કહ્યું : ઈફ શી વોઝ વોકિંગ વીથ બ્રિટિશ ટીમ, શી વુડ હેવ બીન … … એ આગળ કંઈ બોલે ત્યાં અમે તેનું મોં દબાવી દીધું ! ત્યાં તો પ્યોર ગુજરાતીમાં એક ફ્રેન્ડ બોલ્યા : આંય ઈન્ડિયા છે – આયાં બધું હાલે ! એમ જ હોય ! અમે ત્રિરંગાને રિસ્પેક્ટથી ટેબલ પર મૂકી દીધા. વોટ નોનસેન્સ એમ અમે શાઊટ કર્યું, બીકોઝ ઈન્ડિયાની આખી પરેડ પણ ટીવી પર બતાવી નહીં. ઓન ટોપ ઓફ ઈટ, બધાં કન્ટ્રીની પરેડ વખતે તે કન્ટ્રીના હાઈ કમિશનને બતાવતા ને હાઈ કમિશન ક્લેપીંગ ને વેવ કરી વેલકમ કરતા હતા. અમે હવે ઈન્ડિયન હાઈ કમિશનને જોવા ઈગર હતાં, બટ ઈન્સ્ટેડ, અમારાં મહારાણી એન્ડ રિલેટીવ્સને બતાવ્યાં – અમને થીયું, ઈન્ડિયામાં હજી શું ગોરારાજ છે ? વી ઓલ વેર સ્ટન્ટ ! ઓફ કોર્સ, મહારાણીએ સ્વીટ સ્માઈલ આપ્યું હતું. બટ, વી ફેલ્ટ ટૂ બેડ. અમને થીયું, શું ઈન્ડિયન હાઈ કમિશન પ્રેઝન્ટ નહોતા ? કે હોલીડે પર ગયા હતા ! બીજું કે’વાનું કે કેટલાં ય કન્ટ્રીની પરેડમાં તે દેશનો વાવટો ઝાલી ઑલિમ્પિક વુમન ચાલતી હતી.

માઈ ગોડ, તાલીયાં ! મીડલ ઈસ્ટના કન્ટ્રીમાં વુમન ફ્લેગ લઈ હાલતી હતી. ઓફ કોર્સ માથે હાઈ ક્લાસ સ્કાફ બાંધીને. અમે અમારાં ધોળિયાં ફ્રેન્ડસને કીધું - વેઈટ એન્ડ સી. ઈન્ડિયા ટીમમાં

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૯મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

•

સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR [U.K.]

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com

સંપર્ક : ભારતીબહેન પારેખ

"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.

વુમન એથલીટ જ ફ્લેગ લઈ આગળ હાલશે, બટ - માઈ - ગો-ડ ! નો – ! અમારો ગોરા ફ્રેન્ડસ પાસે ઇન્ડિયાની ડંફાસો મારી હતી. ઇક્વોલિટી ને વિમેન્સ રાઇટની. અમારા ફેઇસ હવે લાલઘૂમ થઈ ગ્યાં. આંહીયાં તમારે ત્યાંના હાઈ ક્લાસ ફરસાણ ને ડાકોરના ગોટા ફીસ્ટ માટે રાખ્યાં હતાં પણ વી કુન્ટ ઈટ ! તમે બિલીવ કરશો ? અમારું દેસી હાર્ટ વેરી મચ અનહેપી થઈ ગ્યું'તું. આંખમાં હાચકલે આંસુ આવી ગ્યાં – અમુંને આંહી બેઠાં ઇન્ડિયાનું બહુ લાગે, હોં ! ઓન ટોપ ઓફ ઈટ, કોઈકે પાછું ડ્રેસની વાતનું ટીપ્પન કર્યું. આયાં ફસ્ટક્લાસ ડ્રેસના એક્ઝીબીશનો તમારા ઇન્ડિયાવાળાં છાસવારે લાવતાં હોય છે ને અમે તો ઠીક મારા ભઈ, પણ અમારાં ગોરા ભાઈબંધુ ને બેનપણીયું વેરી નાઈસ કહેતાં, બાય કરી, પેરી ઓઢી, રાજી થાય છે. અમને ખબર હોતે તો તમારાં જ સોઝ્ઝા મઝાનાં ફસ્ટ ક્લાસ કૂરતા, કમીઝ, સારીઝ ને સૂટ બાય કરી ઑલિમ્પિક વિલેજમાં હાચકલે જ મોકલ્યાં હોત.

ચાલો, – બહુ કીધું. અમારાં મહારાણીની હીરક જૂબિલીની વાત સ્પેસ ન હોવાથી બીજી વાર કરશું.

આપણા મલકમાં તમે સરવ ઓલરાઈટ હશો ને હા, અમારી વ્યાધિ - ઉપાધિ બહુ નોં કરતાં હોં ? આંયાં અમે ઓકે છીએ.

લ્યો ત્યારે, – આયાંથી હંધાય એનારાઈના બાય બાય ને પક્કા દેસી દિલથી હરિ ઓમ … …

[60 Wilson Gardens, WEST HARROW, Middlesex HA1 4DZ, U.K.]

કુંડલિનીને કારણે

• પંચમ શુક્લ

રોજ ફરું છું ગોળ ગોળ ને ચકરાઉં છું સર્પાકારે,
શ્વાસે શ્વાસે કોક નિસરણી રોજ ચઢું છું સર્પાકારે.
સૂર્ય-કિરણના અવિકલ પથ પર દોડી દોડી મુશકદોડમાં
રાત કરંડિયે કળતર વીંટી અમળાઉં છું સર્પાકારે.
રાડો, ગાળો, બૂમરાણ ને કાગારોળે કચવાતો રહી,
કાન વગરના કર્કશ ચાઠા થઈ ઊપસું છું સર્પાકારે.
રોડવતો રહું ધંધાપાણી કે ઘૂમરડું ઘરની ઘાણી,
કડવા ઘૂંટડા ગળી ગળીને ફુત્કારું છું સર્પાકારે.
અનંત, કુલિક ને વાસુકિથી કર્કોટક થઈ શેષ થવામાં,
કાલસર્પના શિર્ષ-પુચ્છમાં અટવાઉં છું સર્પાકારે.
કમઠપીઠ પર ડગડગ ડોલી નિત્ય હજારો નૃત્ય રચું છું,
ષડરિપુથી ષડચક્કરને હંફાવું છું સર્પાકારે.

૫/૬/૨૦૦૯

રાહુ(શિર્ષ) અને કેતુ(પુચ્છ)ના સ્થાન મુજબ
કાલસર્પયોગના બાર પ્રકાર છે :
અનંત, કુલિક, વાસુકિ, શંખપાલ, પદ્મ, મહાપદ્મ,
તક્ષક, કર્કોટક, શંખચૂડ, ઘાતક, વિષધર અને શેષનાગ.
કમઠ : કાચબો

e.mail : spancham@yahoo.com

હરીકેંણ નોં'તુ આવ્યું..., હરીકેના!... હરીકેનમાં ગયા!

e.mail : mahendraaruna1@gmail.com

પુરાતત્વ અને રામાયણ

• દીપક ધોળકિયા

ખરેખર તો, આ નામનું જાણીતા પુરાતત્વશાસ્ત્રી ડૉ. હસમુખભાઈ સાંકળિયાનું પુસ્તક છે, અને હું એ પુસ્તકનો પરિચય અહીં આપવા માગું છું. ગુજરાત વિદ્યાપીઠે ૧૯૭૩માં આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. આજે એ ઉપલબ્ધ હોય તો દરેકે વસાવવા જેવું પુસ્તક છે.

રામનું નામ આપણી સંસ્કૃતિમાં વણાઈ ગયું છે અને તે એટલી હદે કે રામનું નામ ભગવાનનો પર્યાય બની ગયું છે. જેમ 'હે ભગવાન, આ શું થયું?' એમ કહીએ છીએ તેને બદલે 'હે રામ, આ શું થયું?' પણ કહેવાય છે. આ નામ ભાષામાં પણ પ્રયોજાતું રહ્યું છે – 'રામ રમી ગયા', આવકાર માટે 'રામરામ', 'રામ રાખે તેને કોણ ચાખે', 'બોલો, પંચો રામ…રામ', વગેરે અનેક રીતે રામનું નામ આપણા જીવનમાં અંગરૂપ બની ગયું છે. ગાંધીજી, રામ ઐતિહાસિક વ્યક્તિ છે કે નહીં તે કડાકૂટમાં પડ્યા નથી. એમને મન હૈયામાં વસે છે તે રામ. ગાંધીજી દશરથપુત્ર રામની વાત નથી કરતા. આમ રામ અમૂર્ત પણ બની ગયા છે.

અહીં રામની નહીં - રામાયણની રચના, એના સ્વરૂપ વિશે સાહિત્યિક દૃષ્ટિએ અને પુરાતત્વની દૃષ્ટિએ ચર્ચા કરી છે. રામાયણનો અભ્યાસ ઘણી રીતે થયો છે. કોઈ એને મહાકાવ્ય માને છે, તો કોઈ એને ઐતિહાસિક ગ્રંથ માને છે. મુખ્યત્વે તો અહીં હું આ પુસ્તકના આધારે જ લખું છું. કૌંસમાં આપેલી ટિપ્પણીઓ મારી છે. ચાલો, જોઈએ, ડૉ. સાંકળિયા શું કહે છે તે :



દીપક ધોળકિયા

૦-૦-૦-૦

રામાયણ વિશે સામાન્ય ધારણા એવી છે કે વાલ્મીકિ રચિત આ આદિકાવ્ય હજારો વર્ષ જૂનું છે. સામાન્ય જનતા એમ પણ માને છે કે આ કૃતિમાં બહુ ફુગાવો નથી થયો. આવી ધારણા ૧૮૭૦ સુધી રહી, પરંતુ તે પછી, પહેલાં જર્મન વિદ્વાન વેબર, અને એમના પછી યાકોબીએ દર્શાવ્યું કે એમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો થયા છે. તે પછી તો અનેક પાશ્ચાત્ય અને ભારતીય વિદ્વાનોએ આ દિશામાં કામ કર્યું છે. બીજી બાજુ, રામાસ્વામી શાસ્ત્રી એવા વિદ્વાન માને છે કે રામાયણ પાંચ હજાર વર્ષ જૂનું છે. આ બધાં પુસ્તકો અમુક અંશે સાહિત્યની દૃષ્ટિએ, એટલે કે ઘટનાઓ અને ભાષા વગેરેના આધારે લખાયાં છે, તો થોડાં સંસ્કૃતિની દૃષ્ટિએ અને જૂજ પુસ્તકો પુરાતત્વની દૃષ્ટિએ લખાયાં છે. આનન્દ ગુરુગે તો માને છે કે ભારતમાં પુરાતત્વનો એટલો વિકાસ નથી થયો કે એના આધારે કંઈ નિર્ણય કરી શકાય.

બીજી બાજુ, સાંકળિયા સાહેબનો પ્રયાસ રામાયણનો અભ્યાસ પુરાતત્વની દૃષ્ટિએ કરવાનો છે. જો કે ગુરુગે સાહિત્યની દૃષ્ટિએ કરેલા કાળ વિભાજનની તેઓ પ્રશંસા કરે છે. આના પ્રમાણે રામાયણની કથાને મુખ્ય ચાર કે છ સમયખંડ અથવા થરમાં વહેંચી શકાય. રામાયણની કથામાં ઉમેરા થયા તેના થર આ પ્રમાણે છે :

૧. પ્રારંભિક અવસ્થામાં રામ વિશે લોકગીતો અને લોકવાર્તાઓ હશે.

૨. તે પછી વાલ્મીકિએ એમનું સંકલન કર્યું, જેમાં ૧૨,૦૦૦ શ્લોક હતા (હશે).

૩. આ રામાયણના છ અધ્યાય હતા, તેના છ કાંડ અને સર્ગ બન્યા અને એમાં જુદા જુદા છંદોવાળા શ્લોકો ઉમેરાયા.

૪.હવે નૈસર્ગિક વર્ણનો અને ચમત્કારોનો ઉમેરો થયો અને એની ત્રણ અલગ પ્રતો બની. (એટલે કે જુદા જુદા પ્રદેશોમાં થોડા ફેરફાર સાથે ત્રણ કથા સંકલિત અને પ્રચલિત થઈ).

૫. સૌથી છેલ્લે, બાલકાંડમાં પારંપરિક વૃત્તાંતો અને છેલ્લે, ઉત્તરકાંડનો ઉમેરો થયો. નવી અનુક્રમણિકા અને વાલ્મીકિને સ્ફુરણા થઈ વગેરે પણ આ કાળમાં ઉમેરાયું.

૬. તે પછીના કાળમાં બહુ નજીવો ઉમેરો થયો અને આવા ભાગોને વિદ્વાનોએ પ્રક્ષિપ્ત માન્યા છે.

પહેલો કાળ, અથવા પહેલો થર, ઈ.પૂ. ૩૦૦થી ૭૦૦નો (આજથી ૨૩૦૦થી ૨૭૦૦ વર્ષ પહેલાં) માનવામાં આવે છે. આનું કારણ એ કે એમાં બુદ્ધ, બૌદ્ધ ધર્મના સંકેતો નથી મળતા. અને પાટલિપુત્રનો ઉલ્લેખ નથી. (બુદ્ધના વખતમાં કોસલ પ્રદેશની રાજધાની સાકેત તરીકે ઓળખાતી હતી, એટલે અયોધ્યાની વાત એનાથી જૂની છે). બીજો થર ઈ.પૂ. ૩૦૦ની આસપાસનો માનવમાં આવે છે, કારણ કે પાણિનીએ રામાયણ કે એના પ્રસંગોનો ઉલ્લેખ નથી કર્યો. (પાણિની રામાયણની રચનાથી પહેલાં થઈ ગયા હશે).

ત્રીજો થર ઈ.પૂ. ૩૦૦થી ઈ.સ. ૧૦૦નો માની શકાય, કારણ કે બૌદ્ધ સાહિત્યમાં રુદ્રદામાના જૂનાગઢના શિલાલેખોમાં જે કાવ્યમય રચના જોવા મળે છે તેના કરતાં રામાયણની રચના પ્રાચીન જણાય છે.

રામાયણની પ્રતોના ભૌગોલિક વિભાગો

ચોથા થરમાં, ઈસુની પહેલી અને બીજી શતાબ્દી પછીના ગાળામાં રામાયણની પ્રતોના ભૌગોલિક વિભાગો થયા એમ વિદ્વાનો માને છે. પાંચમા થરમાં શિવ, વિષ્ણુનાં માહાત્મ્ય વધારતા ભાગો ઉમેરાયા. આ જ અરસામાં બાલકાંડ અને ઉત્તરકાંડમાં રામને વિષ્ણુનો અવતાર તરીકે વર્ણવતા ભાગો દાખલ થયા.

છેલ્લા થરમાં શ્લોક-છંદની ઉત્પત્તિ વગેરે આખ્યાનો અને અનુક્રમણિકા ઉમેરાયાં. આ થરનો ગાળો ઈસુનો સાતમો સૈકો મનાય છે, કારણ કે આજના વિયેતનામના અન્નામ શહેરમાં આવેલા ત્રા-કિન નામના મંદિરમાં સાતમા સૈકાના એક સંસ્કૃત અભિલેખમાં આનો ઉલ્લેખ મળે છે. આ લેખમાં વાલ્મીકિની મૂર્તિ અને મંદિરોનો ઉલ્લેખ છે. આ મંદિર રાજા પ્રકાશાદિત્યના વખતમાં ઈ.સ. ૬૫૭ આસપાસ બંધાયું હતું.

આમ છેક સાતમા સૈકા સુધી રામાયણમાં ઉમેરા થતા રહ્યા છે. પરંતુ, એની રચના મહાભારતથી એકાદ સદી પહેલાં થઈ એ નક્કી છે, કારણ કે એમાં એક અપવાદ સિવાય કૃષ્ણનો ઉલ્લેખ સુદ્ધાં નથી. (જે એકમાત્ર ઉલ્લેખ છે તેને પાછળના સમયનો ઉમેરો ગણાવી શકાય).

રામાયણનો કાળ પુરાતત્વની દૃષ્ટિએ

ડૉ. સાંકળિયા લખે છે કે સાહિત્યની દૃષ્ટિએ કરાયેલા આ કાળ વિભાજનની પુરાતત્વની મદદથી પુષ્ટિ કરી શકાય એમ છે. પુરાતત્વની રીતે જોઈએ તો રામાયણની મૂળ કથાનો સમય ઈ.પૂ. ૧૦૦૦થી ૮૦૦ વર્ષનો ગણી શકાય. આ ઉપરાંત રામાયણના કથાનકનું મૂળ (એટલે કે બીજ રૂપ સામગ્રી) આજથી ત્રણ હજાર કે સાડાત્રણ હજાર વર્ષ કરતાં વધારે દૂર મૂકી શકાય એમ નથી, કારણ કે આ સમય પહેલાં અયોધ્યા, મિથિલા. કોશામ્બી, મહોદય (કાન્યકુબ્જ) વગેરે નગરો તો ઠીક, ગામો પણ અસ્તિત્વમાં નહોતાં.

રામાયણની પ્રતો

આપણે એમ માનીએ છીએ કે રામાયણની કથા આખા દેશમાં એકસરખી જ છે. પરંતુ એવું નથી. એની ત્રણ પ્રતો છે અને દરેકમાં પાઠફેર છે. જો કે મુખ્ય કથામાં કંઈ ફેરફાર નથી થયા. (પરંતુ પ્રસંગો અથવા પ્રસંગોના નિરૂપણમાં તફાવત છે). વિદ્વાનો માને છે કે એક આદ્ય રામાયણ હતી, જેના વિશે આપણે જાણતા નથી. આમાંથી બે શાખાઓ ફૂટી :

(૧) દાક્ષિણાત્ય અને (૨) ઔત્તરીય.

આ બીજી શાખાના પણ બે ફાંટા પડ્યા : વાયવ્ય અને બંગાળ. આપણે જાણતા નથી તે આદ્ય રામાયણ જ મૂળ વાલ્મીકિ રચિત રામાયણ છે. વાયવ્ય પરંપરા પર દાક્ષિણાત્ય પરંપરાની ભારે અસર છે.

પુરાતત્વની મર્યાદા

સાંકળિયા સાહેબ કહે છે કે રામાયણની આવૃત્તિઓનું સંપાદન કાર્ય થયું છે, પરંતુ એમણે કેટલાક પ્રસગો કાઢી નાખ્યા છે, પણ એ જ પ્રકારના બીજા પ્રસંગો રહેવા દીધા છે. કોઈ પ્રસંગ ઉચિત છે કે નહીં તે નક્કી કરવાનું કામ સંપાદકોનું નથી. પુરાતત્વશાસ્ત્રીઓ પોતાના અભ્યાસના આધારે અમુક અંશે કાલનિર્ણયની પ્રક્રિયા દ્વારા એ નક્કી કરવામાં મદદ કરી શકે, પરંતુ પુરાતત્વ શાસ્ત્રીનું જ્ઞાન પણ મર્યાદિત અને ત્રુટિપૂર્ણ જ છે. આના પછી હું એમના જ શબ્દો ટાંકીશ, કારણ કે એક વૈજ્ઞાનિક આત્મનિષ્ઠ નથી હોતો, પણ સત્યનિષ્ઠ હોય છે. એનું આ શબ્દો જ્વલંત ઉદાહરણ છે : 'પુરાતત્વવિદ્‌ની માન્યતાઓ પણ ઉપલબ્ધ પુરાવાઓ ઉપર જ આધારિત હોય છે. અને જો આ પુરાવો બદલાય તે પ્રમાણે એનાં મંતવ્યો બદલવાને એને તૈયાર રહેવું જોઈએ …' (આ અંગે એક રસપ્રદ મુદ્દો છે તે હું લેખમાળાના અંતે જણાવીશ.)

(૨)

ડૉ.સાંકળિયા જુદા જુદા વિદ્વાનોના મત ટાંકીને કહે છે કે રામાયણમાં બે સ્થળે રામની વંશાવળી આપી છે. બન્નેમાં થોડો ફેર હોવાથી કાલનિર્ણય માટે એ નો આધાર લઈ શકાય એમ નથી. રામાયણ પ્રમાણે, ઇક્ષ્વાકુ વંશમાં ૩૩ કે ૩૫ રાજાઓ થઈ ગયા, પરંતુ પુરાણોને લો તો એમાં રામ સુધીના ૬૩ રાજાઓની યાદી છે. આ તફાવત તો બહુ મોટો છે. આને કારણે કોઈ વિદ્વાન રામનો કાળ ઇ.પૂ. ૧૫૦૦ જણાવે છે, તો કોઈ ઇ.પૂ. ૨૩૫૦-૧૯૦૦ માને છે. એક વિદ્વાન રામનો સમય ઇ.પૂ. ૧૪૫૦ માને છે.

પુરાતત્વની દૃષ્ટિએ આ વંશાવળીની બહુ જરૂર નથી. આપણે જાણીએ છીએ કે રામ દશરથના પુત્ર હતા અને એમના સમકાલીન હતા, જનક સિરધ્વજ વિદેહ. આ ઉપરાંત અંગદેશના લોમપાદક અને વૈશાલીના સુમતિ પણ એમના સમકાલીન હતા. આ જ સમયે કોસલ દેશમાં કૌસલ્યાના પિતા અશ્વપતિ રાજ્ય કરતા હતા. આ ઉપરાંત કોશામ્બી અને મહોદય (કાન્યકુબ્જ) રાજ્યો પણ હતાં.

હવે બૃહદારણ્યક ઉપનિષદના રાજા જનક અને સીતાના પિતા જનક એક જ હોય તો, આ ઉપનિષદનો રચનાકાળ ઇ.પૂ. ૬૦૦-૮૦૦થી વધારે જૂનો નથી. આ જોતાં શ્રીરામ અથવા રામાયણની કથાનું મૂળ એના કરતાં જૂનું ન હોય. આથી રામ, સીતા, જનક, દશરથ વગેરેનો કાળ ઇ.પૂ. સાતમા-આઠમા સૈકામાં મૂકી શકાય. પુરાતત્વની દૃષ્ટિએ આ અનુમાન યોગ્ય મનાય કારણ કે 'છેલ્લાં ૨૦ વર્ષમાં બહુ નહીં પણ એક મહત્વનો પુરાવો મળવા લાગ્યો છે.' (અહીં '૨૦ વર્ષ પહેલાં' એટલે ૧૯૫૦નો અરસો સમજવું.)

રામાયણનાં નગરો

આ પુરાવો એટલે રામાયણમાં વર્ણિત નગરો વિશે મળેલી માહિતી. બાલકાંડમાં વિશ્વામિત્ર રામ-લક્ષ્મણને લઈને પોતાના આશ્રમ તરફ જતા હોય છે ત્યારે માર્ગમાં વૈશાલી, કૌશમ્બી, મિથિલા વગેરે નગરો આવે છે. આ ઉત્તર પ્રદેશ અને બિહારનાં સૌથી જૂનાં નગરો છે અને ત્યાં પુરાતત્વીય ખોદકામ થયું છે. એનાં તારણો મુજબ, કૌશામ્બીમાં માનવ વસ્તીની શરૂઆત વહેલામાં વહેલી ઇ.પૂ. ૧૦૦૦ની આસપાસ થઈ હશે. ખોદકામ દરમિયાન, સૌથી નીચલા થરે, ખાસ પ્રકારનાં ઠીકરાં મળ્યાં છે. વાસણ અંદર-બહાર લાલ પકવેલાં છે અને એના પર કાળા રંગે ચીતરામણ હોવાનું પણ જણાય છે, પરંતુ ટુકડા બહુ નાના હોવાથી ચીતરામણ કેવું હશે, અથવા તો વાસણનો આકાર શો હશે તે જાણી શકાયું નથી. આમ છતાં એમ લાગે છે કે એ થાળી-વાડકા હોવાં જોઈએ, અને તે પણ (પડઘીવાળાં) સાદાં નહીં, નીચે નાની પોકળ કે નક્કર નળી રહેતી. આવાં બેઠકવાળાં વાસણો હતાં.

આ થરથી ઉપરના થરમાંથી ઝાંખાં, ભૂખરા, રાખોડી રંગનાં વાસણો મળ્યાં છે. આનો સમય ઇ.પૂ. ૪૦૦નો જ હોય. આને બહુ બહુ તો બીજાં ચારસો વર્ષ પાછળ લઈ જઈ શકાય. એટલે કે ઇ.પૂ. ૮૦૦ સુધી. પરંતુ આ વાસણો એનાથી જૂનાં તો નહીં જ. આમ, કૌશામ્બીમાં સૌથી નીચલો થર ઇ.પૂ. ૧૦૦૦-૧૨૦૦ કરતાં જૂનો નથી. વૈશાલીમાં ખોદકામ થયું તેમાં પણ ઇ.પૂ. ૪૦૦-૫૦૦ કરતાં જૂની વસ્તુઓ નથી મળી. મિથિલામાં બરાબર ખોદકામ થયું નથી, પરંતુ ત્યાંથી પણ આવાં ભૂખરા રાખોડી રંગનાં (એટલે કે ઇ.પૂ. ૪૦૦-૫૦૦ના અરસાનાં) ઠીકરાં મળ્યાં છે.

આ સાથે જ, સાંકળિયા સાહેબ વાચકોનું એ વાત તરફ ધ્યાન દોરે છે કે પશ્ચિમ ઉત્તર પ્રદેશના સહારનપુર જિલ્લામાં કૌશામ્બી અને હસ્તિનાપુર કરતાં પણ વધારે પ્રાચીન સમયના અવશેષો મળ્યા છે. ત્યાં માનવ સંસ્કૃતિનો વિકાસ આજથી સાડાત્રણ હજાર વર્ષ પહેલાં થયો હોવાના સંકેત છે. ગંગા-જમનાના મેદાનમાંથી પણ ચાર હજાર વર્ષ જૂના અવશેષો મળ્યા છે.

રામાયણનાં નગરોનું વર્ણન

રામાયણમાં માત્ર અયોધ્યા, લંકા અને કિષ્કિન્ધા નગરીઓનાં વર્ણન વિગતે આપ્યાં છે. આમાં પણ અયોધ્યા અને લંકાનાં વર્ણનોમાં અમુક સામ્ય પણ છે, અને તે એટલે સુધી કે આપણને એમ જ લાગે કે કવિએ લંકાને જોયા વિના જ અયોધ્યાનું વર્ણન એને લાગુ કરી દીધું છે.

અયોધ્યા દસ યોજન લાંબી અને બે યોજન પહોળી નગરી છે, જ્યારે લંકા ત્રીસ યોજન લાંબી છે. ઉત્તરકાંડમાં તો લંકા એકસો યોજન લાંબી દર્શાવી છે. લંકા સમુદ્રમાં એક ટેકરી પર વસેલી છે, એની ફરતે એક પરિખા (ખાઈ) અને કિલ્લો હતાં. પરિખામાં શસ્ત્રો રાખવામાં આવતાં. કિલ્લાની દીવાલ સોનાની હતી અને એક વિશાળ સૈન્ય એનું અગ્ન્યાસ્ત્રોથી રક્ષણ કરતું. અગ્ન્યાસ્ત્રોમાં ખાસ એકનું નામ શતઘ્ની (એકસોનો વધ કરનાર) છે.

નગરોને દ્વારો અને એમાં ગોપુરો (દરવાજા) બનેલાં હતા અને કેટલા ય માર્ગો પણ હતા. જો કે, અયોધ્યામાં એક જ માર્ગનું વર્ણન આવે છે. બીજી બાજુ કિષ્કિન્ધામાં ઘણા રસ્તા હતા. રસ્તાની બન્ને બાજુએ ઘરો કતારબંધ હતાં અને રસ્તા ધૂળિયા હોવાથી એના પર પાણી છાંટવામાં આવતું હતું. અયોધ્યામાં તો રાતે રસ્તા પર દીવા પણ મુકાતા. મકાનો ગૃહ, ભવન, હર્મ્ય, પ્રાસાદ અને વિમાનો તરીકે ઓળખાતાં. ગૃહ અને ભવન સામાન્ય નાગરિકો માટે હતાં અને હર્મ્ય, પ્રાસાદ અને વિમાન રાજકુટુંબ અને મંત્રીઓ માટે હતાં. આ ત્રણમાં પણ હોદ્દા પ્રમાણે ફરક તો થતો જ હશે અને એમની રચના, સુશોભન વગેરે પણ જુદાં પડતાં હશે, પરંતુ એની વિગતો મળતી નથી. આ પ્રાસાદો, હર્મ્યો અને વિમાનોનાં વર્ણનો સામાન્યપણે તો બહુ ઉત્તમ પ્રકારનાં છે. પરંતુ ધ્યાનથી વાંચતાં જણાઈ આવે છે કે કવિને એનો સ્પષ્ટ ખ્યાલ નહોતો – ખાસ કરીને વિમાન વિશે.

વિમાન શબ્દ ઓછામાં ઓછા બે અર્થમાં વપરાયો છે. એક તો, આપણે સમજીએ છીએ તે સામાન્ય અર્થ અને બીજો અર્થ છે, ઊંચો મહેલ. આ પ્રાસાદોમાં મોટા ચોક પણ હતા. વસિષ્ઠ જ્યારે દશરથને મળવા આવ્યા ત્યારે એમણે ત્રણ કક્ષાઓ પાર કરી, એમ રામાયણ કહે છે. રાવણના પ્રાસાદમાં તો હાથી ઘોડા, રથ અને સૈનિકો પણ રહેતા. આ મહેલ એક યોજન લાંબો અને અડધો યોજન પહોળો હતો. કુંભકર્ણનો મહેલ બે યોજનનો હતો (એની વિશાળ કાયાને ધ્યાનમાં લઈને જ આ અતિશયોક્તિ કરાઈ હશે.).

આ પ્રાસાદો, હર્મ્યો કે વિમાનો એટલાં જ ઊંચાં પણ હતાં, વળી એમની ફરતે પણ ખાઈ બનાવાતી અને તોરણો બનાવાતાં, જે ઝરઝવેરાતનાં હતાં. વળી અંદર જ તળાવો, ક્રીડાવનો પણ હતાં.

નગરવર્ણનમાં તથ્ય

આ વર્ણનો આદ્ય કવિની કલ્પના છે કે એમાંથી કંઈ તથ્ય હાથ લાગી શકે છે? એકનાં એક વર્ણનો સમજ્યા વગર આપ્યાં હોય એમ તરત જ સમજાઈ જાય એમ છે. ખરેખર તો આદ્ય કવિની કૃતિમાં નવા કવિઓ ઉમેરા કરતા ગયા, પણ એમણે જોયું નહીં કે મૂળ વર્ણન સાથે એનો મેળ છે કે કેમ? એક જ દૃષ્ટાંત લઈએ :

દશરથનું રાજકુટુંબ પ્રાસાદોમાં રહેતું હતું એમ જણાવેલું છે. આ પ્રાસાદો કેવી રીતે બનાવેલા હતા, એમાં ઈંટ. પત્થર કે માટી, શાનો ઉપયોગ થયો તેની કશી જ માહિતી નથી.

હવે, આ ઘટના જૂઓ. રામ વનમાં જવા તૈયાર થઈ ગયા છે અને કૌસલ્યામાતાની રજા લેવા જાય છે. રામનો તો બીજા દિવસે રાજ્યાભિષેક થવાનો હતો, તેને બદલે વનવાસ? કૌસલ્યા બેભાન થઈને ઢળી પડ્યાં અને

એમનાં વસ્ત્રો ફરસની માટીથી ખરડાઈ ગયાં. પ્રાસાદ બહુ ઊંચો, મોટો હોય અને ઈંટ કે પથ્થરથી બન્યો હોય તો એની ફરસ પણ ઈંટની જ હોય. એમાં માટી કેમ હોય? (આ દેખાડે છે કે મૂળ કથામાં કૌસલ્યાનું ઘર નાનું અને લીંપણવાળું જ હતું. પાછળના કવિઓએ એ કાચી ભૂમિ પર પોતાની કલ્પનાથી મહેલ ખડો કરી દીધો!)

બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને ખોદકામ દરમિયાન માટીનાં ઘરો અને એમની ચૂનાથી ધોળેલી દીવાલોના અવશેષ મળ્યા છે. ઈંટનાં મકાનો મોહેં-જો-દડો, લોથલ વગેરે સિંધુ સંસ્કૃતિ (હડપ્પાની સંસ્કૃતિ)માં મળ્યાં છે. ગામડાંઓમાં તો ચૂના-માટીનાં મકાનો આજે પણ બને છે. રામાયણમાં આનો સંકેત આપતા ઉલ્લેખો હોવાથી અહીં એનો ઉલ્લેખ કર્યો.

વર્ણનોની છણાવટ

ડૉ. સાંકળિયા હવે સાવચેતીના સૂરમાં પુરાતત્વની પણ મર્યાદા જણાવે છે. એમનું કહેવું છે કે હજુ પણ ભારતમાં પ્રાચીન નગરોનું વિસ્તારપૂર્વક ઉત્ખનન નથી થયું. (એમણે આ વાત ૧૯૭૩માં લખી છે, પરંતુ હજી સ્થિતિમાં ખાસ ફેરફાર નથી થયો.) આ કારણે મૌર્ય, શુંગ, કુષાણ કે ગુપ્ત સમયમાં, ઇ.પૂ. ૩૫૦ના અરસામાં નાગરિકોનાં ઘરો કેવાં હતાં, એ સ્પષ્ટપણે કહી શકાતું નથી. આમ છતાં, તક્ષશિલા, કોલ્હાપુર, નાગાર્જુનકોંડા, નાલંદા વગેરે પાસે થયેલાં ખોદકામોમાં નાનાં, મોટાં મકાનો મળ્યાં છે. એમાં મકાનોની અંદર ચોક પણ છે. આવાં મકાનો મોહેં-જો-દડોમાં મળ્યાં છે.

આમ રામાયણમાં ચોકવાળાં (આંગણવાળાં) મકાનોનું વર્ણન સાચું છે, પરંતુ એમાં એટલી બધી અતિશયોક્તિ છે કે સત્ય શોધવા જતાં ઘણા પ્રશ્નોના જવાબ શોધવા પડે એમ છે. દાખલા તરીકે, વસિષ્ઠ મુનિ દશરથને મળવા ગયા ત્યારે રથમાં બેસીને ગયા હતા. આનો અર્થ એ કે વિશાળ વાડાઓમાં પ્રાસાદો બંધાતા. પરંતુ સવાલ એ છે કે આવા વિશાળ વાડાઓ કયા યુગમાં હતા? વળી પ્રાસાદો સાત-આઠ માળ ઊંચા હતા. આટલાં ઊંચાં મકાનો હજારો વર્ષ સુધી તો ટકે જ નહીં, એ સ્વાભાવિક છે. જો કે મોહેં-જો-દડોમાં મળેલાં મકાનોમાં ઉપર માળ હોય એવા સંકેત મળ્યા છે. બીજી બાજુ સાંચી, ભારહુતના સ્તૂપો પરનાં કોતરકામો પરથી એ વખતે બે-ત્રણ માળવાળાં મકાનો હશે, એમ કહી શકાય (કલાકારોએ જોયાં હશે).

રામાયણનાં મકાનોમાં તો બારીઓ પણ છે અને અટારીઓ પણ છે (ઉપર જવા માટેની સીડીનાં વર્ણન નથી!). આમ છતાં ઈ.સ. પૂર્વે ૧૫૦૦, ૧૦૦૦ કે છેવટે ૫૦૦ વર્ષ પહેલાં પણ ભારતમાં. અને ખાસ કરીને, અયોધ્યા, વૈશાલી. કૌશામ્બી વગેરે શહેરોમાં પણ આવાં મકાનો હતાં, એમ કહેવા માટે કોઈ પુરાવો નથી. (આવાં મકાનોની કલ્પના તે પછીના કાળમાં મૂળ કથામાં થયેલા ઉમેરા સૂચવે છે.)

(૩)

મકાનોમાં થાંભલા

રામાયણનાં મકાનોમાં થાંભલા હોવાનાં વર્ણનો પણ છે, એટલે આવાં મકાનોનો ઇતિહાસ જોવાની જરૂર છે. મોહેં-જો-દડોમાં થાંભલાવાળાં મકાનો હોય, એવા અવશેષ મળ્યા છે, પણ તે પછીના સમયમાં થાંભલા તરીકે માત્ર ઝાડનાં થડ વપરાતાં એવું જોવા મળ્યું છે. આપણા ઐતિહાસિક કાળમાં પાટલિપુત્રમાં ૨૨૫ થાંભલાવાળાં મકાનનો ઉલ્લેખ છે. આમ. ઇ.પૂ. ૨૦૦-૩૦૦ના અરસામાં પાટલિપુત્રમાં મોટાં સભાગૃહો બંધાયાં. એ પહેલાં ઈરાનમાં પર્સિપોલિસમાં આવાં સભાગૃહો હતાં એનું ત્યાં અનુકરણ કરવામાં આવ્યું હતું.

તે પછી, આંધ્ર પ્રદેશના નાગાર્જુનકોંડામાં થાંભલાવાળાં મકાનોના અવશેષ મળ્યા છે, પરંતુ એક પણ મકાન એક હજાર થાંભલાવાળું નથી મળ્યું. લંકામાં એક હજાર થાંભલાવાળાં ચૈત્યગૃહો અને પ્રાસાદો હોવાનું કહેવામાં આવે ત્યારે બે અનુમાન થઈ શકે :

એક તો, એ કવિની કલ્પના હોઈ શકે (વાલ્મીકિની નહીં; પછીના કવિની). કવિએ વર્ણનો સાંભળ્યાં હોય અને ઉમેરા કર્યા હોય એવું બને. અથવા બીજું, દક્ષિણ ભારતમાં મદુરૈ, રામેશ્વર જેવાં મંદિરોનાં સભાગૃહોનું એમાંથી પ્રતિબિંબ મળતું હોય એ શક્ય છે. લંકામાં થાંભલા રત્નજડિત હતા. આમ પણ રાજમહેલમાં સોનાનાં વાસણો, સિંહાસનો હોય એ સમજી શકાય છે, પરંતુ થાંભલા પણ રત્નજડિત હોવાથી લંકા સોનાની હતી, એવી લોકવાયકા પ્રસરી. ભારતમાં માત્ર તક્ષશિલા અને મોહેં-જો-દડોમાંથી સોનાની બનેલી મોટી વસ્તુઓ મળી છે. એટલે રામાયણમાં આવતાં વર્ણનો કેટલે અંશે સત્ય હશે, તે નક્કી કરવું સહેલું નથી.

પ્રાકાર (કોટ) અને પરિખા (ખાઈ)

સિંધુ સંસ્કૃતિનાં શહેરો હડપ્પા અને કાલીબંગનમાંથી કાચી માટીની ઈંટના કિલ્લાના અવશેષો મળ્યા છે. સિંધમાં કોટડીજી અને મકરાણ પાસે તેમ જ કચ્છમાં સુરકોટડામાંથી પથ્થર અને માટીના કોટ મળ્યા છે. ભારતની બહાર સુમેર(હાલનું ઇરાક)માં કોટ અને ખાઈવાળાં નગરો હતાં. એ ઓછામાં ઓછાં ૩૦૦૦ વર્ષ જૂનાં હશે.

આમ ભારતમાં કોટ અને ખાઈવાળાં નગરો તો હતાં જ, પણ લંકાની વાત કરો તો, એ સમુદ્રમાં ટેકરી પર હતી. એની ફરતે કિલ્લો હતો. પરંતુ સમુદ્રની વચ્ચે આવેલી ટેકરી પર ખાઈ બનાવવી સહેલી નથી. સાંકળિયા સાહેબના શબ્દોમાં – 'આ એક જ દૃષ્ટાંત પરથી આપણને સહજ થાય કે કવિએ પોતાના શ્રોતાજનો અને વાચક વર્ગના મન ઉપર લંકાની અભેદ્યતા બતાવવાનો પ્રયત્ન કર્યો છે, પણ એમ કરવા જતાં વાસ્તવિકતાની બધી હદો વટાવી દીધી છે'.

કિષ્કિન્ધા નગરી

કિષ્કિન્ધાકાંડમાં છૂટું છવાયું પાંચ-છ જગ્યાએ નગરીનું વર્ણન મળે છે. એ ઋષ્યમૂક પર્વતની એક ગુફામાં હતી અને એમાં હર્મ્ય, પ્રાસાદ અને શિખરવાળાં મકાનો હતાં. ગલીઓ અને રસ્તાઓ હતાં, રસ્તાઓની બન્ને બાજુ ફૂલઝાડો હતાં. ગુફા ગમે તેટલી મોટી હોય, એમાં ઊંચાં શિખરોવાળાં મકાનો ન જ બની શકે. આમાં કવિની કલ્પના જ કામ કરી ગઈ છે, તેમ છતાં એમાંથી આપણે સત્ય શોધવાનો પ્રયત્ન કરીએ.

એક સમયે ભારતમાં માણસ ગુફાઓમાં વસતો. પશ્ચિમમાં ભોપાલથી માંડીને પૂર્વમાં મિર્ઝાપુર સુધી આવું જોવા મળે છે ભોપાલ પાસે ભીમબેટકાની વિશાળ ગુફામાં દીવાલો પર ચિત્રો બનાવેલાં છે. આના પરથી આપણે કહી શકીએ કે અહીં ઓછામાં ઓછાં પાંચ હજાર વર્ષથી માનવવસ્તી રહી છે. આંધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં પણ ઘણી જગ્યાએ ભિત્તિચિત્રોવાળી ગુફાઓ મળી છે. ખડકોથી બનેલી ગુફાઓમાં માનવ વસતો એના તો ઘણા પુરાવા છે. પરંતુ આવા

ખુશ ખબર

દરેક વાચક, ચાહક, ભાવક તેમ જ લેખકને એક ખુશ ખબર … !

ફરી પાછી, એક વાર, "ઓપિનિયન"ની વેબપેજ – http://opinionmagazine.co.uk/ – સજીવન થઈ છે. 'મારે તો એક ડગલું બસ થાય', સમજી, હળવે હળવે, તેના દરેક વિભાગ કામ કરતાં થયાં છે.

"ઓપિનિયન"ના ડિજિટલ અવતાર સ્વરૂપે આ સાથે, કુલે બત્રીસ આવૃત્તિ બહાર પડી છે. માર્ચ 2013 સુધી આ સિલસિલો ચાલુ રહેવાનો છે. એટલે કે આ ઉપરાંત, બીજા ચાર અંકો ડિજિટલ સ્વરૂપે બહાર પડશે; અને પછી, તે અલોપ થઈ જશે. તેને સ્થાને આ વેબમથકે "ઓપિનિયન" ખાબકશે અને ત્યાંથી પોતીકું ડિમડિમ ગાજતું રાખશે.

આજ લગી તમે સૌએ "ઓપિનિયન"ને અમર્યાદ ચાહ્યા કર્યું છે. તમારા આ ભાતીગળ સ્નેહને કારણે, તમારી હૂંફાળી પોરસે, આ કેડી કંડારાઈ. તમારા ટેકેટેકે પથ કપાતો ગયો, ને હવે ધોરીમાર્ગે વણઝારાની પોઠ હીંડતી થઈ છે. સહૃદય ઓશિંગણ.

નિવાસોને નગર કે શહેર તો ન જ કહી શકાય. આમ કિષ્કિન્ધા કવિની કલ્પનાનું જ સર્જન હોઈ શકે. પરંતુ મૂળ સ્થિતિ શી હતી?

રામે જ્યારે વાલિને માર્યો ત્યારે એ ઘાયલ થઈને પડે છે અને રામને કહે છે :

वयं वनचरा राम मृगा मूलफलाशिना:
एषा प्रकृतिरस्माकं पुरुषस्त्वं नरेश्वर (૪.૧૭.૨૬)

(નોંધ: અહીં પાઠભેદ છે. ગીતા પ્રેસ, ગોરખપુર દ્વારા પ્રકાશિત સંવત ૨૦૫૯ એટલે કે ૨૦૦૩ની દાક્ષિણાત્ય પાઠની ૨૫મી હિન્દી આવૃત્તિમાં આ ૩૦મો શ્લોક છે).

આનો અર્થ છે : હે રામ, અમે વનચર, કંદમૂળ અને ફળો ખાઈને રહેનારા. આ અમારી પ્રકૃતિ છે, તમે પુરુષ (મનુષ્ય) છો. (આપણા વચ્ચે વેર કેમ હોય?)

આમ, સમૃદ્ધ નગરીનાં વર્ણન છતાં, આદ્યકવિએ કહેલું સત્ય પ્રગટ થઈ જાય છે કે વાનર જાતિ વનવાસી હતી અને ફળમૂળ ખાઈને રહેતી.

રામાયણમાં આવતાં નગરોનાં વર્ણન અતિશયોક્તિભર્યાં છે અને આ અતિશયોક્તિ દૂર કરો તો જે કંઈ રહે છે તે ઈ.સ.ની શરૂઆતનાં નગરોનાં વર્ણનો છે. ગોપુર આ વર્ણનોને ઇસુના આઠ-દસમા સૈકામાં લાવી મૂકે છે. ડૉ. સાંકળિયા કહે છે કે '... જૂનામાં જૂની નેપાલી પ્રત ઈ.સ.૧૦૨૮ની છે. એટલે ૧૧મી સદી સુધી, અને પછી પણ રામાયણ, મહાભારતમાં ઉમેરો થતો જ ગયો. જ્યારે જૂનામાં જૂનો ઉલ્લેખ ગ્રામોના પ્રારંભકાળનો હોય તો એ ઈ.સ. પૂર્વે ૧૦૦૦-૧૫૦૦નો હોઈ શકે.'

હવે આગળ જતાં લંકા ક્યાં હતી તે વિશે ડૉ. હસમુખ સાંકળિયાના વિચારો જોઈએ.

(૪)

લંકા ક્યાં હતી ?

ડૉ. હસમુખ સાંકળિયાએ લંકા ક્યાં હતી એ પ્રશ્નની વિસ્તારથી ચર્ચા કરી છે. એમણે બીજા વિદ્વાનોના મત અને પોતાનાં સંશોધનોનાં તારણ આપ્યાં છે.

લંકા વિશે વિદ્વાનોમાં ત્રણ મત છે. એક મત પ્રમાણે આજનું શ્રીલંકા તે જ રાવણની લંકા. બીજો મત એવો છે કે લંકા ઇંડોનેશિયાના જાવા-સુમાત્રા બેટોમાં હતી. ત્રીજો મત કહે છે કે લંકા મધ્ય પ્રદેશમાં જ હતી! તો લંકા ક્યાં હતી ? સાંકળિયાસાહેબ આની છણાવટ માટે આ પ્રશ્નના બે ભાગ કરે છે : (૧) આદિ લંકા અને એની ઓળખાણ, અને (૨) વિકસિત લંકા અને એની ઓળખાણ.

પહેલા બે મતમાં માનનારા એમ માનીને ચાલે છે કે રામાયણનાં વર્ણનોમાં અતિશયોક્તિ નથી, અને હોય તો બહુ થોડી છે. ત્રીજા મતવાળાને મન રામાયણમાં જુદા જુદા સમયે ભેળસેળ થઈ છે એટલે વર્ણનોમાંથી સત્ય તારવવું જોઈએ. હમણાં ઉપલબ્ધ રામાયણમાં આનો કંઈ પુરાવો છે ?

૧૯૪૦ના અરસામાં પરમશિવ આયર નામના વિદ્વાને લંકા જબલપુર પાસે હોવાનો સબળ મત વ્યક્ત કર્યો. બીજા બે વિદ્વાનોએ લંકા અમરકંટકના ઉચ્ચ પ્રદેશ(Plateau)માં હોવાનું અનુમાન કર્યું. ડૉ. સાંકળિયા કહે છે કે 'આયર, હીરાલાલ અને સરદાર કીબેનાં સંશોધનની વિસ્તારથી ચર્ચા કરતાં મારે કહેવું જોઈએ કે એમના નિર્ણયને પુષ્ટિ આપતા બીજા ત્રણ મુદ્દાઓ મને સાંપડ્યા છે. એટલે તો મને ખાતરી થઈ છે કે આદિ રામાયણ કે રામકથાની લંકા મધ્ય પ્રદેશના પૂર્વ ભાગમાં હોવી જોઈએ.'

કિષ્કિન્ધાકાંડમાં સુગ્રીવ વાનરોને સીતાની શોધમાં આખો વિંધ્ય ખૂંદી વળવા કહે છે. તે પછી આમાં ઉમેરા થયા અને જાણે સુગ્રીવને આખી પૃથ્વીનું જ્ઞાન હોય તેમ સલાહ આપે છે. મૂળ તો એનો આદેશ વિંધ્ય પૂરતો જ હોય તે સ્વાભાવિક છે. આવા નવા અને જૂના ભાગોમાંથી એક મહત્ત્વની વાત ડોકિયું કરી લે છે અને સાચી દિશા તરફ ઈશારો કરે છે. સૌથી પહેલાં પરમશિવ આયરે આ તારણ આપ્યું. આ પ્રસંગ જોઈએ :

વિંધ્ય પર્વતમાં હનુમાન અને બીજા વાનરો એક મોટી ગુફામાં ઘુસી ગયા. ત્યાં રસ્તો ભૂલી ગયા અને કેટલા ય દિવસ ભૂખ્યા-તરસ્યા રહ્યા. અહીં એમને સ્વયંપ્રભા નામની તાપસી મળે છે. એણે વાનરોને આંખો બંધ કરવા કહ્યું અને પર્વતની ટોચના કિનારે લઈ ગઈ અને દેખાડ્યુ: 'આ છે. વિંધ્ય પર્વત, અહીં છે મહાન સાગર, અહીં જ (પાસે) છે પ્રસ્રવણ ટેકરી.' અહીં કોટિની દક્ષિણ-પશ્ચિમે, કેર અને હીરણ નદીનો સંગમ થાય છે. એટલે પ્રસ્રવણ અથવા માલ્યવાન ગિરિમાળા અહીં જ હોવી જોઈએ અને સિંઘરામપુરની ખીણમાં સુરક્ષિત જંગલોમાં એ હશે, એમ આયર માને છે.

સંપાતિની કથા

ફરી કથા સાથે આગળ વધીએ. હવે વાનરો ગુફામાંથી બહાર આવે છે અને મોટો સાગર જૂએ છે. પરંતુ સીતાને શોધી લાવવા માટે સુગ્રીવે જે સમયમર્યાદા આપી હતી તે તો પૂરી થઈ ગઈ છે, એટલે એમનો નેતા અંગદ (પ્રાણત્યાગ કરવાના સંકલ્પ સાથે) અનશન પર બેસી જાય છે. બધા વાનરો એની પાસે બેઠા વાતે વળગ્યા છે. એમની વાતમાં જટાયુનું નામ આવ્યું. પાસે પણ એક ગુફા હતી, એમાં જટાયુનો ભાઈ સંપાતિ રહેતો હતો. જટાયુનું નામ આવતાં એના કાન સરવા થયા. જટાયુ રાવણના હાથે કેમ ઘવાયો તેની વાત એણે જાણી, અને વાનરોને સમજાવ્યું કે રાવણ ક્યાં રહે છે. તે પછી એણે સાગરને તીરે જટાયુનું તર્પણ કર્યું. ડૉ. સાંકળિયા અહીં ખાસ કહે છે : યાદ એ રાખવાનું છે કે સંપાતિ કોટિની દક્ષિણ-પશ્ચિમે રહેતો હતો.

સંપાતિ રાવણ સીતાનું કેમ હરણ કરી ગયો તે વાનરોને કહે છે. આ નાની સરખી વાર્તા બહુ અગત્યની છે. સંપાતિ કહે છે કે ઊંચી, યોજનો લાંબી વિંધ્ય પર્વતમાળામાં એ રહેતો હતો. શરીરે અશક્ત થઈ જવાને કારણે પોતે કંઈ કરી શકતો નહોતો, એટલે એનો પુત્ર સુપાર્શ્વ એને માંસ લાવી આપતો. એક દિવસ એ સાંજે માંસ લીધા વિના જ પાછો આવ્યો. અને કહ્યું કે માંસની શોધમાં એ મહેન્દ્રદ્વારની ફાટમાં (સાંકડા રસ્તામાં) બેઠો હતો એટલામાં એક ચકાચક કાળો માણસ તેજસ્વી સ્ત્રીને લઈને આવ્યો. એણે મને માર્ગમાંથી ખસી જવા બહુ નમ્રતાથી વિનંતિ કરી. એની આ નમ્ર વિનંતિને હું ધુત્કારી ન શક્યો એટલે ત્યાંથી હટી ગયો. સિદ્ધોએ તે પાછી મને જણાવ્યું કે એ કાળો માણસ રાક્ષસોનો રાજા રાવણ હતો.

ડૉ. સાંકળિયાએ આના પરથી કેટલાંક તારણો કાઢ્યાં છે : રાવણ અનાર્ય અને કાળી ચામડીવાળો હતો. સીતા આર્ય સ્ત્રીઓ હોય એવી ગોરી હતી. રાવણ સીતાને પગપાળા જ લઈ જતો હતો. રસ્તો એટલો સાંકડો હતો કે માત્ર એક જ માણસ જઈ શકે. એ સાધારણ માણસ જેવો જ હશે, કારણ કે સુપાર્શ્વે ડરીને રસ્તો છોડ્યો નથી, માત્ર એની નમ્ર વિનંતિને કારણે રસ્તો છોડ્યો. તેથી લંકા, પંચવટી અને દંડકારણ્ય પાસે પાસે જ હોવાં જોઈએ. આ લંકામાં જવા માટે સાગર પાર કરવો પડતો હતો, જે પર્વતની તળેટીમાં હતો. આ જ સાગરને પાર કરવા માટે હનુમાન મહેન્દ્ર પર્વતની ટોચે ગયા હતા અને ત્યાંથી છલાંગ મારી હતી.

સુંદરકાંડમાં હનુમાન સીતાને મળે છે ત્યારે આ જ વાતની પુષ્ટિ કરે છે. હનુમાન કહે છે કે પોતે સો યોજન સમુદ્ર 'તરીને' (પ્લુત) આવ્યા. અહીં સો યોજન તો કદાચ બોલવાની રીત હશે, પણ આ સાગર બહુ લાંબો પહોળો નહીં હોય અને તરીને પહોંચી શકાય એટલું અંતર હશે.

(નોંધ: પરમશિવ આયરે અથવા સાંકળિયાસાહેબે રામાયણની કઈ પ્રતનો ઉપયોગ કર્યો છે, તે જણાવ્યું નથી. પરંતુ ગીતાપ્રેસ, ગોરખપુરની દાક્ષિણાત્ય પ્રતની ૨૫મી હિન્દી આવૃત્તિમાં प्लुत શબ્દનો ઉપયોગ થયો હોય એવો શ્લોક જ નથી. એ હોત તો સુંદરકાંડના ૫૮મા સર્ગમાં ૯૭, ૯૮, ૯૯ અને ૧૦૦મા શ્લોકની સાથે હોત. જો કે ૧૬૬મા શ્લોકમાં હનુમાન કહે છે કે 'તે પછી હું અરિષ્ટ પર્વત પર પાછો આવ્યો અને તમને સૌને મળવા માટે प्रतिप्लवन એટલે કે વળતું તરવાનું શરૂ કર્યું.' જો કે પ્રચલિત માન્યતાઓની વિરુદ્ધ જવાની તૈયારી ન હોવાથી, આ આવૃત્તિના અનુવાદકે प्रतिप्लवन મૂળ શબ્દ અનુવાદમાં વાપર્યા પછી કૌંસમાં ફરી એનો અનુવાદ આપ્યો છે કે दुबारा आकाश में उड़ना. 'પ્લવન' શબ્દના બે અર્થ છે કે એક જ, તે સંસ્કૃતના જાણકાર કહી શકે.)

વળી આ સાગરમાં નાના ખડકો પણ હતા. હનુમાને એના પર વિશ્રામ કર્યો હતો. (સુંદરકાંડમાં આનો સંકેત આપતી કથા છે. હનુમાન લંકાથી પાછા આવ્યા પછી પોતાનો અનુભવ વર્ણવે છે ત્યારે લંકા જતાં માર્ગમાં સમુદ્રમાંથી મહેન્દ્ર પર્વત નીકળી આવ્યો એવી વાત કરે છે).

રામાયણમાં લંકા અને બીજાં સ્થાનોનાં વર્ણનો આવે છે તે જબલપુરની પાસે આવેલા ઇંદ્રાણ ટેકરીના વિસ્તારને બહુ મળતાં આવે છે.

ડૉ. સાંકળિયા આયરનો મત ટાંકે છે : લંકા જેના પર હતી તે ત્રિકુટ ટેકરી એટલે ઇંદ્રાણની ટેકરી. એ ૧૯૩૨ ફૂટ ઊંચી છે અને એની ત્રણ બાજુએ હિરણ નદી વહે છે. ઇંદ્રાણ ટેકરીની સામે હિરણના દક્ષિણ કાંઠે સિંગલદ્વીપ નામનું સ્થળ આવેલું છે! શ્રીલંકાનું મૂળ નામ પણ સિંહલદ્વીપ જ હતું આથી નામોની ભેળસેળ થઈ છે, એ સ્પષ્ટ છે. ઇંદ્રાણ ટેકરી પર ચડવાનું માત્ર ઉત્તર તરફથી જ સહેલું છે અને એની સામે દક્ષિણ-પશ્ચિમે એક ટેકરી છે, એ સુવેલની ટેકરી હશે. આ ટેકરી પર રામનું સૈન્ય હતું. યુદ્ધના આગળના દિવસે રામ આ જ ટેકરી પર સૂતા હતા.



રામાયણ પ્રમાણે લંકા કિષ્કિંધા અને પ્રસ્રવણની દક્ષિણે હતી. આ બન્ને સ્થળો નજીક જ હતાં. સુગ્રીવે હજાર માથાવાળા વિંધ્યમાં અને દુસ્તર નર્મદામાં સીતાને શોધવા કહ્યું હતું. કિષ્કિંધા વિંધ્યની દક્ષિણે હતી અને નદી પણ દક્ષિણે જ વહેતી હતી. રામે કે હનુમાને નર્મદા પાર નથી કરી, એ પણ યાદ રાખવાનું છે. રામ પંપા સરોવર પાર કરીને ઋષ્યમૂક પર્વત પાસે સુગ્રીવને મળે છે. રાવણ પણ આ જ સ્થળેથી સીતાને લઈ ગયો હતો. સીતાએ આભૂષણો ફેંક્યાં તે ઋષ્યમૂક પર બેઠેલા વાનરોએ જોયું હતું. આમ, દંડકારણ્યથી સીતાનું અપહરણ કરીને રાવણ જતો હતો ત્યારે કિષ્કિંધા, ઋષ્યમૂક વગેરે સ્થાનો રસ્તામાં આવતાં હતાં.

૧૯૪૦માં પરમશિવ આયરે લંકાના સ્થાનનું નિર્ધારણ કર્યું તેને ડૉ. સાંકળિયા 'ઉત્તમમાં ઉત્તમ પ્રયાસ' તરીકે ઓળખાવે છે, પરંતુ અફસોસ કરતાં કહે છે કે વિદ્વાનોનું આના પર ધ્યાન નથી ગયું. આ રીતે ઋષ્યમૂક, કિષ્કિંધા અને લંકા, પંપા સરોવર, મહેન્દ્ર પર્વત, પ્રસ્રવણ બધાં સ્થાનો વિંધ્યની દક્ષિણે અને નર્મદાની ઉત્તરે આવેલાં છે.

વાલી અને સુગ્રીવનું યુદ્ધ

આ બે ભાઈઓ વચ્ચેનું યુદ્ધ સાલવનમાં થયું. મધ્ય પ્રદેશના પૂર્વ ભાગમાં, છોટા નાગપુરના આદિવાસી વિસ્તારમાં સાલનાં જંગલો છે. રામ-રાવણ યુદ્ધ પણ અહીં જ થયું હશે, કારણ કે રામાયણ કહે છે કે વાનરો પાસે કંઈ હથિયાર નહોતાં અને સાલવૃક્ષોને મૂળ સોતાં ઊખેડીને મારતા હતા.

'લંકા' મુંડા આદિવાસીઓની ભાષાનો શબ્દ છે અને એનો અર્થ 'બહુ દૂર' અથવા 'ટાપુ' એવો થાય છે. હજી પણ 'લક્કા' શબ્દ આ જ અર્થમાં તેઓ વાપરે છે. રામાયણમાં 'જનસ્થાન'નો ઉલ્લેખ આવે છે તે પણ આ જ પ્રદેશ હશે. અહીં આજે પણ ગોંડ, કોરકુ, બૈગા, મુંડા વગેરે આદિવાસીઓ રહે છે. એમનામાં 'રાવણ' નામ પણ રાખવામાં આવે છે. ગોંડ આદિવાસીઓની પેટા જાતિ ધૂર-ગોંડ 'રાવણવંશી' કહેવાય છે. લંકામાં હનુમાનને બાંધવામાં ચીર, વલ્કલ અને ક્ષૌમ(લીનન)ના દોરાનો ઉપયોગ થયો ક્ષૌમ માત્ર છોટા નાગપુરમાં અને બંગાળમાં થાય છે.

આમ. લંકા પણ નર્મદાની ઉત્તરે મધ્યપ્રદેશમાં જબલપુર પાસેના આ વિસ્તારમાં જ હતી, એમ માનવાનાં જોરદાર પ્રમાણો છે.

બીજી બાજુ, રામેશ્વરના ટાપુમાં જંગલ તો શું, ઝાડો પણ નહિવત્ છે. મનારના અખાતમાં કે શ્રીલંકામાં પણ રામ લડાઈની આગલી રાતે જ્યાં રહ્યા એવી કોઈ ટેકરી ઉત્તરમાં નથી.

સેતુનું નિર્માણ

રામાયણમાં વાનરોએ પત્થર, ઝાડ વગેરેથી સેતુ બાંધ્યો એવી કથા છે. પરંતુ રામાયણની બે સૌથી પ્રાચીન પ્રતોમાં એનો બહુ ટૂંકો ઉલ્લેખ છે. **समुद्रागमनं चैव नलसेतोश्च दर्शनम्.** આનો અર્થ છે કે રામ અને લક્ષ્મણે સમુદ્ર પાસે આવીને નલસેતુ જોયો. ખરેખર તો આ એક 'નલ' એટલે કે સાંકડી નાળ પરનો સેતુ હતો. નલસેતુ એટલે નલ વાનરે બનાવેલો સેતુ એવો અર્થ પાછળથી આવ્યો છે.

લંકાની લડાઈમાં વ્યૂહ રચના

યુદ્ધકાંડમાં સૈન્યની ગોઠવણીનું જે વર્ણન છે તે પ્રમાણે રામની છાવણી સુવેલ ટેકરી પર હતી અને લંકા તો ત્રિકુટ પર હતી જ. આ વર્ણન ઇંદ્રાણની ટેકરી સાથે વધારે બંધબેસતું થાય છે. પરંતુ જે વ્યૂહરચના છે તે ત્રિપાંખિયા હુમલા કે રક્ષણની છે જે તટબંધ નગરીની છે. રાવણે ઉત્તરના દરવાજે મોરચો સંભાળ્યો છે. કદાચ મુખ્ય વ્યક્તિએ ઉત્તરમાં રહેવું જોઈએ એવો નિયમ હોય તો પણ રામ માટે તો એ જરૂરી નહોતું. એ તો ખુલ્લી ટેકરી પર હતા. એમણે પણ રાવણની સામે એવા જ સબળ સેનાપતિઓ ત્રણ બાજુએ ગોઠવ્યા અને રાવણની સામે પોતે ગોઠવાયા. ખરેખર તો એમના માટે લંકા સુધી પહોંચવાનો એક જ રસ્તો હતો ! આમ જે વર્ણન છે તે કોઈ નગરને લાગુ પડે છે, પરંતુ રામ તો નગરીની વ્યૂહરચના શા માટે કરે ? આ પણ કવિની કલ્પના જ છે. કદાચ, કૌશાંબી, અયોધ્યા, પટણા વગેરે નગરોની ફરતે કિલ્લા અને ખાઈ હોવાં જોઈએ, આની જ અસર દેખાય છે

આ ઉપરાંત રાવણના મહેલમાં રંગરાગ, સુરાપાન વગેરે હનુમાને જોયું તે બધું નાગાર્જુન કોંડાનાં શિલ્પોમાં મળે છે. આમ, લંકાની એક નવી જ ભૂગોળ કવિઓની કલ્પનામાંથી પેદા થઈ છે!

(૫)

રામાયણની કેટલીયે ઘટનાઓથી આપણે પરિચિત છીએ. પરંતુ સૂક્ષ્મ અભ્યાસ કરતાં સમજાય છે કે આવી ઘટનાઓનાં વર્ણન રોચક હોવા છતાં મૂળ રામાયણમાં એ ન પણ હોય. એ પાછળથી ઉમેરાઈ હોય છે અથવા મૂળ ઘટનામાં નવા રંગ ભર્યા હોય છે. આમ છતાં આ લેખમાળાની શરૂઆતમાં જ ડૉ. સાંકળિયાનાં લખાણના આધારે સ્પષ્ટતા કરવામાં આવી છે કે મૂળ કથાનક યથાવત્ રહ્યું છે. અહીં ઉમેરાયેલા જણાતા ભાગોનું વિશ્લેષણ કરેલું છે. સાંકળિયા સાહેબે આવી ઘણી બાબતો લીધી છે. આપણે દરેકનો ટૂંકમાં પરિચય મેળવીએ.

દેવો, ધર્મો અને પુરાતત્વ

રામાયણ પર જે પુસ્તકો લખાયાં છે તેમાં અમુક દેવોની પૂજા થતી, એમ કહીને આવા દેવોની યાદી આપી દેવાયેલી છે, પરંતુ એની થરવાર તપાસ નથી થઈ. અભ્યાસ અને પુરાતત્વની મદદથી આપણે આવી બધી માહિતીને થર પ્રમાણે ગોઠવી શકીએ અને એમનો સમય પણ નક્કી કરી શકીએ.

મંગલાચરણ અને ગણેશ

આવી પૂરતી તપાસ પછી, તૈયાર થયેલી પ્રત (ડૉ. સાંકળિયાના શબ્દોમાં 'ચિકિત્સક આવૃત્તિ') કોઈ પણ જાતના મંગલાચરણને (એટલે કે 'ઓમ

નમ: શિવાય' કે 'નમો વિષ્ણવે' જેવા મંત્રોને) સ્થાન નથી અપાયું. આવાં મંગલાચરણોની પ્રથા આજથી ૧૬૦૦-૧૭૦૦ વર્ષ પહેલાંના શિલાલેખોમાં કે તામ્રપત્રોમાં જોવા મળે છે. એનાથી જૂના શિલાલેખોમાં મંગલાચરણો જોવા નથી મળતાં. ૨૦૦૦ વર્ષથી પણ જૂનો એક જ લેખ પુણેમાં કામરોટથી પંદરેક કિલોમીટર દૂર ગિરિમાળામાં આવેલી એક ગુફામાં મળ્યો છે. એમાં 'નમો અરહંતાય' લખેલું મળ્યું છે. આમ ચિકિત્સક આવૃત્તિમાં સૌથી જૂની (ઈ. સ. ૧૦૨૮ની સાલની) નેપાલી પ્રત પ્રાચીન પરંપરા પ્રમાણે બની છે, જ્યારે તે પછીની પ્રતોમાં સરસ્વતી, ગણપતિનાં મંગલાચરણો મળે છે, એટલું જ નહીં પણ આજથી ૧૩૦૦-૧૪૦૦ વર્ષ પહેલાં શરૂ થયેલાં મંગલાચરણોનો પણ સમાવેશ થયો છે. પુરાતત્વની દૃષ્ટિએ ગણેશનો મંગલાચરણમાં સમાવેશ અથવા ગણેશની સ્વતંત્ર પૂજા અને ઘરની બારસાખે ગણેશની આકૃતિ કોતરવાની પ્રથા ૧૨૦૦-૧૩૦૦ વર્ષ પહેલાં નહોતી, એમ પુરાવા દેખાડે છે. જો કે અફઘાનિસ્તાનમાંથી ૧૬૦૦ વર્ષ જૂની ગણેશની મૂર્તિઓ મળી છે, પરંતુ સ્વતંત્ર પૂજાની શરૂઆત થઈ હોય, એવા સંકેત તે પછીના છે. આ થઈ રામાયણના કાંડોની નીચલી કક્ષા (એટલે કે ઉમેરો થયો હોય તેવો છેલ્લામાં છેલ્લો સમય).

પરંતુ ઉપલી કક્ષા કઈ? જૂનામાં જૂનો સમય કયો? રામાયણમાં એના પણ પુરાવા મળે છે. રામ વનમાં જતાં પહેલાં માતા કૌસલ્યાની રજા લેવા આવે છે ત્યારે કૌસલ્યાએ સ્વસ્તિવાચન કર્યું. એમાં રામના માથા પર શુદ્ધ જળ છાંટીને એમણે મંત્રો દ્વારા સાધ્યો. મરુતો, ધાતા, વિધાતા, ઈન્દ્ર, પૂષા, અર્યમા, સ્કંદ (કાર્તિકેય), સોમ, બૃહસ્પતિ, સ્મૃતિ, ધૃતિ, ધર્મ, સપ્તર્ષિ, ગ્રહ, નક્ષત્ર, ઋતુ, પક્ષ, માસ, સંવત્સર, દિન, મુહૂર્ત વગેરેની આરાધના કરી. પૂષા, અર્યમા, ઈન્દ્ર વગેરે વૈદિક કાળના દેવો છે. તે પછી એમનું મહત્ત્વ ઘટી ગયું. પરંતુ, આ સ્વસ્તિવાચન દેખાડે છે કે ઋગ્વેદના દેવતાઓનું મહત્ત્વ ચાલુ રહ્યું હોય એવા સમયનું પ્રતિબિંબ એમાંથી મળે છે. પરંતુ સ્કંદ જેવા નવા દેવનો પણ પ્રવેશ થઈ ચૂક્યો હતો. આમ આદિ રામાયણનો રચનાકાળ વૈદિક સમયની વધારે નજીક હતો. વૈદિક કાળ હજી ભુલાઈ નહોતો ગયો.

પંચાંગ

આ એક સ્વસ્તિવાચન આપણને જુદા જુદા કાળમાં યાત્રા કરાવે છે. એમાં વૈદિક દેવતાઓ છે, તો નવા દેવતા સ્કંદને પણ સ્થાન મળ્યું છે. બીજી બાજુ ગ્રહ, નક્ષત્ર અને મુહૂર્તોનો પણ સમાવેશ થાય છે. આથી સ્વાભાવિક રીતે જ વિચાર આવે કે એ ગ્રહો વગેરેની પંચાંગીય માહિતી ઉમેરાઈ હોય, એવો કયો કાળ હશે? જ્યોતિષને ધ્યાનમાં લઈએ તો આ ભાગને કયા કાળમાં મૂકી શકાય? આમાં પુરાતત્વની ખોજ દ્વારા મળેલા અભિલેખો કે શિલાલેખો મદદ કરે છે. આજથી ચાર હજાર વર્ષ પહેલાં દિવસ, તિથિ, માસ, ઋતુ વગેરે પંચાંગમાં હતાં કે કેમ? ડૉ. સાંકળિયા કહે છે કે અત્યારે ઉપલબ્ધ રામાયણ જોતાં એ તો નક્કી થઈ જ ગયું છે કે એના રચનાકારને હોરા અને ફળ-જ્યોતિષનું સારું જ્ઞાન હતું. રામાયણની બધી પ્રતોમાં આ વિગતો નથી. આથી પંચાંગને લગતા ઉલ્લેખો જે તે ભાગનો સમય નક્કી કરવામાં બહુ ઉપયોગી થાય છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં સૌથી જૂના અભિલેખો સમ્રાટ અશોકના છે. એમાં અશોક જે વર્ષમાં રાજ્ય કરતો હતો તેનો ઉલ્લેખ છે, પણ બીજી વિગતો મળતી નથી. અશોક પછીની અભિલેખોમાં વર્ષની ઋતુઓ અને એના દિવસ જોવા મળે છે. દાખલા તરીકે, 'ગૌતમીપુત્ર શાતકર્ણીના શાસનના ૧૮માં વર્ષની વર્ષા ઋતુના બીજા પક્ષનો પહેલો દિવસ'. અથવા 'કુલ શાંતમૂલ (રાજાના) સંવત્સરનું બીજું વર્ષ, ગ્રીષ્મના છઠ્ઠા પખવાડિયાનો દસમો દિવસ'.

તે પછી કુશાન રાજાઓના અભિલેખોમાં મહિનાના પખવાડિયાને બદલે મહિનો દર્શાવવાનું શરૂ થયું. તે પછીના સમયના અભિલેખોમાં આખા વર્ષના સૌર પદ્ધતિ પ્રમાણે બાર ભાગ પાડીને શુક્લ કે કૃષ્ણ પક્ષના દિવસ લખવાનું શરૂ થયું.

લગભગ ૨૦૦ વર્ષ પછી, ઈ.સ. ૪૮૪માં, ગુપ્તવંશના રાજા બુદ્ધગુપ્તના સમયના શિલાલેખમાં, અઠવાડિયાના દિવસનું નામ પહેલી વાર જોવા મળે છે. રામનવમી એટલે કે ચૈત્ર સુદ નોમ, ૧૨મો મહિનો (એ વખતે એ ૧૨મો મહિનો હતો), અદિતિ નક્ષત્ર, પાંચ ઉચ્ચ સ્થાનના ગ્રહો અને કર્ક લગ્ન વગેરે માહિતી ઈ.સ. ૪૦૦ પછી ધીમે ધીમે સમાજમાં પ્રચલિત થઈ. ડૉ. સાંકળિયા અહીં જ્યોતિષના વિદ્વાન પ્રોફેસર સેનગુપ્તાનો હવાલો આપીને કહે છે કે ઈ. સ. ૪૦૦માં ભારતીય જ્યોતિષ ગ્રીક અને રોમન જ્યોતિષના પ્રભાવમાં આવ્યું, આર્યભટ્ટ અને વરાહમિહિરના ગ્રંથોમાં પણ એનો પડઘો ઝિલાયો છે. સેનગુપ્તાના અનુમાન પ્રમાણે આજે પ્રચલિત રામાયણ ઈ.સ. ૪૩૮માં લખાઈ છે.

રામ અને કૃષ્ણ

આદિ રામાયણ વખતે માત્ર ૩૩ દેવતા હતા અને ઈન્દ્ર એનો મુખી હતો. ભક્તિ સંપ્રદાયનો હજી ઉદય નહોતો થયો. અથવા એ બહુ પ્રચારમાં નહોતો આવ્યો, કારણ કે કૌસલ્યા બધાં વ્રતો પાળતાં અને અગ્નિને આહૂતિ આપતાં. એ દરરોજ સવારે વિષ્ણુની પૂજા કરતાં.

રામાયણમાં એક-બે જગ્યાઓને છોડી દો તો કૃષ્ણનો ક્યાં ય ઉલ્લેખ નથી આવતો. આમ અયોધ્યાકાંડ અને આખી ચિકિત્સક આવૃત્તિ કૃષ્ણનો મહિમા વધ્યો તે પહેલાંનાં ગણાય. કૃષ્ણ કરતાં રામ પહેલાં થઈ ગયા એ માન્યતા આદિ રામાયણ જેટલી જ જૂની છે એમ કૃષ્ણના ઉલ્લેખના અભાવ પરથી સમજી શકાય છે.

રામમાં ઈશ્વરીય અંશ

રામ ઈશ્વરનો અવતાર હતા અથવા ક્યારે બન્યા તે પણ વિચારવા જેવું છે. ચિકિત્સક આવૃત્તિમાં પણ આના સંકેત મળે છે. બાલકાંડમાં તો એમને વિષ્ણુના અવતાર ગણાવેલા જ છે. જો કે બીજાં વર્ણનોમાં એમના માનવીય અંશો દેખાડ્યા છે. આમ છતાં રામમાં દૈવી અંશ હોવાની ધારણા શરૂઆતથી જ હોય એમ લાગે છે. બધા જ કાંડોમાં આવા સંકેતો મળે છે, પરંતુ એનું સ્પષ્ટ સ્વરૂપ બાલકાંડમાં બંધાયું છે. આદિ રામાયણ રચાયું તે પહેલાં પણ રામ વિશેની કથાઓ પ્રચલિત હશે જ અને એમાં પણ એમની દિવ્ય શક્તિઓની વાત આવતી હશે.

અસ્ત્રો અને શસ્ત્રો

બાલકાંડમાં વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણને લઈ જાય છે ત્યારે એમની પાસે માત્ર ધનુષ્ય-બાણ છે. અહીં વિશ્વામિત્ર અને વસિષ્ઠ વચ્ચે યુદ્ધ થાય છે, એમાં ખડગનો ઉપયોગ થાય છે. તે પછી વિશ્વામિત્ર અમુક અસ્ત્રો વાપરે છે. આના જવાબમાં વસિષ્ઠની કામધેનુ ગાયમાંથી પ્રગટેલા વીરો – શકો અને પલ્લવો પટ્ટિશ વગેરે અસ્ત્રો વાપરે છે. અહીં શક અને પલ્લવોનો ઉલ્લેખ દર્શાવે છે કે કથાના આ ભાગની રચના થઈ ત્યારે આ પરદેશીઓ અહીં આવી ચૂક્યા હતા. એમણે લોહનાં બનેલાં શસ્ત્રો વાપર્યાં, તેને ભારતીય લેખકોએ દિવ્ય અસ્ત્રો લેખાવ્યાં છે.

લાગે છે કે પહેલાં અસ્ત્રો હતાં જ નહીં. માત્ર ધનુષ્ય અને બાણ અને તલવારથી લડાઈ થતી. ગદા હોવાનો પણ સંભવ છે. તે પછી ધનુષ્ય અને બાણની ગુણવત્તા સુધરી. એના પછી સાદાં શસ્ત્રોને મંત્રથી અસ્ત્રમાં પરિવર્તિત કરવાનું શરૂ થયું. ફરી નવાં શસ્ત્રોનો વિકાસ થયો, જેમાં પરીઘ એટલે કે માથા પર કે બાજુએ ગોળ ઘુમાવીને ફેંકવાનું શસ્ત્ર ખાસ છે. શસ્ત્રો મંત્ર દ્વારા અસ્ત્ર બની જતાં અને એનો ઉપયોગ થઈ જાય તે પછી એ ફરી સામાન્ય શસ્ત્ર બની રહેતાં. આથી પુરાતત્વ અસ્ત્રો વિશે બહુ પ્રકાશ પાડી શકે તેમ નથી. ખોદકામમાં માત્ર ત્રણ જ જાતનાં શસ્ત્રો મળે છે : નાના મોટા પથ્થરના કે માટીના ગોળા, શૂળ કે ત્રિશૂળ, ત્રણ-ચાર અણીવાળાં લોખંડનાં હથિયારો અથવા તલવાર કે ખંજર.

દસ માથાંવાળો રાવણ

કોઈ માણસને દસ માથાં હોય, એ કલ્પના જ હોઈ શકે, એ વાત તો સૌ કોઈ સમજી શકે. દસ માથાં રાવણની શક્તિ અને બુદ્ધિમત્તાનું પ્રતીક છે. આમાં કંઈ વિશેષ ચર્ચા જેવું પણ નથી. પરંતુ, ડૉ. સાંકળિયાને આટલેથી સંતોષ નથી. આ કલ્પના છે, એ સ્વીકાર્યા પછી, એ પ્રકારની કલ્પનાનો વિકાસ ક્યારે થયો તે

તપાસે છે અને રાવણનાં દસ માથાં વિશે ચર્ચા કરીને તેઓ રામાયણમાં એ ભાગ ક્યારે ઉમેરાયો તેનું અનુમાન રજૂ કરે છે.

ભારતમાં ઉપલબ્ધ માનવ આકૃતિઓમાં ત્રણ-ચાર માથાંવાળી આકૃતિઓ મોહેં-જો-દડોમાંથી મળી છે. એક પ્રાણીને ત્રણ માથાં છે પણ બે જ શિંગડાં અને એક જ શરીરવાળી એક મુદ્રા મળી છે. આના પરથી આપણે કહી શકીએ કે એકથી વધારે માથાં કે શરીર બનાવવાની કલ્પના ઓછામાં ઓછી સાડાચાર હજાર વર્ષ જૂની છે.

જો એક કરતાં વધારે શરીર કે માથાની કલ્પના થઈ શકે તો બે કરતાં વધારે હાથની પણ કલ્પના થઈ શકે, પરંતુ મોહેં-જો-દડો પછીનાં લગભગ અઢી હજાર વર્ષ સુધી એટલે કે ઇસવી સનની શરૂઆત થાય ત્યાં સુધી આવી આકૃતિઓ મળી નથી. આટલા લાંબા સમય પછી, આજથી લગભગ ૨૧૦૦-૨૨૦૦ વર્ષ પહેલાં સાહિત્યમાં ષડાનન એટલે કે સ્કંદ અથવા કાર્તિકેયનું વર્ણન મળે છે અને આવી જ આકૃતિવાળો સિક્કો પણ મળ્યો છે. પરંતુ સ્કંદના હાથ તો બે જ દેખાડેલા છે. બીજા કોઈ દેવ હોય તો એની આકૃતિમાં એક જ માથું, બે હાથ અને બે જ પગ બનાવેલા હોય છે. આમ, આજથી સત્તરસો-અઢારસો વર્ષ પહેલાં પણ ઘણા હાથ કે માથાવાળા દેવની કલ્પના પ્રચલિત નહોતી. એમ લાગે છે કે ઇસુના પાંચમા કે છઠ્ઠા સૈકામાં વધારે હાથ અને માથાંની કલ્પના વિકસી હશે. આ તો ધારણા છે પરંતુ એ સાચી હોય તો અરણ્યકાંડના રાવણના વર્ણનવાળા ભાગની રચના પંદરસો વર્ષથી વધારે જૂની ન ગણાય.

પરંતુ રામાયણમાં રાવણને માત્ર એક સામાન્ય શરીરાકૃતિવાળો માણસ દેખાડ્યો છે. એ મૂળ રામાયણનું વર્ણન હશે. સાંકળિયાસાહેબ કહે છે કે અરણ્ય, કિષ્કિંધા અને સુંદરકાંડમાં આવાં વર્ણનો ઘણી જગ્યાએ છે. અરણ્યકાંડમાં સીતાને રાવણ કહે છે કે હું તને બે હાથોથી ઉઠાવીને લઈ જઈશ. (નોંધ : ગીતા પ્રેસ, ગોરખપુરની ૨૫મી હિન્દી આવૃત્તિમાં અરણ્યકાંડમાં આ પ્રકારનું વિધાન નથી. પરંતુ એના ૪૯મા સર્ગમાં રાવણ સીતા પાસે આવે છે ત્યારે એને બે જ હાથ છે. માત્ર આઠમા શ્લોકમાં એ ક્રોધિત થઈને પોતાનું દસ માથાં અને વીસ હાથનું સહજ રૂપ – स्वकं रूपं – પ્રગટ કરે છે, પરંતુ નવમા શ્લોકમાં એ ફરી સામાન્ય બની જાય છે. ૧૭મા શ્લોકમાં એ ખરેખર સીતાને ઉપાડે છે ત્યારે એ વીસ હાથથી નહીં, માત્ર બે હાથથી ઉપાડે છે! શ્લોકનો અનુવાદ આ પ્રમાણે છે : એણે ડાબા હાથે કમલનયની સીતાનું માથું વાળથી પકડ્યું અને જમણો હાથ એમની બન્ને જાંઘોની નીચે નાખીને એમને ઉપાડી લીધાં.)

સીતાનું અપહરણ કરીને રાવણ જતો હોય છે ત્યારે ગીધરાજ જટાયુ એને રોકે છે અને લડાઈમાં રાવણનો રથ તોડી નાખે છે. એ વખતે રાવણ બે હાથથી જ લડે છે. વળી, હનુમાન લંકામાં સીતાની શોધમાં રાવણના મહેલમાં પહોંચી જાય છે. રાવણ સિંહાસન પર બેઠો છે અને એને એક જ માથું અને બે હાથ છે (સુંદરકાંડ, સર્ગ પાંચ, શ્લોક ૧૩-૨૮ ડૉ. સાંકળિયાએ આપેલો સંદર્ભ). (ગીતા પ્રેસ ગોરખપુરની ૨૫મી હિન્દી આવૃત્તિ પ્રમાણે હનુમાન રાવણને સૂતેલો જૂએ છે અને એને બે જ હાથ (भुजौ) છે – સુંદરકાંડ: સર્ગ ૧૦ શ્લોક ૧૫.)

આમ રાવણનું સહજ રૂપ – स्वकं रूपं – બે હાથ અને એક માથાનું છે. વીસ હાથ અને દસ માથાં, આપણે જોયું, તેમ ઇસુની પાંચમી-છઠ્ઠી સદીના કવિઓની કલ્પના છે.

(૬)

રામસીતાનો ખોરાક શો હશે?

આ બાબતમાં જે કંઈ પુસ્તકો લખાયાં છે તેમાં આવી ખાદ્ય વસ્તુઓની માહિતી તો આપવામાં આવી છે, પણ રામાયણનો અથવા તો એના અંશોનો કાલનિર્ણય કરવામાં એનો ઉપયોગ નથી થયો. રામાયણમાં અન્ન, પાન (પાણી સિવાયની બીજી વસ્તુઓ), લેહ્ય અને ચોષ્ય (એટલે કે ચાવીને, ચૂસીને કે ચાટીને ખાવાના) પદાર્થો એ વખતે હતા.

ખાવાની વસ્તુઓમાં ચોખા (શાલિ અને તાંદુલ), તલ (તિલ), ચણા (ચણક), કુલથ (કળથી) અને માંસનો ઉલ્લેખ છે. આમાં ઘઉંનો સમાવેશ નથી થયો એ ખાસ નોંધવા જેવું છે. એનો અર્થ એ કે રામાયણની રચના થઈ ત્યારે ઘઉં ન થતા. ચોખા ત્રણ ચાર રીતે ખવાતા : ભાત તરીકે, પાયસ (દૂધમાં ગોળ સાથે ઉકાળીને) અને ધાણી બનાવીને ખવાતા. વળી ચોખાના લોટના અપૂપ કે પૂપ પણ બનતા જે દૂધ, દહીં કે છાસ સાથે ખવાતા.

આમ ધાન્યમાં મુખ્યત્વે તો ચોખા જ છે અને અમુક અંશે ચણા અને કળથી પણ ખવાતાં. ચોખા અને કળથી ૪૦૦૦ વર્ષ જૂનાં છે. ડૉ.સાંકળિયા કહે છે કે 'કળથી અમને માઇસોરના બલ્લારી જિલ્લામાં આવેલા તેક્કલકોટા સ્થળે ઉત્ખનનમાં મળી છે. ત્યાર પછી પૂના પાસે ઇનામગામ અને કચ્છમાં સૂરકોટડાના ખોદકામમાં પ્રાપ્ત થયાં છે. હજુ પણ દક્ષિણમાં અને ભારતમાં અન્ય સ્થળે – જ્યાં વરસાદ બહુ ઓછો હોય છે અને જમીન ફળદ્રૂપ હોતી નથી ત્યાં ગરીબ લોકોનો આ મુખ્ય ખોરાક ગણાય છે' … 'ચોખા પૂર્વમાં બિહાર પ્રાંતમાં ચિરાન્દના ખોદકામમાં, અને પશ્ચિમ બંગાળમાં રાજારધિપી અને મહિષદલમાં મળ્યા છે. આ ત્રણેય સ્થળોમાં ચિરાન્દના અવશેષ જૂનામાં જૂના ૪૦૦૦થી વધારે જૂના મનાય છે'.

પુરાતત્વની રીતે જોતાં રામાયણમાં માત્ર ચોખાનો ઉલ્લેખ છે તે દર્શાવે છે કે એના રચનાકારને માત્ર પૂર્વના રિવાજની ખબર હતી, ભારતના બીજા ભાગો વિશે એમને ખાસ કંઈ ખબર નહોતી. પાયસ દૂધમાં ગોળ નાખીને બનાવાય. આજે પણ દક્ષિણ ભારતમાં પાયસ બનાવે છે, પણ ગુજરાત-મહારાષ્ટ્રમાં પાયસ નથી બનાવતા. સાંકળિયા સાહેબ કહે છે કે બિલ્વ, કોઠું, ફણસ, આમળાં, બોર અને કેરી જેવાં ફળો ખાવામાં લેવાતાં અને માંસ પણ ખરું. માત્ર ક્ષત્રીયો જ નહીં, બ્રાહ્મણો પણ માંસ ખાતા. ઘેટાં, બકરાં, ડુક્કર અને હરણ ઉપરાંત ગાયનું માંસ પણ ખવાતું. પક્ષીઓમાં સેધા, શાહમૃગ અને મોર ખવાતા. ઉચ્ચ જાતિઓ શિયાળ, મગર, વાનર, કિન્નર અને મનુષ્યનાં માંસ વર્જ્ય ગણતી. એમના શબ્દોમાં – 'રામાયણમાં કેટલીયે વાર ગાય સહિત માંસાહારનો ઉલ્લેખ આવે ત્યારે બે અનુમાન કરી શકાય : એક તો, આવો માંસાહાર પ્રજાના લગભગ બધા જ થરોમાં પ્રચલિત હતો, બીજું આ મહત્ત્વનું અનુમાન – રામાયણનું આ અંગ કે વાર્તાનો આ ભાગ ઈશુના પહેલાંના સમયનો છે.'

સુરાપાન

રામે સીતાથી છૂટા પડ્યા પછી મધનો ત્યાગ કર્યો હતો, કારણ કે મધ ઉત્તેજક છે એમ મનાતું. મધમાંથી દારૂ પણ બનતો. ફળોનો રસ, શેરડીનો રસ અને મધનો પીણા તરીકે ઉપયોગ થતો. મહુડાનો પણ દારૂ બનતો. વાનરો સુગ્રીવના મધુવનમાં પ્રવેશીને છાકટા થઈ ગયા એમ રામાયણ કહે છે. એ કદાચ સાધારણ મધુ નહીં પણ મહુડાનો દારૂ જ હોવો જોઈએ. પૂર્વ મધ્યપ્રદેશ અને ઉત્તર ગુજરાતમાં મહુડાનાં વૃક્ષો આખા વનને શોભા આપતાં હોય છે. રામાયણમાં મધુવનનું જે વર્ણન છે, તે આબેહૂબ આ જ પ્રદેશનું છે.

રામાયણમાં બીજાં બે પાનનો ઉલ્લેખ આવે છે – વારુણી અને મૈરેય. ડૉ. સાંકળિયા કહે છે, 'આમાં વારુણીનો ઉલ્લેખ વારંવાર આવતો નથી. અને મારી માન્યતા પ્રમાણે 'વારુણી' નામ જે દ્રાક્ષનો દારૂ રોમ ઇત્યાદિ પાશ્ચાત્ય દેશોમાંથી ખાસ મધકુંભોમાં આવતો તે દારૂને આપવામાં આવ્યું હતું … રામાયણના આ ભાગો કે અંગો ઈશુના પછીના પહેલાથી ત્રીજા-ચોથા શતકના ભારતના સમાજનું ચિત્ર આપણી આંખ આગળ ઊભું કરે છે.' સુરાપાન વૈદિક સમયથી જ પ્રચલિત હતું, પરંતુ રોમ સાથે વેપાર વધતાં રાજામહારાજાઓ રોમથી દારૂ પણ મંગાવતા. દારૂ પીધા પછી મત્ત થયેલી સ્ત્રીઓ જેમ તેમ પડી હોય, એવાં દૃશ્યો નાગાર્જુનકોડાના બૌદ્ધ સ્તૂપની ભીંતો પર કોતરેલાં જોવા મળે છે. રામાયણમાં ભારદ્વાજ મુનિ ભરતની સેનાનો જે રીતે સત્કાર કરે છે, અને હનુમાન રાવણના મહેલમાં નશામાં ચૂર સ્ત્રીઓને જુએ છે, એ વર્ણનો આ શિલ્પોની યાદ અપાવે છે.

રોમના મદ્યકુંભો (AMPHORA) ભારતમાં ઠેકઠેકાણેથી મળ્યા છે. ઉત્તરમાં તક્ષશિલાથી માંડીને દક્ષિણમાં પોંડીચેરી પાસે, પશ્ચિમમાં દ્વારકા, સોમનાથ અને કોલ્હાપુરથી માંડીને પૂર્વમાં શિશુપાલગઢ સુધી આ કુંભો મળ્યા છે. ઉત્તર ગુજરાતના ગાઢ જંગલમાં દેવની મોરીમાં આવેલા બૌદ્ધ વિહારમાં

પણ રોમના દારૂનાં પાત્રો મળ્યાં છે. કોઈ સ્થળે કુંભમાં સુકાયેલો દારૂ પણ જોવા મળ્યો છે. એનું પરીક્ષણ કરતાં જણાયું છે કે એ દ્રાક્ષ અને મધમાંથી બનાવ્યો હતો. ભારતના રાજદરબારોમાં રોમની મદિરા અને મદિરાક્ષીઓનું બહુ સન્માન હતું. આપણા દેશના કોઈ પ્રદેશમાં લોકોના અમુક વર્ગમાં આ મદિરાક્ષીઓનું લોહી હશે જ!

રામાયણની એક પરંપરા પ્રમાણે કાલિન્દીને પાર કરતાં સીતા ગભરાયાં અને માનતા માની કે હું વનવાસથી સુખરૂપ પાછી ફરીશ તો એક હજાર દારૂના કુંભ કાલિન્દીને ચડાવીશ. રામ અને સીતાનાં નામ સાથે માંસાહાર અને સુરાપાન જોડાયેલાં હોય તેને આપણે એમનું અપમાન માનીએ છીએ. પરંતુ એ વખતની સામાજિક સ્થિતિમાં માંસાહાર સામાન્ય વાત હતી. સુરાપાન પણ એટલું જ સામાન્ય હતું. આમ છતાં, મુખ્યત્વે તો આ ઉલ્લેખો રામકથામાં ઉમેરો થયો તે સમયનું પ્રતિબિંબ પાડે છે.

રામાયણમાં વસ્ત્રો અને આભૂષણો

રામાયણમાં આના બહુ ઉલ્લેખ નથી પરંતુ કેટલાક વિદ્વાનોએ આવા ઉલ્લેખો એકત્ર કરીને એનાં નામો તારવ્યાં છે, અને એમનું વર્ગીકરણ પણ કર્યું છે. આમાં મુખ્ય બાબત એ જોવાની રહે છે કે જુદા જુદા કાંડોમાં એમાં શો ફેરફાર થયો છે. વળી વસ્ત્રોની જાત અને એ કયા પ્રદેશની પેદાશ છે તે તારવી શકાય કે કેમ તે પણ જોવાનું રહે છે.

વસ્ત્રો

રામાયણ અને પ્રાચીન સાહિત્યમાં સ્ત્રીઓ અને પુરુષો બે જ વસ્ત્રો પહેરતાં, એવાં વર્ણનો મળે છે. પુરુષો ટૂંકું ધોતિયું કે પંચિયું પહેરતા, જ્યારે સ્ત્રીઓ ટૂંકી સાડી, કાછડી મારીને પહેરતી. સ્ત્રી-પુરુષ બન્ને, ઉત્તરીય, એટલે કે ઉપર પીઠ અને છાતીને શાલની જેમ ઢાંકતું વસ્ત્ર, પહેરતાં. કંચુકી, ચોળી કે સ્તનાંશુક ઈસુ પછીના સમયમાં પ્રચલિત થયાં હોય એમ લાગે છે. ધોતિયા કે સાડીની નીચે કંઈ પહેરવાનો રિવાજ હતો કે નહીં તે જાણી શકાતું નથી. આમ છતાં એક પ્રસંગ ધ્યાન ખેંચે છે – હનુમાન અશોકવાટિકામાં સીતાને મળે છે અને વિદાય લેતી વખતે કહે છે કે મને કંઈક એવું આપો જેથી રામને ખાતરી થાય કે હું તમને જ મળ્યો છું. જવાબમાં સીતા કહે છે કે એક વાર ચિત્રકૂટમાં એક કાગડો મારું માંસ ખાવા માટે મને ચાંચ મારતો હતો. એને ઉડાડવા ગઈ ત્યારે મારું વસ્ત્ર સરી પડ્યું. આ જોઈને રામ હસી પડ્યા. (સુંદરકાંડ –સર્ગ ૩૬, શ્લોક ૧૮. ગીતા પ્રેસ ગોરખપુરની ૨૫મી હિન્દી આવૃત્તિમાં આ પ્રસંગ ૩૮મા સર્ગના શ્લોક ૧૧થી ૩૫માં છે. દેખીતી રીતે જ, કવિને રામસીતાની પ્રણય ચેષ્ટાઓનું વર્ણન કરવામાં મઝા આવી ગઈ છે! અહીં ઘણા ઉમેરા થયા લાગે છે. પરંતુ આ એક જ શ્લોકમાં રામનું સ્વાભાવિક માનવીય વ્યક્તિત્વ પણ બહાર આવે છે, એ પણ ખાસ નોંધવું જોઈએ).

આ બન્ને વસ્ત્રો ક્ષૌમનાં બનતાં. ક્ષૌમ એટલે છોડમાંથી બનતું એક જાતનું લીનન. એ રેશમ નથી. રાજા જનકે સીતાજીને કન્યાદાનમાં ક્ષૌમનાં વસ્ત્રો આપ્યાં હતાં. (બાલકાંડ સર્ગ ૭૩, શ્લોક ૪ – ગીતા પ્રેસ હિન્દી ૨૫મી આવૃત્તિ ૧-૭૪-૪). રામ, રાવણ, ભરત, હનુમાનનાં માતા અંજની વગેરે સૌ કોઈ ક્ષૌમનાં વસ્ત્રો પહેરતાં. આમ છતાં બધા કાંડોમાં સીતા કૌશેય – એટલે કે રેશમી વસ્ત્રો – પહેરતાં એવું દર્શાવેલું છે. પછીના કાંડોમાં કૌશેયનો રંગ પીળો હોવાનું પણ દર્શાવ્યું છે. આમ કરીને રામાયણમાં ઉમેરા કરનારા કવિઓએ કેટલીક પરસ્પર વિરોધી વાતો કરી નાખી છે, પરંતુ એ જ કારણસર આવાં વર્ણનો કાળનિર્ણય અને સ્થળનિર્ણયમાં કામ આવે છે.

ક્ષૌમ

સીતા જ્યારે વનવાસ માટે તૈયાર થાય છે ત્યારે કૈકેયી હઠ પકડે છે કે વનમાં તો ચીર જ પહેરાય. સીતા દુ:ખી થઈ જાય છે. પરંતુ રામ એમને ચીર પહેરાવે છે – કૌશેય વસ્ત્રોની ઉપર જ ! સહેજે સમજી શકાય કે વનવાસના પ્રસંગને વધારે હૃદયદ્રાવક બનાવવા માટે આ પ્રસંગ ઉમેરાયો છે. સુધારાવધારાનો આ પહેલો તબક્કો છે.

કૌશેય પીળા રંગનું છે. રાવણ સીતાને ઉપાડી જતો હોય છે ત્યારે એમનું પીળું કૌશેય સૂર્યપ્રકાશમાં ચમકી ઊઠે છે અને આખા પર્વતમાં આગ લાગી હોય એવું લાગે છે.

રેશમ

આમ મૂળ રામાયણમાં કૌશેય નથી, પણ ક્ષૌમ છે. તો કૌશેયનો પ્રવેશ રામાયણમાં ક્યારે થયો? કૌશેય એટલે કોશેટો. કોશેટામાંથી બનેલું રેશમ કુદરતી રેશમ કરતાં જુદું પડે છે. કોશેટાનું રેશમ ચીનથી આવ્યું. ચીની રેશમ ઈસુના બીજા શતકમાં જ બહુ પ્રચલિત થઈ ગયું હતું અને રોમ સુધી પહોંચી ગયું હતું. એનો વ્યાપાર દરિયાઈ માર્ગે અને જમીન માર્ગે પણ થતો. જમીન માર્ગે રેશમ જતું તેને 'સિલ્ક રૂટ' કે 'રેશમ માર્ગ' કહે છે. આમ છતાં એ પણ શક્ય છે કે આ રેશમ ચીનનું ન હોય અને આસામ કે કાશીનું કુદરતી રેશમ જ હોય અને માત્ર નામ તરીકે 'કૌશેય' શબ્દ વપરાયો હોય. ભૌગોલિક કારણોસર આસામની અને ઈશાન ભારતની સંસ્કૃતિ પર ચીનનો સારો એવો પ્રભાવ છે એટલે ત્યાં પણ ચીનથી જ રેશમ પહોંચ્યું હોય એ પણ બની શકે છે. આમ, રામાયણમાં વર્ણિત રેશમ ચીનનું હતું કે આસામનું, એ કહેવું મુશ્કેલ છે, પરંતુ એટલું તો નક્કી છે કે આ ઉલ્લેખ ઈસુની બીજી શતાબ્દી પછી રામાયણમાં પ્રવેશ્યો છે.

શણ

આ ઉપરાંત શણનો પણ ઉલ્લેખ રામાયણમાં છે. હનુમાનને લંકામાં રાવણનો પુત્ર ઈન્દ્રજિત મંત્રપૂત દોરાથી બાંધે છે. પણ બીજા રાક્ષસોને એ સાદો દોરો લાગ્યો એટલે એમણે એ છોડી નાખ્યો અને શણના દોરડાથી એમને બાંધ્યા. આમાં માત્ર હનુમાનને જ નહીં, આપણને પણ ફાયદો થયો. હનુમાને તો લંકા બાળી, પણ આપણે એ જાણી શકીએ છીએ કે લંકા ક્યાં હતી. શણ શ્રીલંકામાં થતું નથી. શણ બંગાળમાં (આજના બાંગ્લાદેશમાં) અને મધ્ય પ્રદેશના છોટા નાગપુર વિસ્તારમાં થાય છે. જે સ્થાને શણ થતું હોય ત્યાં જ એનો વપરાશ વધારે હોય. આમ શણનો ઉલ્લેખ દેખાડે છે કે લંકા મધ્ય પ્રદેશમાં જ હતી.

આભૂષણો અને રામની વીંટી

આભૂષણોમાં કુંડળ, હાર, અંગદ અને કેયૂર (હાથ અને બાવડા માટે), કંદોરો, શ્રેણીસુજ (કમરપટ્ટો), મુકુટ અને કપાળનો ચૂડામણિ મુખ્ય છે. આ ઉપરાંત અંગુલીયક કે વીંટીનો પણ ઉલ્લેખ છે. એકલા રામ જ વીંટી પહેરે છે અને એ પણ સાદી નહોતી, એના પર એમનું નામ કોતરેલું હતું. હનુમાન પોતે ખરેખર રામના દૂત છે તે સાબિત કરવા માટે આ જ વીંટી સીતાને આપે છે.

ડૉ. સાંકળિયા કહે છે કે 'ભારતમાં જુદે જુદે સ્થળે થયેલાં ખોદકામો, અને એ પહેલાંનાં મોહન-જો-દડો, હડપ્પા અને બીજાં ઐતિહાસિક કાળનાં ખોદકામોમાંથી મળેલી વસ્તુઓ તપાસતાં મને એટલું જોવા મળ્યું કે નામાંકિત વીંટી ભારતમાં પહેલી જ વાર ઇ.સ.ની શરૂઆતમાં જ મળે છે. એની પહેલાં તાંબાની – કોઈક વાર સોનાની સાદી ગોળ - અને એ પણ બહુ જાડી અને પહોળી નહીં – વીંટી ઉપલબ્ધ થઈ છે'.

બીજું, આ નામાંકિત વીંટી પર નામ અંકિત કરેલું હોય તો એ બ્રાહ્મીમાં જ હોઈ શકે અને એ રીતે પણ એ બહુ જૂની ન હોય. જૂનામાં જૂના બ્રાહ્મી લેખો આજથી ૨૨૫૦ વર્ષ કરતાં વધારે જૂના નથી. આમ લિપિના ઇતિહાસની દૃષ્ટિએ પણ રામની વીંટીનો કાળ ૨૨૦૦-૨૩૦૦ વર્ષ કરતાં વધારે જૂનો ન હોવો જોઈએ. ખરેખર તો આ જ કાળમાં ઇન્ડો-ગ્રીક એટલે કે યુનાની રાજાઓએ નામ અને આકૃતિવાળા સિક્કા ભારતમાં દાખલ કર્યા.

આ વીંટીને 'દિવ્ય' વિશેષણ લગાડવામાં આવ્યું છે તે પણ નોંધવાલાયક છે. અભ્યાસ કરતાં જોવા મળ્યું છે કે જૂજ પરદેશી વસ્તુઓ માટે જ 'દિવ્ય' વિશેષણ વપરાયું છે. ડૉ. સાંકળિયા ગુરુગેનો મત ટાંકીને કહે છે કે જો નામાંકિત વીંટીનો ઉલ્લેખ રામાયણની વાયવ્ય પ્રતમાં જ હોય તો સ્વાભાવિક છે, કારણ કે આ જ પ્રદેશ ગ્રીકોની રાજકીય અને સાંસ્કૃતિક અસર નીચે આવ્યો હતો. હનુમાન સીતાને રામ 'નામાંકિત' વીંટી આપે છે એમાંથી કથાના આ ભાગની રચના ગ્રીક પ્રભાવ ફેલાયો તે પછી જ થઈ હોવી જોઈએ.

લંકા ઓડિશામાં ?

ડૉ. હસમુખ સાંકળિયાના પુસ્તક પરની વિચારણા આ સાથે સમાપ્ત થાય છે. પરંતુ ડૉ. સાંકળિયાની નિષ્ઠાભરી ખોજ આ પુસ્તક ૧૯૭૩માં

ચાલીસ વર્ષ જૂની, છતાં દુનિયાની સૌથી મોટી લાઈબ્રેરીઓમાંની એક લાઈબ્રેરી

• દીપક મહેતા

દુનિયાની સૌથી મોટી લાઈબ્રેરીઓમાંની એક એવી બ્રિટિશ લાઈબ્રેરીની સ્થાપના ક્યારે થઈ? આ સવાલના જવાબમાં કોઈ કહે કે ૧૯૭૩ના જુલાઈ મહિનાની પહેલી તારીખે થઈ, તો માની શકાય? પણ એ હકીકત છે. બ્રિટનને પોતાની નેશનલ લાઈબ્રેરી હોવી જોઈએ એવી ભલામણ ૧૯૬૯માં એક કમિટીએ કરી. પછી ૧૯૭૧માં ત્યાંની સરકારે આ અંગે એક શ્વેતપત્ર બહાર પાડ્યો. ૧૯૭૨માં પાર્લામેન્ટે 'બ્રિટિશ લાઈબ્રેરી એક્ટ' પાસ કર્યો અને તેને પરિણામે ૧૯૭૩ના જુલાઈની પહેલી તારીખથી બ્રિટિશ લાઈબ્રેરી અસ્તિત્વમાં આવી. જો કે તેનું ઔપચારિક ઉદ્‌ઘાટન તો બ્રિટનનાં મહારાણીએ છેક ૧૯૯૮માં કર્યું હતું! એટલે કે આવતે વર્ષે હજી તો આ લાઈબ્રેરીને ચાલીસ વર્ષ પૂરાં થશે, પણ માત્ર ચાલીસ વર્ષમાં એની ગણના દુનિયાની મોટામાં મોટી લાઈબ્રેરીઓમાં થાય એવું કઈ રીતે બની શકે?

એવું બની શક્યું કારણ ભલે અગાઉ બ્રિટન પાસે નેશનલ લાઈબ્રેરી નહોતી, પણ બીજી માતબર લાઈબ્રેરીઓ તો હતી જ અને તેમાંની કેટલીકને આ બ્રિટિશ લાઈબ્રેરીમાં ભેળવી દેવામાં આવી હતી. તેમાંની સૌથી મોટી અને મહત્ત્વની તે 'ધ લાઈબ્રેરી ડિપાર્ટમેન્ટસ ઓફ ધ બ્રિટિશ મ્યુઝિયમ.' તેમાં વળી નેશનલ રેફરન્સ લાઈબ્રેરી ઓફ સાયન્સ એન્ડ ઈન્વેન્શનનો પણ સમાવેશ થતો હતો. નેશનલ સેન્ટ્રલ લાઈબ્રેરી અને નેશનલ લેન્ડિંગ લાઈબ્રેરી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીને પણ નવી લાઈબ્રેરીમાં સમાવી લેવામાં આવી. ૧૯૭૪માં બ્રિટિશ નેશનલ બિબલિયોગ્રાફી અને ઓફિસ ફોર સાયન્ટિફિક એન્ડ ટેક્નિકલ ઈન્ફર્મેશન પણ નેશનલ લાઈબ્રેરી સાથે જોડાઈ ગઈ. ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિના અભ્યાસીઓ માટે જેનું મહત્ત્વ સોનાની ખાણ કરતાં ય વધુ છે તેવી ધ ઈન્ડિયા ઓફિસ લાઈબ્રેરી એન્ડ રેકર્ડ્ઝ ૧૯૮૨માં તેમાં ભળી ગઈ અને ૧૯૮૩માં ધ બ્રિટિશ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રેકોર્ડેડ સાઉન્ડ પણ ભળી ગઈ. જે લાઈબ્રેરીઓ ભળી ગઈ તેમાં સૌથી જૂની અને સૌથી સમૃદ્ધ હતી બ્રિટિશ મ્યુઝિયમની લાઈબ્રેરી. તેની સ્થાપના છેક ૧૭૫૩માં થઈ હતી. તેનું અલગ અસ્તિત્વ હતું ત્યારે પણ તેની ગણના દુનિયાની મોટી લાઈબ્રેરીઓમાં થતી હતી. લેનિન, કાર્લ માર્ક્સ, ચાર્લ્સ ડિકન્સ, જ્યોર્જ બર્નાર્ડ શો, વર્જિનિયા વુલ્ફ જેવી ખ્યાતનામ હસ્તીઓ પાસે તેનો રીડર્સ પાસ હતો અને તેઓ અહીં નિયમિત રીતે વાંચવા આવતાં. તો બીજી બાજુ ઈ.સ. ૧૬૦૦માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના થઈ ત્યારથી માંડીને ૧૯૪૭ સુધીના હિન્દુસ્તાન અને તેની આસપાસના બીજા દેશો અંગેના લાખો દસ્તાવેજો, પુસ્તકો વગેરે ઈન્ડિયા ઓફિસ લાઈબ્રેરીમાં હતાં તે હવે બ્રિટિશ લાઈબ્રેરીનો ભાગ બન્યાં છે. આજે બ્રિટિશ લાઈબ્રેરી પાસે કુલ ૧૫૦ મિલિયન આઈટમ્સ છે જેમાં દર વર્ષે ૩૦ લાખ નવી આઈટમ્સનો ઉમેરો થતો રહે છે. તેના સંગ્રહમાં ૮૦ લાખ જેટલી ટપાલ ટિકિટનો સમાવેશ થાય છે. તેમાં પુસ્તકો રાખવા માટેની જે છાજલીઓ છે તેની કુલ લંબાઈ ૬૨૫ કિલોમીટર જેટલી થાય છે અને તેમાં બાર કિલોમીટર જેટલી નવી છાજલીઓ દર વર્ષે ઉમેરાતી રહે છે. એક માણસ રોજની પાંચ આઈટમ્સ જુએ તો આ લાઈબ્રેરીમાંની બધી આઈટમ્સ જોતાં તેને ૮૦ હજાર વર્ષ લાગે!

(સૌજન્ય : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર" 25.10.2012)

e.mail : deepakbmehta@hotmail.com

(અનુસંધાન પાન 10 પરેથી)

પ્રકાશિત થયું તે પછી પણ ચાલુ રહી. ૧૯૮૦-૮૧ના અરસામાં એમનો એક લેખ એ વખતે પ્રકાશિત થતાં હિન્દી સામયિકો "ધર્મયુગ" અથવા "સાપ્તાહિક હિન્દુસ્તાન"માં પ્રસિદ્ધ થયો. મને સામયિકનું નામ બરાબર યાદ નથી. આ લેખ માત્ર મારી સ્મૃતિમાં છે. પરંતુ મારી સ્મૃતિ મને દગો ન આપતી હોય તો હું કહી શકું છું કે એમણે પોતાનું શોધકાર્ય આગળ વધાર્યું અને લંકા ઓડિશા (ઓરિસ્સા)માં હોવાનો વિકલ્પ પણ રજૂ કર્યો, કોઈ સંશોધક વૃત્તિના વાચક આ બે હિન્દી સામયિકો અથવા બીજા કોઈ સૂત્રમાંથી ડૉ. સાંકળિયાનો આ લેખ શોધી આપશે, તો એ મોટું કાર્ય ગણાશે. સાચું કહું તો, એ લેખ ડૉ. સાંકળિયાનો જ હતો એ પણ મારી સ્મૃતિના આધારે જ કહું છું. પરંતુ લેખક કોઈ પણ હોય, ખોજ માટે એ બહુ રસપ્રદ છે. ડૉ. સાંકળિયા સાચા અર્થમાં વૈજ્ઞાનિક માનસ ધરાવતા હતા એની એ સાબિતી બની રહેશે.

ઉપસંહાર

આ કથા રામની નહીં, રામાયણની રચનાની છે. ડો. સાંકળિયાએ પુરાતત્વ દ્વારા મળેલી માહિતીઓ સાથે રામાયણના અનેક પ્રસંગોના નિરૂપણને સરખાવીને નિર્વિવાદ પુરવાર કર્યું છે કે રામકથામાં મનમાન્યા ફેરફારો થયા છે. ફેરફાર કરનારા કવિઓને પોતાના વિસ્તારથી આગળ વિશેષ જાણકારી હોય એવું નથી લાગતું. કેટલીયે ભૂલો સ્પષ્ટ દેખાઈ આવે છે. કેટલાંયે પરસ્પર વિરોધી વિધાનો પણ એક સાથે જ જોવા મળે છે. આમ રામકથાનો વિસ્તાર થતો રહ્યો છે. આવા ફેરફારો છેક ઈસુના સાતમા સૈકા સુધી થતા રહ્યા છે. રામે રાવણને હરાવ્યો એ કથા આદ્ય રામાયણની રચના પહેલાં પણ એક વીરગાથા તરીકે પ્રચલિત હશે, અને એમાં સમય જતાં દૈવી અંશ પણ ઉમેરાયા હશે, જે આગળ જતાં ઈશ્વરના અવતારમાં પરિણમ્યા.

મેં પહેલા જ અંશમાં કહ્યું છે તેમ આજે રામ આપણી ભાષામાં પણ રૂઢિપ્રયોગ બનીને વસી ગયા છે. રામનો આ પ્રભાવ એમના વ્યક્તિત્વને કારણે છે કે એમના પ્રત્યે પાછળથી વિકસેલી ભક્તિને કારણે, એ પણ વિચારવાનો મુદ્દો છે. પરંતુ રામ પ્રત્યે ભક્તિ હોવી અને એમના વિશેની કથાનાં મૂળ તત્ત્વો તારવવાં એ એકબીજાથી વિરુદ્ધ ચાલતી બાબતો નથી. રામના વ્યક્તિત્વથી પ્રભાવિત હોય એમની તો એ ખાસ ફરજ છે કે એમના વિશેનું સત્ય શોધવું. રામ મહેલમાં ન રહેતા હોય, એ જમાનામાં વિમાનો ઊડતાં ન હોય, સીતાએ રેશમનાં વસ્ત્રો કદી ન પહેર્યાં હોય, રાવણને દસ માથાં ન હોય, હનુમાન ઊડીને નહીં, તરીને જ સમુદ્ર પાર કરી ગયા હોય – કંઈ પણ હોય, રામના વ્યક્તિત્વના નૈતિક પાસાને શબ્દોની માયાજાળમાંથી મુક્ત કર્યા વિના ન ચાલે. આથી એ સમજવાનું જરૂરી છે કે રામ માંસાહાર કરતા, એ જમાનામાં ગોમાંસ પણ ખવાતું એ બધું નૈતિક દૃષ્ટિએ ગૌણ છે. સમાજ બદલાતો રહે છે એટલે માંસાહાર કરનારા શાકાહારી બની જતા હોય કે એનાથી ઉલટું પણ બનતું હોય છે. આવાં પરિવર્તનોની નજરે રામના વ્યક્તિત્વનું મૂલ્યાંકન ન થવું જોઈએ. એટલે એક વિશુદ્ધ આદિ રામાયણની ખોજ ચાલુ રાખવાનું બહુ જરૂરી લાગે છે. ડૉ. સાંકળિયાએ એ દેખાડ્યું છે કે આવાં તત્ત્વો આજે ઉપલબ્ધ રામાયણમાંથી પણ ડોકિયાં કરતાં રહે છે.

એક પુસ્તકનો સાર આપતાં મૂળ લેખકને કે કૃતિને ન્યાય કરતાં અન્યાય થવાની શક્યતા વધારે રહે છે. આવી અનિશ્ચયની સ્થિતિમાં આ શ્રેણી સમાપ્ત કરતાં હું પોતે એક જાતનું ખાલીપણું અનુભવું છું. પરંતુ, હજી કામ બાકી છે.

પુરાતત્ત્વ અને રામાયણ – હસમુખ સાંકળિયા – **કિંમત રૂ. 14 (ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, અમદાવાદ, 380 014)**

e.mail : dipak.dholakia@gmail.com

સત્ત્વશીલ સર્જન

• અદમ ટંકારવી



અદમ ટંકારવી

બળવંત જાની સંપાદિત 'વિપુલ કલ્યાણીના ડાયસ્પોરા નિબંધો'માંથી પસાર થતાં તાજી હવાની લેહરખીની અનુભૂતિ થાય છે. વિવેચકોના મતે, સુરેશ જોષી પછીનું આપણું નિબંધસર્જન સંકીર્ણ, બીબાંઢાળ, ચીલાચાલુ, બંધિયાર રહ્યું છે. વિચારપ્રધાન નિબંધોમાં છીછરું, ઉપરચોટિયું ચિંતન આછકલી - ચબરાકિયા શૈલીમાં નિરૂપિત થાય છે. એ વાંચી પ્રતિભાવરૂપે ભાવકને બહુબહુ તો ગલગલિયાં થાય. એમાંથી કોઈ અર્થબોધ કે મૂલ્યબોધ થતો નથી. પ્રવાસનિબંધો સ્થળવર્ણન અને જાણીતી વ્યક્તિઓના બડાઈખોર નામોલ્લેખ [name - dropping] સુધી સીમિત રહે છે. ચરિત્રમૂલક નિબંધોમાં બહુધા વ્યક્તિના જીવનની સ્થૂળ વિગતો અને સિધ્ધિઓની યાદી મળે છે. મુખ્યપ્રવાહના સમકાલીન નિબંધસાહિત્ય વિશે એ મહદ્અંશે સત્ત્વહીન [stale], રૂઢ [trite] અને ઊતરી ગયેલું, જીર્ણ [hackneyed] છે, એવું અણગમતું તારણ નીકળે છે. અને તેથી જ આવા સ્થગિત વાતાવરણમાં સમચલન અને નવોન્મેષ પ્રકટાવતા વિપુલ કલ્યાણીના નિબંધો નોંધપાત્ર અને સીમાચિહ્નરૂપ બને છે. આ નિબંધો આપણા નિબંધસર્જનમાં અપૂર્વ મુદ્રા ઉપસાવે છે, નોખી ભાત પાડે છે અને એને નવું પરિમાણ બક્ષે છે.

બળવંત જાની ઉચિત રીતે જ આ નિબંધોને સત્ત્વશીલ સર્જન તરીકે ઓળખાવે છે. અહીં લેખક નિબંધના વિષયવસ્તુનો મર્મ ખોલે છે, તેનું પોતીકી રીતે અર્થઘટન કરે છે, તે સંદર્ભે સચ્ચાઈપૂર્વક પોતાનું દૃષ્ટિબિંદુ પ્રગટ કરે છે, અને વિપુલછાપ નિજી, અપ્રતિમ [inimitable] શૈલીમાં એનું નિરૂપણ કરે છે.

લેખકની સૂઝસમજણ [perception], અર્થઘટન અને દૃષ્ટિબિંદુમાં નિબંધોનું ડાયસ્પોરિક સ્વરૂપ પણ પ્રતિબિંબિત થાય છે. વિપુલભાઈ ટાન્ઝાનિયામાં જન્મ્યા, ત્યાં સિનિયર કેમ્બ્રિજનું ભણ્યા અને પછી વિલાયતમાં વસ્યા. આ પરિબળોની અસર એમના વિશ્વદર્શન પર હોય જ. આ નિબંધોમાં વ્યક્ત થતાં તેમનાં મંતવ્યો અને પતીજપ્રતીતિ ગાંધીવિચાર અને બ્રિટિશ મૂલ્યોથી પરિષ્કૃત છે. આ મૂલ્યો તે 'છેવાડાના મનેખને' સહભાગી બનાવતી લોકશાહી, ઉદારમતવાદી દૃષ્ટિબિંદુ, સમાનતા, સર્વસમાવિષ્ટ અભિગમ, વહેરાવંચા વગરનો નિષ્પક્ષ વાજબી [fair] વ્યવહાર, પારદર્શકતા [transparency] અને ન્યાયનિષ્ઠા. વિપુલભાઈના નિબંધોમાં આ મૂલ્યો ઉજાગર થાય છે. આ મૂલ્યો એમણે આત્મસાત્ કર્યા છે. એના પ્રભાવે એમની દૃષ્ટિ સત્ત્વગુણી, નિર્મળ બની છે, અને દર્શન સત્ત્વસ્થ - સ્વસ્થ. તેથી જ અહીં આપણને ગુજરાતીતા અને બ્રિટિશ ગુજરાતી ડાયસ્પોરાની વિશાળ, સર્વગ્રાહી [comprehensive] વિભાવના મળે છે. દ્વેષભાવ કે સ્વાર્થબુદ્ધિથી આને સંકુચિત કરી દેનારને લેખક કહે છે કે, 'ગુજરાતની હવેલી એ કોઈ બાપીકી મિલકત નથી.'

આફ્રિકા - વિલાયતનિવાસ તથા દૂર દેશાવરના પ્રવાસોથી સંમાર્જિત પરિપ્રેક્ષણને લેખે લગાડી લેખક ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત ઇતિહાસ પરિષદ જેવી સંસ્થાઓના કાર્યક્ષેત્રોને વિસ્તારવાની હિમાયત કરે છે, અને 'પોતીકા ખાબોચિયા'માં જ છબછબિયાં કરવા જેવી કાર્યશૈલી બદલવા અનુરોધ કરે છે.

વિચારપ્રધાન નિબંધલેખક પાસેથી ભાવક તરીકે આપણી આટલી અપેક્ષા રહે છે : લેખક ચિંતનીય મુદ્દાની સ્પષ્ટ રજૂઆત કરે, તેનો મર્મ ખોલી આપે, તેનું સ્વસ્થ પ્રતીતિકર અર્થઘટન કરે, તે સન્દર્ભે પોતાનું સમતોલ, પૂર્વગ્રહમુક્ત મંતવ્ય કે દૃષ્ટિબિંદુ પ્રકટ કરે અને આ ચિંતનક્રિયામાં આપણને સહભાગી બનાવે. વિપુલભાઈના નિબંધોમાં આ અપેક્ષા સંતોષાય છે, અને તેથી જ એનું વાચન સંતર્પક બને છે.

વિપુલ કલ્યાણીના નિબંધોમાં સર્જકની ડાયસ્પોરિક ચેતનાનો સંસ્પર્શ અનુભવાય છે. આની નોંધ લેતાં સંપાદક બળવંત જાની કહે છે : લેખક જે સત્ય ઉદ્ઘાટિત કરે છે તે ડાયસ્પોરા વ્યક્તિની ભીતરની સ્વસ્થ, તટસ્થ દૃષ્ટિ સંપન્નતા દર્શાવે છે. આ નિબંધોમાં લેખકનાં દૃષ્ટિબિંદુ તપાસતાં આપણને પ્રતીતિ થાય છે કે, સ્વસ્થતા અને તાટસ્થ્યના માપદંડ ઉપર તે ખરાં ઊતરે છે. જે મુદ્દો પ્રસ્તુત થાય તેમાં લેખકની પોતીકી પતીજ છે, અર્થઘટનમાં જાતવફાઈ અને સત્યનિષ્ઠા, મૂલ્યાંકનમાં પક્ષપાતરહિત સમદર્શિતા. વૈચારિક મુદ્દાને લોકપ્રિય ખૂણેથી [angle] રજૂ કરી જનસાધારણની વાહવાહની [playing to the gallery] અહીં ખેવના નથી કે તથ્યને મારીમચડી કોઈ બડેખાંને રીઝવવાનાં ઝાવાં નથી.

એક જ વિષયના બે ચિંતનાત્મક લેખોની તુલના આપણા વિવેચન માટે રસપ્રદ છે. વિચારપ્રધાન નિબંધના મૂલ્યાંકન માટેના માપદંડોને આધારે આ લખાણો તપાસવાનો આ ઉપક્રમ છે. ગુણવંત શાહના લેખના પ્રતિભાવરૂપે વિપુલ કલ્યાણીનો લેખ 'ખોવાયેલી દિશાની શોધખોળ' આ સંગ્રહમાં સમાવિષ્ટ છે. વિષય છે બિનસાંપ્રદાયિક્તા સંદર્ભે સાચ અને જૂઠ. બન્ને લખાણો અડખેપડખે રાખતાં ભાવક તરીકે પ્રથમ પ્રશ્ન એ થાય કે, લેખક નિષ્ઠાપૂર્વક આ મુદ્દાનો મર્મ પ્રસ્તુત કરે છે કે આળપંપાળ ? મૂળ મુદ્દાને કેન્દ્રમાં રાખી ચર્ચા કરે છે કે ચાલાકીપૂર્વક તેને ચાતરી ચર્ચા આડે પાટે ચઢાવે છે ? તે પછી, લેખક મુદ્દાનું જે અર્થઘટન કરે છે તે તર્કશુદ્ધ છે કે તરકટી ? મુદ્દા તરીકે લેખકનું દૃષ્ટિબિંદુ સચ્ચાઈપૂર્વકનું, સમતોલ, મૂલ્યનિષ્ઠ છે કે ખંધું, પક્ષપાતી, પૂર્વગ્રહયુક્ત, અધ્ધરિયું ? છેલ્લે લખાણનું પ્રયોજન. ભાવક તરીકે આપણે એ પૂછવાનું છે કે, આ લખાણ મારામાં ચેતોવિસ્તાર, દૃષ્ટિની નિર્મળતા અને સાત્ત્વિકી પ્રેરે છે કે મારી કૂપમંડૂકતાને કાયમ રાખી, વિચારપ્રક્રિયાને પ્રદૂષિત કરી મારામાં દ્વેષભાવ ઠાંસે છે. નિબંધ કે કોઈપણ સાહિત્યિક રચનાનું મૂલ્યાંકન આખરે તો ભાવકના પ્રતિભાવ [response] પર અવલંબિત છે. Essay is what essay does. નિબંધ ભાવકની ચેતનાને કઈ રીતે સંકોરે છે ? એ એને ઊર્ધ્વગામી કરે છે કે અધોગામી ? ઊર્જિત કરે છે કે મૂર્છિત ? પરિષ્કૃત કરે છે કે પરિક્ષીણ ?

લેખકની ચેતનાનો સંસ્પર્શ પામેલ નિબંધમાં એનું શીલ પણ પ્રતિબિંબિત થાય છે. આ નિબંધોમાં વિપુલ કલ્યાણીની જાતવફાઈ, સત્યનિષ્ઠા અને માનવીય સંવેદનશીલતાનાં પ્રમાણ સુપેરે મળે છે.

શીલ તેવી શૈલી છે. આ નિબંધો આત્મપ્રતીતિની નીપજ છે તેથી એમાં લેખકનો પોતીકો રણકતો અવાજ છે. લેખક સોંસરી અભિવ્યક્તિ અને તળપદા શબ્દોના વિનિયોગથી ભાવક સાથે આત્મીય સંવાદની ભૂમિકા રચે છે. નિરૂપણ દાધારંગું, દોદળું નહીં, 'સોજ્જું અને નક્કર' છે.

ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યમાં મહત્ત્વના નિબંધલેખક તરીકે તો આ સંગ્રહ વિપુલ કલ્યાણીને સ્થાપિત કરે જ છે. લેખક બ્રિટિશ ગુજરાતી હોવાને નાતે દીપક બારડોલીકર કહે છે તેમ, 'તે કંઈક નોખી ઢબે, નોખી વાત કરે છે.' બળવંત જાનીનું આ વિધાન – 'આવા નિબંધો ગુજરાતની તળભૂમિમાં

'જોસેફ્ એન્ટૉન' : સલમાન રશદીનાં સ્મરણો

• ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

વિલિયમ શેક્સપિયરનું વિધાન છે કે નામમાં શું છે ? : ગુલાબને ગમે તે નામ આપો, પણ ગુલાબ ગુલાબનું ફૂલ બનીને રહેવાનું. ઘણા જ વખણાયેલા અને ચર્ચામાં રહી ચૂકેલા ભારતીય વંશજ લેખક સલમાન રશદી કહે છે કે એક સામાજિક મનુષ્ય માટે પોતાના નામનું ઘણું જ મહત્ત્વ છે : તે નામમાં, એના કુટુંબ - કૂળનાં આશાઓ - અરમાનો સમાયેલાં હોય છે; એ નામમાં પોતાના ધર્મ - જાતિની પરંપરા, ઓળખ અને ઇતિહાસ રહેલાં હોય છે. આવી ઊંડી કશ્મકશથી સંસ્મરણોના આ પુસ્તકની શરૂઆત થાય છે.



સલમાન રશદીના મનમાં આ કશ્મકશ જાગી, ત્યારે એના માથા પર ઈરાનના આયાતોલા ખોમૈનીએ એને ખત્મ કરવાનો ફતવો બહાર પાડ્યો હતો. તે દિવસોમાં, એટલે કે 1989 દરમિયાન, રશદીની નવલકથા 'શૈતાનિક વર્સીસ' પ્રગટ થયેલી. એ પુસ્તકની વસ્તુકથામાં ઈસ્લામ ધર્મનો જન્મ અને જન્મદાતા પયગમ્બર હઝરત મોહમ્મદની વાતો આવે છે. કાલ્પનિક રૂપરંગો અને ચમત્કારી ઘટનામાં, ઈસ્લામિક દુનિયાને અને ખાસ કરીને બ્રિટનના મુસ્લિમ સમાજમાં, વાંધાજનક વાતો લાગવા માંડી અને ખળભળાટ ફેલાઈ ગયો. રશદીને કતલ કરવાના પેતરા રચાવા માંડ્યા અને ઈરાનના ધાર્મિક ગુરુએ એ લેખકને કતલ કરવામાં કોઈ પાપ નથી, એવો આદેશ મુસ્લિમ સમાજમાં વહેતો મુક્યો.

આવા સમયે, 1990માં, બ્રિટનની સરકારે રશદીને સલામત રાખવા, સંરક્ષણનો બંદોબસ્ત પોલિસ અધિકારીઓને સોંપ્યો. પોલિસ સંરક્ષકોએ સલમાન રશદીને સલાહ આપી કે તેઓ પોતાનું નામ બદલે અને નવા નામથી ઓળખાય. બેન્ક વગેરે સંસ્થાઓમાં આ નવાં નામથી રજૂ થાય. આવાં સલાહસૂચનો મળતાં સલમાન રશદીના મનમાં એક ઊંડો ઊહાપોહ જાગ્યો અને પોતાના નામ અને અટક સાથે જોડાયેલી અનેક વાતો યાદ આવી.

સલમાન રશદી બીજા ભાગમાં પોતાના કુટુંબ-કબીલાની વાતો રજૂ કરે છે. એ કુટુંબ કબીલાની ખાસી મોટી બિરાદરી હતી; જૂની દિલ્હીના સમાજમાં મોટી વગ હતી. મુસ્લિમ સંસ્કૃતિ, પરંપરા અને ઈતિહાસમાં રસ ધરાવતું કુટુંબ હતું; સૂફીવાદમાં રાચતું કુટુંબ હતું. શિક્ષણ-ઈલ્મમાં આસ્થા રહેતી. રશદી લખે છે, 'We grew up kissing books.' દાદાનું નામ હતું મોહમ્મદ દીન ખાલિકી. તેઓએ જૂની દિલ્હીમાં એક મોટી હવેલી લીધેલી, જેમાં, એક વાર, ફારસી - ઉર્દૂના મશહૂર કવિ ગાલિબ રહેતા. રશદીના પિતાનું નામ હતું ખ્વાજા મોહમ્મદ દીન ખાલિકી અને કુટુંબની અટક હતી દહેલવી. દાદા કુટુંબ માટે મોટી જાગીરદારી અને પૈસા અને મોટા નામનો વારસો મૂકતા ગયા હતા. પરંતુ સલમાનના પિતાથી વારસો સંચવાયો નહીં. પિતાને મુસ્લિમ સંસ્કૃતિને સારુ અપાર પ્રેમ હતો, ગૌરવ હતું, પરંતુ તે ધાર્મિક રંગે રંગાયેલા ન હતા. રસિક વિદ્યાવ્યાસંગી આ માણસથી આ પૈસો, આ જાગીર વેડફાઈ ગયા. સાથે સાથે પોતાનું નામ અને અટક પણ બદલી નાંખ્યાં. વારસામાં મળેલું નામ એના પિતાને ન ગમ્યું. એટલે ટૂંકાવીને અનીસ રાખ્યું અને અટક દહેલવીને બદલે બારમી સદીના વિખ્યાત આરબ ફિલસૂફ ઈબ્ન રશ્દમાંથી રશ્દ લઈને રશદી કરી નાંખી. આ બધી ઘટનાને સલમાન રશદી આ રીતે પોતાના શબ્દોમાં, શૈલીમાં આલેખે છે :

'Muhammed Din Khaliqi died young, leaving his son the fortune which he would squander and a name that was too heavy to carry around in the modern world. Anis renamed himself RUSHDI because of his admiration for Ibn Rushd [Averros to the west], the 12th century Spanish - Arab philosopher of Cordoba.'

સલમાન રશદી કહે છે કે આવો મોટો, ભવ્ય વારસો મારા પિતા - દાદાએ મને આપ્યો હતો. આવા વારસામાંથી મળેલું નામ બદલાવા કરવામાં આવેલો આગ્રહ ધક્કો લગાડતા રહ્યા. સંરક્ષકોનો આગ્રહ - સલાહસૂચન ચાલુ રહ્યાં અને દબાણ બધી તરફથી કરવામાં આવતું રહ્યું. એશિયાઈ પરંપરામાંથી નામોની યાદી બનાવી. પોતાનાં પુસ્તકોમાં આવતા નાયકોના નામોની યાદી બનાવી. પરંતુ આ બધાં નામો અસ્વીકારાયાં. ત્યારે રશદી પોતાના બે પ્રિય લેખકો, પોલીશ વંશીય જૉસેફ કોનરાડ અને રશિયન વંશીય વાર્તાકાર એન્ટૉન ચેખોવથી થતું નામ 'જૉસેફ એન્ટૉન' રજૂ કર્યું. એ નામ તો રાખ્યું, પણ રશદીના દિલમાં તે ડંખ ભરતું રહ્યું. ખાસ કરીને જ્યારે એમના રક્ષકો એમને ટૂંકા નામ, જો [Joe] કહીને સંબોધતા અને ઘણી વાર સ્વગત બોલતા રહ્યા : 'Joseph Anton, you must live until you die.'

સલમાન રશદી એમની સ્મરણકથા જૉસેફ એન્ટૉનના નામથી લખે છે એટલે વાચકોને નવલકથા વાંચતા હોય એવો ભાસ થાય છે. જૉસેફ એન્ટૉનને નાયક બનાવી, રશદી કહે છે કે એક એવો આશય રહ્યો કે તેને લખવામાં તટસ્થતા આવી. અને સાચે જ વાચકને એ તટસ્થતા અને રમૂજવૃત્તિ ઠેરઠેર પુસ્તકમાં જોવાની સાંપડે છે. વખતોવખત ઘર બદલવા, સંતાઈને અને બીકમાં રહેવું, એ કેટલું કપરું છે – એક જાહેર જીવનના, સામાજિક માણસને સારુ - અને એ પણ એક સર્જક માટે એનો ખ્યાલ વાચકને મળતો રહે છે. એમના શબ્દો ખરેખર વાચકનું દિલ હચમચાવી મૂકે છે : 'To hide in this way was to be stripped of all self-respect to skulk and hide was to lead a dishonourable life.'

સલમાન રશદી કહે છે છુપાઈ છુપાઈને રહેવું અને એક સાહિત્યકાર તરીકેની નિજી સર્જકતા ચાલુ રાખવામાં ભારે મોટી કઠણાઈ રહેલી છે. લખે છે:

(અનુસંધાન 12 પાન પરેથી)

ક્રિયાશીલ સારસ્વતો દ્વારા ન જ પ્રગટ્યા હોત' – આ નિબંધોની વિશિષ્ટતા અને અપ્રતિરૂપનો નિર્દેશ કરે છે.

મુખ્ય પ્રવાહના નિબંધસાહિત્યમાં પણ વિપુલ કલ્યાણીનું નિબંધલેખક તરીકેનું પ્રદાન નોંધપાત્ર બની રહે છે. અહીં ગુજરાતી નિબંધની નોખી, આગવી ભાત ઉપસે છે. એ નિબંધસ્વરૂપની સીમાઓને વિસ્તારે છે. વિચારપ્રધાન નિબંધોને નામે આજે ખાસું ડીંડવાણું ચાલે છે. કેટલાક લેખકો જાહેરખબરિયા શૈલીમાં ચિંતનને નામે બજાણિયાવેડા કરે છે. ડાકલાં, ડુગડુગિયાં વગાડી ભોળા ભાવકોને ધુણાવે છે. ત્યારે વિપુલ કલ્યાણીનું મર્મગ્રાહી ચિંતન, પ્રજ્ઞાવાન અર્થઘટન અને મૂલ્યનિષ્ઠ મૂલ્યાંકન આ સ્વરૂપને નવી દિશા ચીંધે છે. સંપાદકીયમાં બળવંત જાનીએ વિપુલભાઈને 'જાગરૂક' ચિંતક તરીકે ઓળખાવ્યા છે. આ જાગરૂકતા એટલે કહેવાતાં ચિંતનાત્મક લખાણો દ્વારા મૂલ્યહ્રાસ ન થાય, જૂઠનો મહિમા ન થાય અને ભાવકના ચિત્તને દૂષિત, કલુષિત ન કરાય તેની તકેદારી. નર્મદે એના જમાનામાં લખાણો દ્વારા જડતા તોડવાનો જે પુરુષાર્થ કરેલો તે જ કુળની આ ચેષ્ટા છે. આ નિબંધો ભાવકની ચૈતસિક જડતા તોડી સોજ્ઝી, નરવી વિચારપ્રક્રિયા પ્રેરે છે.

વિવેચન, આસ્વાદ તો થશે ત્યારે થશે. પણ હાલ તુરત તો આ નિબંધો નિમિત્તે ગુજરાતી તરીકે આપણી માનસિકતાની ફેરતપાસ થાય, માનવમૂલ્યોને રફેદફે કરવાના ઉધામા સામે ઊહાપોહ થાય અને અપહૃત [hijacked] ગુજરાતીતાની પુનર્પ્રાપ્તિની પ્રક્રિયા આરમ્ભાય તો આ પ્રજ્ઞાવંત લખાણોનું પ્રયોજન સિધ્ધ થશે.

•

વિપુલ કલ્યાણીના ડાયસ્પોરા નિબંધો : સંપાદક - ડૉ. બળવંત જાની : પ્રકાશક - પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ - 380 001 : પ્રથમ આવૃત્તિ - 2012 : ISBN : 978-93-82124-37-5 : પૃષ્ટ - 224 : મૂલ્ય - રૂ. 200

[200 Halliwell Road, BOLTON, Lancashire BL1 3QJ, U.K.]

યે કહાં આ ગયે હમ ?

• કામિની સંઘવી

કાલિદાસે આજથી સદીઓ પહેલાં ભારતીય લોકો માટે કહ્યું હતું, ‘ઉત્સવ પ્રિય જનાં:’. પણ આજના સમાજની ઉત્સવ ઘેલછા જોઈને કહેવાનું મન થાય કે આપણે ‘ઉત્સવ પ્રિય જનાં’:ના બદલે કોલાહલ પ્રિય જના: થઈ ગયા છીએ. ઘોંઘાટ જેને પ્રિય છે તેવી પ્રજા. આપણે માનસિક રોગથી પીડાતા સમાજ તરફ ગતિ કરી રહ્યા છીએ. કેવો સમાજ, જે ઘોંઘાટ કરવાની વૃતિને પ્રોત્સાહન આપે, ધર્મને નામે નિયમો તોડવા, તેને પોતાનો અબાધિત અધિકાર સમજે, જાહેરમાં ટ્રાફિક જામ કરી રસ્તાઓ રોકી, હજારો લોકોનો સમય વ્યતિત કરવો, તેને પોતાનો ધાર્મિક ઉત્સવ માને, તે પ્રજાને માનસિક રોગી નહીં તો શું કહીશું?

પહેલાંના સમયમાં બાળક શાંતિથી ઊંઘ્યા કરે તે માટે તેને બાળાગોળી પિવડાવવામાં આવતી. જેમાં વધારે માત્રામાં અફીણ હતું. બાળક ઊંઘ્યા કરે અને માતા પોતાના કામમાં વ્યસ્ત રહે. આપણા આજના તહેવારો પણ સમાજને બાળાગોળી પિવડાવીને કેફમાં રાખવાનું કામ કરે છે. તમને નથી લાગતું કે એક નજર આપણે આપણાં હૃદયમાં કરવાની જરૂર છે? શા માટે આપણને તહેવારો ઘોંઘાટથી ઉજવવાનું ઝનૂન ઉપડયું છે?

તો તમે કહેશો કે ભાઈ, આજના જમાનામાં મોંઘવારીએ માઝા મૂકી છે, નેતાઓ ભ્રષ્ટ થઈ ગયા છે, ભ્રષ્ટાચારે અજગરની જેમ પૂરા સમાજને ભરડામાં લઈ પોતાના સંકજામાં લઈ લીધો છે. સારી નોકરી મળવી મુશ્કેલ થઈ ગઈ છે. સામાન્ય માનવી માટે મનોરંજનનાં સાધન પણ મોંઘાં થઈ ગયાં છે. સામાન્ય વ્યક્તિ માટે રોટલો અને ઓટલો મેળવવાની મથામણમાં જ જીવન પૂરું થઈ જાય, તેવા ઘાટ છે. વળી સમાજમાં કોઈ એવી વ્યક્તિ નથી કે જેને તમે રોલ મોડેલ માની જીવનનો રાહ પસંદ કરી શકો. એટલે આપણાં તહેવારો આપણા માટે બાળાગોળીનું કામ કરે છે. બસ, ઉત્સવના ઘેનમાં મસ્ત થઈને ઝૂમ્યા કરો. ભલેને તમારી મસ્તીથી કોઈ ત્રસ્ત થાય કે કોઈની ઊંઘ હરામ થાય. મારે શું? આ ‘મારે શું’ની વૃત્તિ જોર પકડતી જાય છે. હવે મારે શુંની વૃત્તિ સાથે એક બીજી લાગણી જોર પકડતી જાય છે તે કે ઉસકી સાડી સે મેરી સાડી સફેદ ક્યું? બસ, એટલે તહેવારોમાં ઝાકમઝોળ વધી છે. બાજુની ગલીવાળા પાંચ ફૂટી ઊંચી શ્રીજીની મૂર્તિ લાવ્યા, તો આપણે દસ ફૂટ ઊંચી મૂર્તિ લાવીએ. હેં ! આપણે કાંઈ તેમના કરતાં નીચા છીએ? બસ, આ લાગણી ગણપતિની સ્થાપનાથી લઈને વિસર્જન, પ્રસાદ, આરતી સુધી લંબાઈ છે. અને માત્ર ગણપતિ મહોત્સવ નહીં, પણ આ દેખાદેખી દરેક ઉત્સવમાં જોવા મળે છે. બસ, આપણી સોસાયટી, આપણાં મહોલ્લાનો વટ પડવો જોઈએ. એટલે પહેલાં શ્રીજીના વિસર્જન સમયે ફટાકડા ફૂટતા કે બેન્ડવાજા વાગતા. હવે તો શ્રીજી પધરામણીથી લઈને વિસર્જન સુધી ધૂમ ધડાકા ! સરવાળે વધુ ફાળો ઉઘરાવો. હવે ગણપતિના સ્થાપનની આસપાસ હિન્દી – અંગ્રેજી ગીતો વાગે કે પત્તા રમાય કે દારું પીવાય તેની કોઈને નવાઈ રહી નથી. એક બે સાચા બનેલા પ્રસંગ તમારી સાથે શેર કરું. નવા નવા સુરતમાં રહેવા આવેલાં. ઘરે મહેમાન અને તેમને હું રહું તે વિસ્તાર અડાજણથી દસ બાર કિલોમિટર દૂર રાતે બસમાં બેસાડવા જવાનું. એટલે અમે બે કલાકનો માર્જિન રાખી ઘરેથી નીકળ્યાં. પણ સુરતના ચોક વિસ્તારમાં પહોંચ્યા તો ટ્રાફિક જામ. કારણ છઠી નોમ(જન્માષ્ટમી પછીની નોમ)નું સરઘસ નીકળ્યું હતું. લોકો નાચતાં–ગાતાં હતાં અને અમારો જીવ પડીકે બંધાયો. સમયસર નહીં પહોચીએ તો બસ ઉપડી જાય. એક કલાકમાં અમારી ગાડી માંડ અડધો કિલોમિટર ચાલી હશે. હવે ? ટ્રાવેલવાળાને ફોન કર્યો તો તે નો રિપ્લાય. નિરુપાયે ગાડીમાં બેઠાં બેઠાં કૃષ્ણને યાચના કરી, ભાઈ, તારા જન્મદિવસની ઉજવણી થઈ ગઈ હોય તો હવે અમારો વિશે કંઈ વિચાર. છેવટે રસ્તો ક્લિયર થયો. ટ્રાવેલ ઓફિસે પહોચ્યા તો ખબર પડી કે હમણાં જ તમારી રાહ જોઈને બસ ઉપડી છે. અમે પૂછયું કે તમે ફોન કેમ ન ઉપાડયો, અમે ટ્રાફિકમાં ફસાયા છીએ, તે જાણ કરવા માટે ફોન કરેલો. તો ટ્રાવેલવાળા ભાઈ કહે, ‘અમે તો છઠી નોમનું સરઘસ નીકળ્યું તે જોવા ગયા હતા.’ હે કૃષ્ણ ! અમે રસ્તો અને બસનો નંબર પૂછી ગાડી દોડાવી. આગળ જઈ બસને આંતરી મહેમાનને ચાલુ ગાડીએ ચડાવ્યા ત્યારે હાશ થઈ ! એક બીજો પ્રસંગ. અમારા બિલ્ડિંગમાં પહેલે માળે રહેતા એક પડોશીને ત્યાં દીકરીનો જન્મ થયો હતો, એટલે એક દિવસ હું તેમને મળવા ગઈ. તો નવજાત શિશુ સાથે મા કશે જવાની તૈયારી કરતાં નજરે પડી. મેં તેમને જણાવ્યું કે હું તો તમને મળવા આવી હતી. કશે જતાં હો તો જાવ હું પછી મળવા આવીશ. તે તરતની મા બનેલી સ્ત્રીએ કહ્યું હું તો બાજુના ઘરમાં જ કલાક બેસવા જાઉં છું તમે પણ આવો. મને નવાઈ લાગી. આ સુવાવડી સ્ત્રી બાજુવાળાના ઘરમાં કેમ જતી હશે? હું પણ તેની સાથે ગઈ. અમે બન્ને ઘરમાં ગયાં તેવા જ ઘરમાલિકને નવજાત શિશુની માતાએ બારી બારણાં બંધ કરવા કહ્યું. મને થયું આ બાળકને કશું થયું હશે? હું કશું પૂછું ત્યાં તો નીચે ગણેશ મંડપમાંથી ઢોલ નગારાંના અવાજ આવવા લાગ્યા. પેલી નવ માતાએ કહ્યું, ‘મારું બાળક અધૂરા મહિને જન્મ્યું છે, એટલે ડોકટરે તેની વધારે કાળજી લેવાનું કહ્યું છે. અમુક ડેસિબલ કરતાં વધારે અવાજથી તેને કદાચ કાયમી બહેરાશ આવી શકે. અને અમારા ઘરની નીચે જ સોસાયટીના ગણપતિનું સ્થાપન થયું છે.’ એક સુવાવડી સ્ત્રીએ ખુદનું ઘરનો આરામદાયક ખાટલો છોડી, બાજુવાળાના ઘરમાં આશરો લેવો પડે તેથી તેવી પરિસ્થિતિનું સર્જન તે આપણાં તહેવારોની ઉજવણીની ફલશ્રુતિ? તો હવે આ સમાજ રુગ્ણ છે તેવું કહેવામાં છોછ શું કામ?

કોઈ આ ઘોંઘાટ કલ્ચરનો વિરોધ કરે તો આપણે તેને કાફીર કે નાસ્તિકનું લેબલ લગાડવામાં વાર કરતા નથી. કારણ આપણે નાના બાળકના મનમાં પણ અવાજ કરવો, ઘોંઘાટ કરવો તે જ ધાર્મિકતા છે તેવું નાનપણથી જ ઘૂસાડી દઈએ છીએ. અમારા સુરતમાં હજુ માંડ માંડ ચાલતા શીખેલા બાળકના હાથમાં દાંડી અને ગળામાં ઢોલ તમને ગણેશમહોત્સવમાં જોવા મળે. હવે આ બાળક મોટુ થઈને શહેરના રસ્તા પર ઉત્સવ સમયે ટ્રાફિક જામ કરી ડિસ્કો કરતું નજરે પડે તો નવાઈ શી?

પશ્ચિમના ખુલ્લાં વાતાવરણમાં ઉછરેલાં બાળકો યુવાનવયે કહેવાતી સ્વતંત્રતા અને એકલતાથી પીડાતા હતા જેને કારણે નશો કરવાની નોબત આવી હતી. બસ આપણો સમાજ આજે તેવી જ માનસિકતાથી પીડાઈ રહ્યો છે. દરેક તહેવાર વધારેમાં વધારે ઘોંઘાટ કરી ઉજવો તો જ આપણે ધાર્મિક? શાંતિથી કોઈ તહેવારની ઉજવણી કરીએ તો આપણે અધાર્મિક? સમાજ, આમ આદમીની મુશ્કેલી ભૂલી, બસ ઉત્સવની ઉજવણીરૂપી નશાના કેફમાં મસ્ત રહો. સિત્તરે–એંસીના દાયકામાં પશ્ચિમના દેશોમાં એક હિપ્પી જમાત ફૂલી ફાલી હતી. જે અફીણ કે ગાંજાનો નશો કરી પોતાની દુનિયામાં મસ્ત રહેતી. જેનું નિરૂપણ આપણી ઘણી બધી હિન્દી ફિલ્મમાં થયું છે. તે માનસિકતા રજૂ કરતું એક ગીત આપણી આજની માનિસકતા સાથે બરાબર બંધ બેસે છે .. દમ મારો દમ, મીટ જાયે ગમ, બોલો સુબહ શામ, હરે ક્રિષ્ના હરે રામ ! રામ અને કૃષ્ણ નામે આપણે ઘોંઘાટરૂપી પથ્થરો તરાવવા નીકળ્યા છીએ. યે આગ કબ બૂઝેગી? રામ જાણે !

e.mail : kaminiparikh25@yahoo.in

‘The imagination only works when it’s free. There’s no way of dreaming in chains. .... It’s very important that we be allowed the freedom of our own human nature.’ … પોતાનો આ કિસ્સો ને સંજોગો સાહિત્યની દુનિયામાં પહેલો હશે એવું રશદીનું માનવું છે.

દશ દશ વર્ષોનાં સંસ્મરણોનો વિસ્તાર ઘણો મોટો અને શબ્દાળ છે, પણ એક નવલકથાની માફક એટલો જ રસાળ છે. રશદીની નવલકથાઓમાં એની શૈલી magic realismની છે. ચમત્કારિક - કલ્પનાતીત ઘટનાઓના વર્ણનમાં, વાર્તાનો હેતુ - લક્ષ - અર્થ શોધવા વાચક માટે જાણે કે પડકાર અહીં આવી ઊભો છે. અને એટલે જ એમની નવલકથા શૈતાનિક વર્સીસની ઈસ્લામ ધર્મની અને પયગમ્બર હઝરત મોહમ્મદની વાતો સમજવામાં વાચકો - ખાસ કરીને મુસ્લિમ વાચકો - ગોથું ખાઈ ગયા. પરંતુ આ સ્મરણકથાની શૈલી સીધી, સાદી, સડસડાટ વાંચી જવાય એટલી સરળ અને પારદર્શક છે. વાચકને એથી કદાવ થયા કરે કે એનો અંત જ ન આવે !

વાંચવાલાયક અને વસાવવાલાયક આ પુસ્તક છે.

[‘Kamal Kunj’, 3 Buckingham Mews,SUTTON COLDFIELD, West Midlands B73 5PR, U.K.]

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ...

Bundesarchiv, Bild 105-DOA0390
Foto: Dobbertin, Walther | 1906/1918

ઈસ્વી સન 1906/1918ના અરસામાં લેવાયેલી આ અદ્દભુત છબિ છે. એક દા, પૂર્વ આફ્રિકાના વિસ્તારમાં, જર્મનનું રાજ ચાલતું હતું. કહે છે કે બાગામોયો નામનું બંદરી નગર તે સંસ્થાનનું પાટનગર હતું. તે અરસાની આ છબિ છે.

ટાન્ઝાનિયાના પૂર્વ કાંઠે, દારેસલ્લામથી 75 કિલોમિટરને ફાંસલે ઉત્તરમાં, હિંદી મહાસાગર પર, આ બાગામોયો નામક સ્થળ આવેલું છે. ઝાંઝીબારના ટાપુઓ તેની સામે પડખે આવેલા છે. કહે છે કે 18મી સદી સુધી તો બાગામોયો નાનું અમથું વેપારનું મથક હતું. મચ્છીમારી, ગુંદર અને મીઠાની આયાત અહીંથી થતી. 19મી સદીમાં આરબોની આવનજાવન વધતાં, આ મથકનું મહત્ત્વ વધતું ચાલ્યું. મુલકના પીઠ પ્રદેશ[hinter land]માંથી ગુલામોને પકડી લાવી, અહીં તેમને પૂરી રખાતા અને રાત-વરાત ટાણે, જંગબારની બજારમાં તેમનું વેંચાણ કરવામાં આવતું. કદાચ એટલે જ આ સ્થળને કિસ્વાહિલીમાં 'Bwaga-Moyo' [Lay down your Heart] કહેતા હશે ! આ રીતે અહીંથી જે ગયા તે ગયા; પાછા પોતાનું વતન જોવા પામ્યા જ ન હોય ! ... ખેર !

1880 સુધીમાં તો બાગામોયો બહુ સાંસ્કૃતિક મથક બની ગયું. મૂળ વતનીઓ ઉપરાંત, ઓમાનથી આવેલા શોમ્વી મુસ્લિમ લોકો, હિંદથી કારકૂની કરવા આવેલા, કે પછી નાળિયેરી ઉછેરકામ સારુ ને વહાણવટાના કામને સારુ આવેલા હિંદીઓ, ઇસ્માઇલીઓ ઉપરાંત ઈરાની વેપારીઓ પણ અહીં ત્યારે જોવા મળતા. કહે છે કે 1840ના અરસામાં બાગામોયોમાં ઈસ્માઈલીઓ દેખા દેતા અને તેમની સંખ્યા 1870 સુધીમાં 137 જેટલી થયેલી.

આવા આવા આ ગુજરાતી માડુઓની એક દુકાનની આ છબિ છે. ચાર પોરિયાં અને ત્રણ ભાયડાઓ ! દરેકનો પહેરવેશ અસ્સલ દેશી જોવા મળે છે. ભરતવાળી ટોપીમાં શોભતી બાળ-પેઢી. એક દીકરીના ગળામાં શોભતો 'ઊસાંગા'નો હાર ! વડેરાઓને માથે શોભતી મેમણશાહી પાઘડી. થડે બેઠેલા ભાઈએ, જાણે કે નક્કી ધોતિયું પહેર્યું હોય તેમ જ લાગે ! રોજમેળમાં લીટા તાણતા આ પેઢીની દાસ્તાઁ જેવીતેવી નહીં જ. તે દહાડે ય ત્યાં કુટુંબકબીલો હોવો જોઈએ, તેની શાખ.

વારુ, 1888ના અરસામાં, આ બાગામોયો જર્મન પૂર્વ આફ્રિકાનું પાટનગર બને છે. તે વેળાના જંગબારના સુલતાન સૈયદ ખલિફાએ જર્મનીઓ સાથે થયેલા કરાર મુજબ, બાગામોયોમાં જર્મન પ્રવેશની છૂટ કરી આપેલી. 19મી સદીમાં તો બાગામોયોનો વાવટો ચોમેર ફરકવા માંડેલો. પરંતુ પરિસ્થિતિ અનુસાર 1891માં બાગામોયો પાટનગર મટી ગયું અને તેનું સ્થાન દારેસલ્લામે લીધું.

'યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફીક ઍન્ડ કલચરલ ઑર્ગનાઇઝેશન' હેઠળ બાગામોયોને 'વર્લ્ડ હેરિટેજ' તરીકે જાહેર કરવામાં આવે તેવી 2005થી ગતિવિધિ ચાલી રહી છે.

દરમિયાન, જર્મન પૂર્વ આફ્રિકાનો રકાસ પહેલા વિશ્વ યુદ્ધ પછી થયાનું ઇતિહાસ નોંધે છે અને બ્રિટિશરોની બોલબાલા આ પ્રદેશમાં સ્થપાઈ. આ મુજબ, ટાંગાનિકા 'ટેરીટરી' તરીકે બ્રિટનના તાબામાં આવ્યું.

આ અરસામાં, હિન્દની આઝાદીની લડતના એક જબ્બર સૈનિક, ગુજરાતી ક્રાંતિકાર નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ, કહે છે કે 1913માં, ટાંગાનિકા નાસી આવેલા અને મ્વાન્ઝા ખાતે લાંબો વખત રહેલા. જર્મની પરાસ્ત થતાં, નરસિંહભાઈ યુગાન્ડા ગયા અને જિંજામાં રહેલા. ત્યાં ગાંધીજીના મિત્ર ચાર્લ્સ એન્ડ્રુસ જોડે ભાઈચારો ય કેળવાયેલો. આપણા ઇતહાસકાર જયકુમાર ર. શુક્લે આ અંગે તાજેતરમાં એક લેખ પણ આપેલો છે.

બખ્તાવર

• દીપક બારડોલીકર

(ગતાંકથી ચાલુ)

[21]

સોમવાર હતો. આજે મારે મીરપુર-ખાસ જવાનું હતું.

સિંધમાં અને ખાસ કરીને થર પારકરમાં શિયાળાની સવાર ખાસી ખુશનુમા, ઘણી સુંદર હોય છે. રજાઈ તાણીને મોડે સુધી સૂઈ રહેવાની ઇચ્છા થાય એવી ! અને નૂરજહાં જેવી ઉદાર, મહોબતીલી જીવનસહચરી પડખે હોય તો વળી ઓર મજા આવે !

સામાન્ય રીતે સવારે છ વાગ્યા પહેલાં ઊઠી જવું એ મારો નિયમ હતો. નૂરજહાં પણ ઊઠી જતી. સ્નાન, નમાઝ, કુરઆનની તિલાવત વગેરે પતાવતાં. અને પછી નાસ્તો. સુગરામાનો પણ કંઈક એવો જ નિયમ હતો. પણ આજે હું અને નૂરજહાં સાડા-છ વાગ્યા સુધી સૂતા રહ્યાં. જવાની હતી ને ! જવાનીનું ય એક અજબ ઘેન હોય છે. અને એમાં ય તે બે જવાની અડખેપડખે હોય ત્યારના ઘેનનો તો કોઈ હિસાબ નથી હોતો. – આમ અમે સૂતા રહ્યાં. બેફામ સૂતા રહ્યાં. – એટલે સુગરામાને ચિંતા થઈ. તેમણે બૂમ મારી :

'બખ્તાવર ! હજી સૂતો છે, પુત્ત ! … તારે મીરપુર - ખાસ જવાનું હતું ને !'

'એ આવ્યો, મા !' કહેતો હું સફાળો બેઠો થઈ ગયો. નૂરજહાં પણ ઊઠી ગઈ. – હા, મારે મીરપુર-ખાસ જવાનું હતું. પોલિટિકલ બ્રાન્ચમાં. ડી.એસ.પી. શેખ નિસાર પાસે.

હવે વોલ-ક્લોકમાં આઠના ટકોરા થઈ રહ્યા હતા. નાસ્તો તૈયાર હતો. નૂરજહાંના હાથ ચાલે ત્યાં પરાઠાને શેકાતાં કઈ વાર લાગે ! ઈંડાં, કબાબ, ચા વગેરે બધું જ તૈયાર હતું. નાસ્તો કર્યો. અમે થોડી ગપસપ કરી. અને પછી વાડીના કામકાજ વિશે મેં અસ્લમને થોડી સૂચના આપી. એ અમારો વિશ્વાસુ ચાકર. મારી વાત સાંભળે, સમજે. પ્રમાણિકપણે કામ કરે. એટલે મને નિરાંત રહેતી.

આ અંકથી દીપક બારડોલીકર દીધી આ ભાતીગળ નવલકથા – 'બખ્તાવર' વિરામ લે છે. હિન્દુસ્તાનના ભાગલા વેળાની વાતને વણતાં સાહિત્ય બાબત ગુજરાતીમાં લગભગ દુકાળ શી પરિસ્થિતિ છે. તેમાં 'બખ્તાવર' ટાઢક વાળે છે.

પાકિસ્તાનને ખૂણેથી, ગુજરાતી ડાયસ્પોરાને ટોડલેથી મળતી આ કથાએ ખૂલી હવાનો અહેસાસ કરાવ્યો છે.

કોમવાદને નામ, મઝહબને નામ આજે જ્યારે મૂળગામીઓ ઝેર ઓકતા રહ્યા છે, ત્યારે અહીં લેખકે માનવતાનો પવન વહેતો રાખ્યો છે; અને તેને કારણે, ઠરેલપાણું, સર્વસમાવિષ્ટપાણું, સભરસભર જોવા પામીએ છીએ.

આ બખ્તાવરે આમ આપણા આશાવાદને મજબૂત કરી જાણ્યો છે, ને તેથી તેનો રાજીપો છે.

– વિ. ક.

નૂરજાહાંની બાબતમાં ય નિરાંત. એણે અમારા ઘરને ચળકતું કરી નાખ્યું હતું. દરેક વસ્તુ હિસાબકિતાબથી, તમીઝપૂર્વક ગોઠવી હતી. સફાઈ હતી. સલુકાઈ હતી. વળી સુગરામાનો પણ ખાસ ખ્યાલ રાખતી હતી. પોતે ચારસો એકર જમીનની માલિક હોવા છતાં એનું તેને જરાયે ગુમાન ન હતું. બસ, સેવા, સેવા, સેવા ! જાણે એ ખાસ અમારા માટે આકાશથી ઊતરી આવી હોય એમ લાગતું હતું !

'હું મીરપુર-ખાસ જાઉં છું.' મેં નૂરજહાંને કહ્યું, 'કોઈ ચીજની જરૂરત હોય તો કહે, વળતાં લેતો આવીશ.'

'અહીં કાંદા સારા મળતા નથી. લસણ પણ. … જરા જોઈ તપાસીને લેતા આવજો. અને મળે તો પલ્લો મચ્છી. ફળફળાદિ … !'

દશ વાગ્યાના સુમારે મારી જીપ મીરપુરના સીમાડે હતી. અને પછી સાડા દશ વાગે તો પોલિસ મથકના કમ્પાઉન્ડમાં. … ડી.એસ.પી. નિસાર શેખ વાણીવર્તન પરથી મુહાજિર હોય એમ લાગતું હતું. તેમની ઉર્દૂ ભાષામાં ઉત્તર પ્રદેશનો લહેકો હતો. બોલતા પણ તમીઝપૂર્વક. તેમની ઓફિસમાં થોડી ઔપચારિક વાતચીત થઈ. એ દરમિયાન મેં પૂછી લીધું, 'આપ મૂળ ક્યાંના ? … સિંધી લાગતા નથી.'

'મુહાજિર છું. મૂળ ગ્વાલિયરનો. વિભાજન વખતે ઓપ્ટ કરીને અહીં આવ્યો હતો. – અને તમે ? – તમે ય અસલ સિંધી લાગતા નથી.'

'કાનપુરનો … !'

'અને જમીનદારી ?'

'બહુ કરુણ કથની છે. માતાપિતાને અને બીજાં ઘણાંને કતલ થતાં જોયાં છે ……… !'

હું મારી દર્દભરી દાસ્તાન સંભળાવી રહ્યો હતો. અને શેખ સાહેબ તેમની આંખો લૂછી રહ્યા હતા. … આખો કમરો ઉદાસીથી ભરાઈ ગયો હોય એમ મને લાગ્યું. કમરાની ટ્યૂબ લાઈટ પણ ઝાંખી - ઝાંખી લાગી રહી હતી ! … વિભાજન વખતે શેખ સાહેબ પોલિસ અફસર હતા. અને ત્યારે જોયેલી કરુણતા કદાચ તેમને સાંભરી ગઈ હતી.

'આ ભગતકાકા કોણ … ? એક મુસ્લિમ છોકરા પ્રત્યે આટલી બધી સહાનુભૂતિ ?! અને તે પણ કાપાકાપી ચાલતી હતી ત્યારે … ??'

'હા, શેખ સાહેબ ! એક ભગતકાકા અને બીજા મારા આશ્રયદાતા સાંઈ ગુલામનબી ખરેખર અદ્દભુત આદમી હતા. એમની મિસાલ મળવી મુશ્કેલ છે. ……'

'તમારા પિતાનું નામ ?'

'સલાહુદ્દીન પાશા. – સરકારી અમલદાર હતા.'

'આ પટવારીને તમારાથી શેની દુશ્મની છે ? અને મામલો પોસ્ટર સુધી કેમ પહોંચી ગયો ?'

'એની દાનત ખરાબ છે. એ પોતાના કારસ્તાનમાં નાકામ થયો એટલે ગભરાટમાં મારા ઉપર વાર કરી બેઠો લાગે છે !'

'કેવું કારસ્તાન … ?'

'લગ્ન પહેલાંની વાત છે. મારી પત્ની નૂરજહાં વિરુદ્ધ તેણે ખરીખોટી નોટિસો કાઢી હતી. એ રીતે નૂરજહાંને તે સકંજામાં લેવા ઇચ્છતો હતો. -- પણ કાંઈ વળ્યું ન હતું. નોટિસો પાછી ખેંચવી પડી હતી. આ પોસ્ટર એ વેરનું પરિણામ લાગે છે …… !'

'સમજી ગયો. -- એ બડો કમીનો માણસ લાગે છે.'

શેખ સાહેબે વિશેષ કશી પૂછગાછ કરી નહીં. કહ્યું, 'ઠીક છે. તપાસ પૂરી થઈ. – હું મારી રીતે આઈ.જી.ને અહેવાલ મોકલી આપીશ. -- આગળ શું કરવું, શું નહીં, એ આઈ.જી. જાણે. -- તમે જઈ શકો છો ……'

હું બજારમાં ગયો. અડધો મણ સારા પ્રકારના કાંદા લીધા. દશ શેર લસણ. -- વળી, સિંધુની પલ્લો મચ્છી તાજી જ આવી હતી. પાંચ શેર તોલાવી લીધી. થોડાં કિનૂ, સફરજન, દાડમ લીધાં. મીઠાઈ લીધી અને જીપ વહેતી મૂકી છાછરોની દિશામાં.

રસ્તો ખુલ્લો હતો. વાહનોની ભીડ જેવું કશું હતું નહીં. ક્યારેક જ કોઈક બસ યા ખટારો નજરે પડી જતા. તો વળી ક્યાંક કોઈક બળદ ગાડું નીકળી આવતું યા ગાયોનું ધણ. એટલે જીપ પૂરપાટ જઈ રહી હતી. ભેગું વિચારોનું એક ટોળું હતું, કંઈક આવું : તપાસ પૂરી થઈ. પોલિસ લફરાં પત્યાં. હવે આઈ.જી. કદાચ ફાઈલ બંધ કરી દેશે. આ કેસમાં ઊંડે ઊતરવા જેવું છે પણ શું ! – મેં કોઈ ગુનો તો કર્યો નથી. બીજા લાખ્ખો મુહાજિરો જેવો હું પણ એક છું. તેમની જેમ જ હું મારું સર્વસ્વ ગુમાવીને અહીં આવ્યો છું. એ કોઈ ગુનો તો નથી ને ! … આ હોબાળો તો પેલા પટવારીએ ઊભો કર્યો હતો. એમાં તેનું કમીનાપણું કામ કરી રહ્યું હતું. એ કમીનાને તો હું જોઈ લઈશ. એવો ભીંસમાં લઈશ, એવો ભીંસમાં કે એને અહીંથી ભાગવું પડશે. ક્યાં તો … ક્યાં તો …… ! -- એક ખતરનાક ખયાલ લપકી આવ્યો હતો. પણ એ જ ક્ષણે એક ચમત્કાર થયો. મારી આંખોમાં ભગતકાકાની તસ્વીર ઉભરી આવી ! જાણે તે કહી રહ્યા હતા : 'બખ્તા, માલિકને હાજરાહજૂર જાણીને જીવજે. બુરું વિચારીશ નહીં. બુરું કરીશ નહીં … !'

એ શબ્દોની એવી તાસીર હતી કે વિચારોનું ટોળું વીખેરાઈ ગયું. ઊકળી ઊઠેલું લોહી કંઈક ટાઢું થયું. …… તો વળી આ તરફ મારી જીપ છાછરોના સીમાડાને સ્પર્શવાને તલપાપડ થઈ રહી હતી. અને આથમણે લીલીછમ વનરાઈના માથે સૂરજ સુર્ખ-સોનેરી સાફો સજીને બેઠો હતો ! જાણે કોઈ શાહઝાદો !

•

[22]

ઈન્ટેલિજન્સ ઓફિસર નિસાર શેખે કરેલી તપાસને બે માસ થવા આવ્યા હતા. મારા વિરુદ્ધનો પોસ્ટર - હોબાળો આઈ.જી. પાસે પહોંચીને શમી ગયો હોય એમ લાગતું હતું. અને અગર એમ ન હોય, કશી ગરબડ હોય તો થાણેદાર ખયબરખાન મને ચેતવ્યા વગર રહે ખરો ! આથી મને નિરાંત હતી. પરંતુ આજે ટપાલી આવ્યો. અને તેણે એક ખાખી લિફાફો મારી સામે મૂક્યો તો હું ચોંક્યો.

લિફાફો મારા નામે હતો અને તે સરકારી હતો. જિંદગીમાં, મારા નામે આવેલી આ પહેલી સરકારી ટપાલ હતી. વળી, પોસ્ટર-હોબાળાવાળી ઘટના થોડા સમય પહેલાં જ બની હતી એટલે હું સહેજ થડક્યો. હળવી ધ્રુજારીયે દોડી ગઈ !– શું હશે ? કોઈ નવું લફરું તો નહીં હોય ને ? મેં ધ્રુજતા હાથે લિફાફો ફોડ્યો. લખ્યું હતું :

– તમારા વિરુદ્ધ આ પ્રકારની ફરિયાદ મળી છે કે તમે પાકિસ્તાની નાગરિક નથી. ભારતીય નાગરિક છો. અને મુસલમાન હોવાનો ડોળ કરીને, ખોટો દેખાવ - દંભ કરીને અહીંના લોકોને તથા સરકારને ધોખો આપીને અહીં છાછરો ગામમાં વસી ગયા છો. તમારા આ વસવાટનો પ્રબંધ ભારતીય ગુપ્તચર ખાતાના માણસોએ એક ભગત મારફત કરાવ્યો હોવાનું ય કહેવાય છે.

– વિવિધ સાધનો દ્વારા મળેલી આ અન્ય ચોંકાવનારી બાતમીઓને લક્ષે લઈ સિંધનું ગૃહખાતું આ નિર્ણય ઉપર પહોંચ્યું છે કે તમારી સામે કાનૂની કામ ચલાવી, શિક્ષા કરી, અહીંથી હદ પાર કેમ ન કરી દેવામાં આવે ?

– આ સંદર્ભે તમારી વિરુદ્ધ હયદ્રાબાદની ફોજદારી અદાલતમાં એક કેસ દાખલ કરવામાં આવી રહ્યો છે. …

હું હાલી ગયો.

રોષનો ઉભરો ય હતો. શું હું પાકિસ્તાની નથી ? મુસલમાન પણ નથી ?? – અગર હું ભારતથી લુટાઈકુટાઈને અહીં આવેલો આદમી પાકિસ્તાની નથી તો પછી કયા લોકો પાકિસ્તાની હોઈ શકે ? દેશજનોની સેવા કરે, દેશનું કલ્યાણ ઈચ્છે અને તે માટે પ્રયાસો કરે તે પાકિસ્તાની નહીં ? – અને અલ્લાહને તથા તેના રસૂલને માને, નમાઝ પઢે ને કુરઆન ચીંધ્યા માર્ગે ચાલે તે મુસલમાન નહીં ? – તો પછી મુસલમાન કોણ ?

મારી બેચેનીનો પાર ન હતો. એક તરફ લોહી ઊકળી રહ્યું હતું. બીજી તરફ અમૂંઝણનો જાણે રાફડો ફાટ્યો હતો. ખુરશી પર મુક્કો પછડાઈ જતો હતો તો બીજી જ ક્ષણે આંખો સામે અંધારા નાચવા લાગતાં હતાં ! મને ખાવાપીવાનું ય સારું લાગ્યું નહીં. ડાઈનિંગ ટેબલથી, ખાધું ન ખાધું ને ઊઠી ગયો. નૂરજહાંએ પૂછ્યું તો કહી દીધું, ‘ઈચ્છા નથી. ભૂખ લાગશે તો બાદમાં જમી લઈશ.’

પણ નૂરજહાંને મારા ઉત્તરથી સંતોષ થયો નહીં. તેણે સાચું કારણ જાણવા ખાતર મારો પીછો કર્યો. અને રાત્રે મને વળગીને પૃચ્છા કરી તો ત્યારે ય મેં જૂઠનો આશરો લીધો, ‘મને કાંઈ થયું નથી. હું બિલકુલ ગઈ કાલે હતો એવો જ છું …… !’

અસલમાં અત્યારે તેને મૂળ હકીકત બતાવીને હું આખા ઘરને બેચેનીના હવાલે કરવા ઈચ્છતો ન હતો. આથી પ્રેમ ઢોળીને નૂરજહાંને સમજાવી લીધી હતી.

પરંતુ ફોજદારી ખટલો ?

તે કંઈ દાખલ થતો રોકાવાનો હતો ! -- તેના સામના માટેની પૂર્વ તૈયારી અનિવાર્ય હતી.

મેં ગૃહ ખાતાની નોટિસ, મારા સાળા કરીમબક્ષને દેખાડી. તેણે કહ્યું, ‘આક્ષેપો ગંભીર છે. કોઈ સારો વકીલ કરવો પડશે … ’

કરીમબક્ષને એક વકીલમિત્ર હતો, ઈમદાદ હુસૈન જોયો. ફોજદારી ને સિવિલ કેસોનો માહિર. એ હયદ્રાબાદમાં જ હતો. અમે આ કેસ તેને સોંપ્યો.

આ કેસની પહેલી સુનાવણી ફેબ્રુઆરી માસમાં નીકળી. કરીમબક્ષ પણ મારી સાથે આવ્યો હતો. મારું દિલ ધકધક કરી રહ્યું હતું. કોઈ ભરોસો નહીં; આઈ.જી.એ પોતાનું સ્થાન વધુ દૃઢ કરાવવા ખાતર મને કુરબાનીનો બકરો બનાવ્યો હોય એમ પણ હોઈ શકે છે ! સરકારી વકીલ પણ કદાચ એવા ઉદ્દેશસર ધમપછાડા કરશે ! અને મેજિસ્ટ્રેટનો શું ભરોસો ?! ક્યાં તો ગૃહ ખાતાના પલળામાં બેસીયે જાય !

એક ડર હતો, જે મારા માનસ ઉપર છવાતો જઈ રહ્યો હતો.

પણ કરીમબક્ષના શબ્દોમાં મારા માટે ધરપત હતી. તે કહી રહ્યો હતો, ‘ગભરાવાની જરૂરત નથી. ઈમદાદ હુસૈન આરોપોના ચીથરાં ઊડાવી દેશે.’

એ છીથરાં તો ઊડે ત્યારે ઊડે, પણ અત્યારે તો મને પરસેવો છૂટી રહ્યો હતો. -- સુનાવણીના આરંભમાં જ સરકારી વકીલે જાણે બોંબ ધડાકો કર્યો. તેમણે કહ્યું :

– અમને ખાતરી છે કે આરોપી બખ્તાવર ભારતીય ગુપ્તચર ખાતાનો માણસ છે. વિભાજન પ્રસંગે મુહાજિરોના લુટાયેલા - કુટાયેલા કાફલાના એક બચેલા જણ તરીકે એને પાકિસ્તાનમાં ઘુસેડવામાં આવ્યો હતો. છાછરોમાં એને મૂકી જનાર ભગત ભારતીય ગુપ્તચર ખાતાનો આદમી હતો એમ અમારી માહિતી કહે છે.

હું ધ્રુજી ગયો. આરોપો પર આરોપો ખડકાતા જઈ રહ્યા હતા. જો કે એમાંનું કશું જ સાચું ન હતું. -- પણ મને લાગી રહ્યું હતું કે એમને જૂઠા પુરવાર કરવાનું સહેલું નથી. અદાલત પુરાવા માંગશે. અને નિર્દોષતાના ટેકામાં કુરઆને કરીમ ઉપર હાથ ધરીને સોગંદ ખાવા સિવાય મારી પાસે કશું જ નહોતું.

હું આરોપીના કઠેરામાં ઊભો ધ્રુજી રહ્યો હતો. જો કે હું બેકસૂર હતો. મઝલૂમ હતો. મગર અદાલતના ખંડમાં આ ભયાનક આરોપો સાંભળ્યા પછી મને એમ લાગવા માંડ્યું કે જાણે હું ગુનેગાર છું. સરકારી વકીલ જ શા માટે, અદાલતનો આખો ખંડ અને એ ખંડમાંનાં ખુરશી, મેજ, બાંકડા, બધું જ જાણે કહી રહ્યું હોય કે તું પાકિસ્તાની નાગરિક નથી, ભારતીય એજન્ટ છે, – એમ મને લાગવા માંડ્યું હતું. – મારું માથું ચકરાવા લાગ્યું. સાચું શું છે ? હું કોણ છું ? ક્યાંનો છું ? અને આ અદાલતમાં શા માટે આવ્યો છું ? આ સવાલો મારા માથામાં ઝીંકાવા લાગ્યા હતા.

‘આરોપી બખ્તાવર, તમને આ આરોપો માન્ય છે ?’ મેજિસ્ટ્રેટે મને પૂછ્યું.

‘નહીં …… !!’ હું લગભગ ચીખી પડ્યો. … શા માટે ચીખ્યો હતો ? શું મારે ચીખવું જોઈતું હતું ? કશી ખબર ન હતી. બસ, માથું ચકરાતું હતું અને એ ચક્કરમાં ચીખનું ચક્કર ચાલી ગયું હતું !

‘આ અદાલત છે, જાણો છો ?’ મેજિસ્ટ્રેટે નારાજગીથી કહ્યું, ‘સભ્યતાથી બોલો. ચીખો નહીં.’

મેજિસ્ટ્રેટની આ ટકોરે મને સભાન કરી દીધો. મને મારી ભૂલનો એહસાસ થયો. જિંદગીમાં ક્યારે ય નહીં ને આજે, અને તે પણ આ અદાલતમાં મેં બદતમીઝી કરી હતી ! ઘણો અફસોસ થયો. માથું ઝુકાવી લીધું.

‘સાહેબ ! ભૂલ થઈ ગઈ. હું ક્ષમા ઈચ્છું છું. -- માથું ચકરાતું હતું. – બાકી આમ ચીખવાનો મારો કોઈ ઈરાદો ન હતો. હું ફરી એક વાર ક્ષમા ઈચ્છું છું.’

મારા વકીલે પણ મારા વતી ક્ષમા યાચી. અને પછી તેમણે સરકારી વકીલના સણસણતા આક્ષેપો ય નકારી કાઢ્યા. બલકે તેને નવરા માણસોનો કલ્પનાવ્યાપાર ગણાવ્યો. વિશેષમાં કહ્યું, ‘આવા આક્ષેપો આ દેશના કોઈ પણ મુહાજિર ઉપર કરી શકાય છે. મારા વિદ્વાન મિત્ર પણ મુહાજિર છે. અને કદાચ એમની પાસે પણ, આ દેશના વફાદાર નાગરિક હોવાનું પ્રમાણપત્ર નહીં હોય

… ! આપણે અન્યને તો આ દેશનો નાગરિક માનવાનો ઇન્કાર કરી શકીએ છીએ, પણ આપણે પોતે આ દેશના નાગરિક છીએ તેની શી ખાતરી ? ……'

અદાલતના ખંડમાં સન્નાટો વ્યાપી ગયો. ત્યાં બેઠેલા કેટલાક લોકો એકબીજાનાં મોં જોવા લાગ્યા. ખાતરી ! પુરાવો ! પ્રમાણપત્ર !

આ કેસની ત્રણ સુનાવણી થઈ.

બીજી સુનાવણીમાં પણ મારે આરોપીના કઠેરામાં ઊભા રહેવું પડ્યું. સરકારી વકીલે કેટલાક સવાલો કર્યા અને મેં મારા વકીલે પઢાવ્યા પ્રમાણેના, શાંતિથી, ટૂંકા જવાબ આપ્યા. લંબાણ ટાળ્યું. આવેશને ય દબાવી દીધો. અદાલતી ઔચિત્યનો ભંગ ન થાય તેનો ખયાલ રાખ્યો.

આ કેસમાં વાદી સરકાર હતી. અને તેની ફરિયાદનો મુખ્ય આધાર પટવારીવાળા પોસ્ટર ઉપર હતો. પરંતુ એ નનામું પોસ્ટર સરકારી વકીલને ખાસ ઉપયોગી થઈ શકે અને આ કેસમાં પ્રાણ પૂરી આપે એવા કશા સબળ મુદ્દા ધરાવતું હોય એમ લાગતું ન હતું.

એ સિવાય સરકારી વકીલ પાસે કેટલીક બાતમીઓ હતી. અને કદાચ બીજું પણ કેટલુંક હોઈ શકે છે. પણ તે મારી વિરુદ્ધ સાક્ષી યા સાક્ષીઓ ઊભા કરી શકે એવી કોઈ ખાસ શક્યતા જણાતી ન હતી. તે નક્કર પુરાવા પેશ કરવાની સ્થિતિમાં હોય એમ પણ લાગતું ન હતું.

હા, આ મારી ધારણા હતી. અને ધારણા તો ઘણી વાર હતાશામાં ય આધાર બની રહેતી હોય છે. તે માઈલોના માઈલો સુધી ચાલવાની શક્તિ સીંચી આપે છે !

•

[23]

મારા આ કેસની ત્રીજી સુનાવણી બે મહિના પછી નીકળી. એ કદાચ અંતિમ સુનાવણી હોય એમ લાગતું હતું.

આ વખતે મારા મિત્રો અબૂબકર મેમન, આદમ સુમરો અને ખાન મુહમ્મદ બલોચ મારા ભેગા હતા; ખાન મુહમ્મદની જીપમાં. અને મારી જીપમાં એક હું અને ભેગી નૂરજહાં હતી. તે મારા પડખે હતી. પછી જીપની ગતિનું પૂછવું શું ?! જાણે દીપડો ફલાંગી રહ્યો હતો !

આજે અદાલતમાં શ્રોતાઓની હાજરી વિશેષ હતી. ખંડ ભરેલો હતો. સિંધી, ઉર્દૂ અખબારોના ચારેક સંવાદદાતા પણ હાજર હતા. તેમને મારા ખટલામાં ખાસ રસ હોય એમ લાગતું હતું. તેમની હિલચાલ કહેતી હતી કે તેઓ મારા વિશે કોઈક એવા મુદ્દાની શોધમાં છે કે જેથી ચોંકાવનારાં મથાળાં બાંધી આ ખટલા વિશે જબરો ઊહાપોહ કરી શકાય. કેમ કે એના પ્રકારનો, આ દેશમાં, કદાચ આ પહેલો કેસ હતો. કદાચ આ કારણ હતું કે એના કવરેજ માટે તેમના તંત્રીઓ તરફથી તેમને ખાસ સૂચના મળી હોય એમ લાગતું હતું.

ચોરીચકારી તથા અપહરણ વગેરેના ત્રણેક કેસો પતાવ્યા પછી મારા કેસની વારી આવી. ઘડિયાળ સાડા-બાર વગાડી રહી હતી. મેજિસ્ટ્રેટ તેમની ચેમ્બરમાં ગયા. પંદરેક મિનિટ પછી ફ્રેશ થઈને પાછા આવ્યા. થોડી કાગઝી ખાનાપૂરી કરી. અને પછી અમજદઅલીને, સરકારી વકીલને કહ્યું, 'તમારે કંઈ કહેવું છે ?'

'હા, નામદાર !' કહેતાં અમજદઅલી ઊભા થયા. આધેડ વયનો આ ઊંચો આદમી વર્ણે જરા સાંવરો, મગર ખાસ્સો પ્રતિભાવાન હતો. વળી, અવાજ પડઘા પાડે એવો પ્રાણવાન. અને બોલવાની છટા એવી કે સાંભળનારને ખોટુંયે ખરું લાગે !

તેણે ખંડમાં ડાબે - જમણે નજર નાખી. ટાઈ ઠીક કરી અને પછી ખંડ પડઘાવતાં કહ્યું, 'સર, આજે મારે કેટલાક ખાસ મુદ્દા અદાલત સમક્ષ પેશ કરવા છે. – નામદાર ! આરોપીના પિતા એક સરકારી અમલદાર હતા. અને એટલા માટે તેમણે ઓપ્ટ કરનારા અમલદારો માટેની ખાસ ટ્રેન પકડવી જોઈતી હતી. પરંતુ તેમણે એમ કર્યું ન હતું. અને એમ કરવાના બદલે તે હિજરતીઓના કાફલામાં ભળી ગયા હતા. – પણ તેમણે આમ શા માટે કર્યું હતું એની આરોપી બાપ્પાવરને ખબર નથી. જો કે એ સમયે તે ધાવણા બાળક ન હતા. બાર વર્ષની વયના કુમાર હતા. અને એક હાઇ સ્કૂલમાં વિદ્યાભ્યાસ કરતા હતા. આટલા મોટા છોકરાને આટલી તો ખબર હોવી જ જોઈએ કે તેમના સરકારી અમલદાર પિતાએ ઓપ્ટ કરનારા કર્મચારીઓ માટેની ખાસ ટ્રેન કેમ પકડી ન હતી ?!

– આ એક એવી હકીકત છે જે એમ દર્શાવે છે કે આરોપીનું આ કથન સાચું નથી કે એ કાનપુરના એક સરકારી અમલદાર સલાહુદ્દીના પુત્ર છે. આ વાત મનઘડિત લાગે છે, તર્કિત લાગે છે.

– અને એ કથન સાચું નથી. માટે આરોપીના માતાપિતા મુહાજિરોના કાફલા ભેગા શહીદ કરી દેવાયા હોવાની વાત પણ ખોટી, તર્કિત ઠરે છે.

– અને નામદાર ! આ મુદ્દો પણ ખાસ નોંધપાત્ર છે કે આરોપીને રાજસ્થાનનો એક ભગત, છાછરોના જમીનદાર ગુલામનબીને ત્યાં મૂકી ગયો હતો. અહીં સવાલ આ છે કે હિન્દુસ્તાનમાં જ્યારે મુસ્લિમોની કત્લેઆમ થઈ રહી હતી એવે સમયે રાજસ્થાનના એક હિન્દુને એક અજાણ્યા મુસ્લિમ છોકરા પ્રત્યે અસામાન્ય દયા ઉભરાઈ આવવાનું કારણ શું હતું ? એવે સમયે એક હિન્દુ એક મુસ્લિમ છોકરાને પોતાના સગા દીકરા કરતાં ય વિશેષ વહાલ કરે, અભય આશરો આપે અને પછી સરહદ ઓળંગીને તેને પાકિસ્તાન પહોંચાડવાનું સાહસ ખેડે એ શું શક્ય છે ?

– કોઈ મુસ્લિમ છોકરા ખાતર આવી કલુષિત પરિસ્થિતિમાં શું કોઈ ભગત માણસ આવું જોખમ ખેડે ખરો ?? – નહીં, એ શક્ય નથી જ નથી. આવું તો કથામાં પણ બનતું નથી !

– નામદાર ! અમને વિશ્વાસપાત્ર સાધનો દ્વારા મળેલી માહિતી પ્રમાણે એ કહેવાતો ભગત, આરોપીને અહીં સ્થાયી કરાવ્યા પછી પણ બે વાર છાછરો આવ્યો હતો. આ હકીકત એમ માનવાને પ્રેરે છે કે એ ભગત નિ:શંક ભારતીય ગુપ્તચર ખાતાનો માણસ હોવો જોઈએ. અને તેણે પોતાના મિશનની ખાતર આરોપીને અહીં સ્થાયી કરાવ્યો હોવાની શક્યતા છે. અને અગર એમ ન હોય તો પછી એ કહેવાતા ભગતને છાછરોના આંટાફેરા કરવાનું કારણ શું હોઈ શકે ? તે શા માટે અહીં આવતો હતો ?

– નામદાર, આ બધી હકીકતો, વિશ્લેષણો, કારણોની રૂએ હું ભારપૂર્વક કહીશ કે આરોપી પાકિસ્તાની નાગરિક નથી. મુહાજિર સમાજનો સભ્ય નથી. એ ભારતીય છે. ત્યાંના ગુપ્તચર ખાતા સાથે એ સંબંધ ધરાવે છે. … … અને … અને એના ધર્મ વિશે પણ મને શંકા છે ! એ કદાચ … … !'

અમજદઅલીની આ ટીકા મારાથી સહન થઈ શકી નહીં. લોહી, ઉકળતા તેલની જેમ ઉકળી ઊઠ્યું. ટેબલ ઉપર મુક્કો પછડાઈ ગયો. અને આ શબ્દો હોઠ સુધી આવી ગયા, 'બકવાસ બંધ કર … !' –– પણ મારા વકીલે મારા મોઢા આડે હાથ ધરી દીધો. ફક્ત હું સાંભળી શકું એ રીતે કહ્યું, 'ધીરજ રાખો. એનો જવાબ હું આપીશ. … બખિયા ઉધેડી નાખીશ … '

'શેની ગરબડ છે !' મેજિસ્ટ્રેટે ટેબલ ઉપર હથોડો ઠોકતાં કહ્યું, 'આ અદાલત છે. મચ્છી માર્કીટ નથી … ! શાંતિ જાળવો. અને અમજદઅલી, તમારે શું હજી કશું કહેવું છે ?'

' – હા, સાહેબ ! … હું નામદાર અદાલતને વિનંતી કરીશ કે અહીં પેશ કરાયેલી હકીકતોને લક્ષે લઈ દેશની સલામતી ખાતર આરોપીને કાનૂન અનુસાર શિક્ષા કરવા સાથે એમને દેશનિકાલ કરવાનો હુકમ જારી કરવામાં આવે.'

અમજદઅલી બેસી ગયા. અને પછી મેજિસ્ટ્રેટે મારા વકીલને કહ્યું, 'તમારે જવાબમાં કંઈ કહેવું છે ? દશ મિનિટ જેટલો સમય છે.'

'નામદાર, દશ મિનિટ પૂરતી નથી … ' મારા વકીલ ઈમદાદ હુસૈને કહ્યું. … આથી મેજિસ્ટ્રેટે બન્ને વકીલોને પોતાની પાસે બોલાવ્યા. કંઈક મસલત કરી અને વિશેષ સુનાવણી માટે ચાર દિવસ બાદની તારીખ આપી.

અમે – એટલે હું, નૂરજહાં, તથા મારા મિત્રો મારા વકીલ ભેગા અદાલતના ખંડમાંથી બહાર આવ્યાં. – નૂરજહાં મારા પડખે હતી. પણ સરકારી વકીલે ખાસ તો મારાં માતાપિતા તથા ધર્મ વિશે કરેલી ટીકા તથા ઉઠાવેલી શંકાના કારણે મારું લોહી હજી ઉકળી રહ્યું હતું. અદાલતમાં તો હું કંઈ કરી શકતો

ન હતો. પણ અહીં બહાર અગર તે મળે તો તો હું તેની ગળચી પકડી લઉં એવો રોષ મારા રોમરોમમાં ભભૂકી રહ્યો હતો. આથી મારી આંખો પણ લાલ થઈ ગઈ હતી. – નૂરજહાં મારા બગડેલા મૂડને જાણતી હતી. તેણે સ્મિત વેરી, કેટલીક આમતેમની વાત કરી મારા વિચારોને બીજી દિશામાં વાળવાની કોશિશ કરી.

વળી મારા વકીલ ઈમદાદ હુસૈનેય મારી ખામોશીથી ચિંતા થઈ હશે એટલે તેમણે ય મારા ખભે હાથ ધરતાં પૂછ્યું, 'કેમ ચૂપ છો ? હસતાબોલતા નથી ! શું કોઈ ખાસ વાત … ?'

'અમજદ અલી … …'

'એની ફિકર તમે શું કામ કરો છો ! … એ કામ મારું છે … '

'પણ એ કેવું કેવું બોલ્યો !'

'એણે ઉઠાવેલા મુદ્દાઓના નક્કર જવાબ મારી પાસે છે. તમે ચિંતા ન કરો. … કોર્ટમાં તો વકીલો આવું ઘણું બોલે. નાટક પણ કરે, પોતાનો કક્કો ખરો કરાવવા ખાતર. … ભૂલી જાવ એ વાતને. ચાલો, ચા પીશું.'

ઈમદાદ હુસૈન, અમને અદાલતી કમ્પાઉન્ડમાંની એક કેન્ટિનમાં ખેંચી ગયા. અહીં ચાના કપ ઉપર ઘણી વાતો થઈ. કેસના કેટલાક મુદ્દા ચર્ચાયા. આ દરમિયાન કદાચ છેવટની ખાતરી કરી લેવા ખાતર ઈમદાદ હુસૈને પૂછ્યું, 'તમારી સાવ સાચી હકીકત શી છે ? આ એટલા માટે જરૂરી છે કે, મારે અમજદઅલીને પછાડવો છે … '

'મેં તમને કહ્યું છે એ બધું ય સાચું છે. રતીભાર પણ ખોટું નથી.'

'અને ભગત … ?'

'એ મારા મોહસિન છે. એ ભલા માણસે ભલાઈ ન કરી હોત તો કદાચ આજે હું તમારી સામે ન હોત ! એમણે કરી છે એવી ભલાઈ સગાંસ્નેહી પણ નહીં કરે.'

'ઠીક છે. હવે તમે બિલકુલ નિશ્ચિંત થઈ જાવ. સરકારી આરોપોના અને અમજદઅલીની દલીલોના હું એવા ફુરચા ઉડાવીશ કે જીવશે ત્યાં સુધી એ મને યાદ કરતો રહેશે.'

મારા વકીલ ઉપર મને વિશ્વાસ હતો. એમની શાખ ઘણી સારી હતી.

અને અત્યારે, તેમણે 'હું ફુરચા ઉડાવી દઈશ' એ શબ્દો કંઈક એવી સ્ટાઈલથી ઉચ્ચાર્યા હતા કે મને એવો ભાસ થયો કે અદાલતના ઓરડામાં જોરદાર દલીલબાજી ચાલી રહી છે અને ઈમદાદ હુસૈનની ધારદાર વાણી, સરકારી આરોપોના તથા અમજદઅલીની દલીલોના ફુરચા ઉડાવી રહી છે ! … અને અમજદઅલી તેમના કાગળિયામાં માથું નાખી ગયા છે, આશ્રયની શોધમાં !

•

[24]

અંતિમ સુનાવણી હતી.

આજે પણ અદાલતનો ખંડ ભરચક હતો. કાનૂની આંટીઘૂંટીના રસિયા લોકો હતા. અસીલો હતા, વકીલો હતા. સંવાદદાતાઓ હતા. એ સૌને મારા ખટલામાં વિશેષ રસ હોય એમ લાગતું હતું. ત્રણેક જણના હાથોમાં અખબારોની નકલો પણ હતી. એક ઉર્દૂ અખબારે હેડ-લાઈન લગાવી હતી : 'છાછરો કા ઝમીનદાર ભારત કા જાસૂસ; મુલ્ક કે ખિલાફ ખતરનાક સાઝિશ કા ઈન્કિશાફ …'

હકીકતથી વિપરીત એવી આ સનસનાટીભરી હેડ-લાઈન પાછળ દુકાનદારી સિવાય કંઈ ન હતું. અખબારની વિશેષ નકલો વેચી ખાવા અને અખબારને વિશેષ લોકપ્રિય બનાવવાના બજારુ ઉદ્દેશસર એ સનસનાટી ફેલાવવામાં આવી રહી હતી.

અદાલતના ખંડમાં મારા એક પડખે નૂરજહાં બેઠી હતી તો બીજા પડખે મારા વકીલ ઈમદાદ હુસૈન હતા. મારા મિત્રો, અન્ય લોકો ભેગા, પાછળ બાંકડા ઉપર હતા.

લગભગ અગિયાર વાગે મેજિસ્ટ્રેટની પધરામણી થઈ. અને ખંડમાં શાંતિ છવાઈ ગઈ. મેજિસ્ટ્રેટ બેવડા બાંધાના ભારેખમ આદમી હતા. પણ આંખો હતી શકરા જેવી. 'ચપ' કરતીકને શિકારને ઝડપી લે એવી. તે ગાદીવાળી ખુરશીમાં બેઠા એટલે પેશકારે મારા કેસ વિશેના તેમ જ અન્ય કેટલાક જરૂરી કાગળો તેમના મેજ ઉપર મૂક્યા. મેજિસ્ટ્રેટ ઝડપથી એ કાગળો ઉલટપલટ કરીને જોઈ ગયા. ક્યાંક ક્યાંક પેન પણ ચલાવી. પેશકારને પણ કંઈક કહ્યું. અને પછી ખંડમાં બેઠેલા લોકો ઉપર એક નજર નાખી. વકીલો તરફ જોયું અને …

આજે સૌ પ્રથમ મારા કેસની સુનાવણી હતી. અને મારા વકીલ ઈમદાદ હુસૈને એ વિશે સારી એવી તૈયારી કરી રાખી હતી.

'ઈમદાદ હુસૈન ! તમે તમારા અસીલના બચાવમાં દલીલ કરી શકો છો.' મેજિસ્ટ્રેટે કાગળો ઉપર થોડું જરૂરી લખાણ કર્યા પછી કહ્યું.

'શુક્રિયા, નામદાર !' મારા વકીલે કહ્યું. તેમણે પોતાની ફાઈલો, કાગળો ઠીકઠાક કર્યાં. એક નજર મારા ઉપર નાખી અને ત્યાર પછી પોતાની ધારદાર દલીલો વડે ખંડ ગજાવવા લાગ્યા.

'નામદાર ! બહુ અફસોસ સાથે કહેવું પડે છે કે મારા વિદ્વાન મિત્ર અમજદઅલીએ મારા અસીલના ધર્મ વિશે શંકા ઉઠાવી છે. – મારે આ સંદર્ભે અમજદઅલીને કંઈક પૂછવું છે … '

મેજિસ્ટ્રેટે હકારમાં માથું હલાવતાં કહ્યું, 'પૂછો.'

અને પછી મારા વકીલે સરકારી વકીલને પ્રશ્ન કર્યો, 'અમજદઅલી, અલ્લાહને હાજરનાજર જાણીને કહેજો, તમે મુસલમાન છો તો દરરોજ કેટલી નમાઝ પઢો છો ?'

અમજદઅલી નીચું જોઈ ગયા. તેમની પાસે એનો કોઈ ઉત્તર ન હતો.

– એટલે કે તમે નમાઝ પઢતા નથી અને તે છતાં તમે મુસલમાન છો ! જ્યારે મારા અસીલ બખ્તાવરના દિવસની શરૂઆત જ નમાઝથી થાય છે. તે કુરઆને-કરીમની તિલાવત કરે છે અને રમઝાનના રોઝા પણ રાખે છે. ઝકાત આપે છે. આમ છતાં તમે મારા અસીલના ધર્મ વિશે શંકા કરો છો ?! જનાબ, આ તો થરનું સૂકું રણ સક્કરની વાડીઓને વેરાન કહે તેના જેવું થયું !

– સાહેબ ! મારા વિદ્વાન મિત્ર કદાચ જાણતા હશે કે કોઈ પણ શખ્સના ધર્મ વિશે, તેની માન્યતાઓ વિશે શંકા કરવાનો અધિકાર કોઈને હોઈ શકતો નથી. ધર્મ, ધાર્મિક માન્યતાઓ એ અલ્લાહ અને તેના બંદા વચ્ચેનો મામલો છે. એ એમની અંગત બાબત છે. એની અંદર ચંચુપાત કરનારા આપણે કોણ ? શું આપણી પાસે એ વિશેનો કોઈ આકાશી અધિકારપત્ર છે ?

– નામદાર !મારા વિદ્વાન મિત્ર અમજદઅલીને, એક હિન્દુ ભગતે, મારા અસીલની કરેલી સહાય સામે પણ વાંધો છે. શું હું પૂછી શકું છું કે સહાનુભૂતિ, સદ્ભાવ તથા દયામાયાની લાગણી ઉપર કોઈ કોમનો, કોઈ પ્રજાનો ઈજારો હોઈ શકે ખરો ? – શું ઇન્સાનિયત ઉપર કોઈ એક કોમનો, કોઈ એક સમાજનો ઠેકો હોઈ શકે છે ? –– શું આ ઉમદા ગુણો જનાબ અમજદઅલી ઈચ્છે એ જ લોકોમાં હોઈ શકે છે, અન્ય કોઈમાં નહીં ?

'ઑબ્જેક્શન, યોર ઓનર !' સરકારી વકીલ અમજદઅલીએ મારા વકીલ ઈમદાદ હુસૈનની દલીલ સામે વાંધો ઉઠાવ્યો.

'યસ, કહો, શું કહેવું છે, તમારે ?' મેજિસ્ટ્રેટે અમજદઅલીને તેમનો વાંધો દર્શાવવાની પરવાનગી આપતાં કહ્યું.

અને અમજદઅલી કોઈક ફતેહમંદ સૈનિકની છટાથી ગરજવા લાગ્યા, 'સાહેબ ! મારા વિદ્વાન મિત્ર ઈમદાદ હુસૈન ઇન્સાનિયતની વાતોના પ્રવાહમાં આ હકીકત ભૂલી ગયા લાગે છે કે તેઓ એક પાકિસ્તાની અદાલતમાં ઊભા છે અને એક ભારતીય આરોપીનો કેસ લડી રહ્યા છે. અને તેમણે જાણવું જોઈએ કે તેમણે અહીં હિન્દુસ્તાનની કે તેની પ્રજાની વકીલાત કરવાની નથી. હિન્દુસ્તાનમાં, 1947માં, મુસ્લિમો પર આચરવામાં આવેલી દરિન્દગીથી, મારા મિત્ર ઈમદાદ હુસૈન અજાણ તો નથી ને ?! ઇતિહાસને શું તેઓ ખોટો પુરવાર કરવા ઇચ્છે છે ? –– એમની દલીલો લોહીભીની વાસ્તવિકતાથી સાવ વેગળી છે. –– લાખો મુસ્લિમોની શહાદતનું ઘોર અપમાન કરવા સમાન છે ! એ દલીલો પાછી ખેંચાવી જોઈએ ……'

અમજદઅલીએ જઝબાતી વાગ્ધારા વડે અદાલતનો માહોલ બદલાવી નાખ્યો. અને આ એક એવો જઝબાતી માહોલ પલટો હતો કે અદાલતના

ખંડમાં બેઠેલા સર્વ લોકો તેની અસર હેઠળ આવી ગયા. લોકોમાં ગુસપુસ થવા લાગી. ચહેરાના હાવભાવ પણ બદલાયા. કારણ દેખીતું હતું. અને એનો ઈન્કાર હું પોતે પણ કરી શકું એમ ન હતું !

આ વકરેલા માહોલને સુધારવા, પોતાના પક્ષે લાવવા માટે ઈમદાદ હુસૈનને ભારે જહેમત કરવી પડી.

તેમણે અમજદઅલીના વાંધાનો સર્વગ્રાહી, અર્થસભર ઉત્તર વાળતાં કહ્યું, 'સાહેબ ! મારા વિદ્વાન મિત્રને મારી દલીલો વિશે ગલતફેહમી થઈ લાગે છે. અહીં કેસ, હિન્દુસ્તાનનો કે ત્યાંની પ્રજાનો લડવાનો મારો આશય નથી. હું તો માત્ર માણસાઈની એક લાગણી, જે સાર્વત્રિક હોય છે, તેની વાત કહી રહ્યો હતો. એ લાગણી મારા અંતરમાં હોય એમ અમજદઅલીના અંતરમાં પણ હોઈ શકે છે. અને એ પ્રમાણે એ ઉમદા લાગણી – એ ઉત્તમ ગુણ વિશ્વભરના લોકોમાં હોઈ શકે છે. એને કોઈ ધર્મ, માન્યતા કે દેશની સીમા નડતી નથી.

– હા, હું જાણું છું અને સારી પેઠે જાણું છું કે 1947માં હિન્દુસ્તાનમાં મુસ્લિમો વિરુદ્ધ આચરવામાં આવેલી દરિન્દગી અતિશય ભયાનક હતી. એ દરિન્દગી રોમનોની અને હિટલરની દરિન્દગીની યાદ તાજી કરાવી દે એ પ્રકારની હતી. હું એના પર ફિટકાર વરસાવું છું. … પરંતુ, સાહેબ ! હું પુનઃ એક વાર કહીશ કે એનો અર્થ આ થઈ શકે નહીં કે હિન્દુસ્તાનની સમગ્ર પ્રજા એ હેવાનિયતમાં શામિલ હતી. ત્યાં સારા, માનવતાવાદી ઇન્સાનો પણ હતાં અને છે. મારા અસીલના મોહસિન ભગત અમરસિંહ એવા જ એક માનવતાવાદી ઇન્સાન હતા. હું કહીશ કે તેઓ એક મહાપુરુષ હતા. એવા મહાપુરુષ કે જેની જોડ સહેલાઈથી મળી શકે નહીં.

– મારા વિદ્વાન મિત્ર કદાચ નથી જાણતા, પણ નગર પારકર, વીરવાહ, ભાડેસર, સરધારા વગેરે ગામગોઠોના લોકોની જેમ, હું પોતે ભગત અમરસિંહને સારી પેઠે જાણું છું. રાજસ્થાનના એ ભગતને ધર્મભેદ જેવું કાંઈ હતું નહીં. એ સર્વધર્મ સમભાવમાં માનતા હતા. વિભાજન પૂર્વે તેઓ, થરમાં યોજાતા મેળાઓમાં ભાગ લેવા આવતા અને અન્ય જોગીઓ, ફકીરો ભેગા ભજનોની ધૂમ મચાવતા. મારા અસીલના આશ્રયદાતા સાંઈ ગુલામનબીને ભગત અમરસિંહ પ્રત્યે અકીદત હતી. આ સંબંધને અનુલક્ષીને ભગત મારા અસીલની સોંપણી સાંઈ ગુલાબનબીને કરી ગયા હતા. આ નર્યું નરદમ માનવસહાનુભૂતિનું, નેકીનું કાર્ય હતું. એમાં ભારતીય એજન્ટ હોવાનો સવાલ ક્યાં આવ્યો ? નેકી કરવી, કોઈ નિરાધારના આધાર બનવું એ શું ગુનો છે ?

– નામદાર અદાલત સમક્ષ હું આ હકીકત પણ સ્પષ્ટ કરવા ઇચ્છું છું કે વિભાજન પ્રસંગે ખાસ કરીને પંજાબ, ઉત્તર પ્રદેશ, બંગાળ, બિહારમાં એવી ભયાનક અફરાતરફી અને કાપાકાપી ચાલી રહી હતી કે એ તોફાનની લપેટમાં આવી જનારા અનેક સરકારી અમલદારોને એકાએક પોતાનાં ઘરબાર તજીને ભાગી છૂટવું પડ્યું હતું. મારા અસીલનું કુટુંબ એ માંહેનું એક હતું.

– નામદાર, એ સમયે મારા અસીલની વય બાર વર્ષની હતી. ભયાનક અરાજકતામાં સપડાયેલા બાર વર્ષના એક છોકરાથી એવી આશા રાખી શકાય ખરી કે પોતાના પિતા, ઓપ્ટ કરનારા અમલદારો માટેની ટ્રેન પકડવાના બદલે, મુહાજિરોના કાફલામાં શા માટે ભળી ગયા હતા તેનાં કારણો દર્શાવે ?? …… સાહેબ, હું એમ માનું છું કે બાર વર્ષનો છોકરો શું કોઈ પુખ્ત વયનો આદમી પણ એવી ઘટનાનાં કારણો દર્શાવી શકે નહીં. કોઈ વિદ્વાન પણ નહીં.

– મારા વિદ્વાન મિત્રનો એ સંદર્ભનો પ્રશ્ન તેમ જ એ વિશેનું એમનું નિવેદન સદંતર અવાસ્તવિક અને અર્થહિન છે. એ ભોળા લોકોને ગુમરાહ કરવા સિવાય અન્ય કશી યોગ્યતા ધરાવતું હોય એમ હું માનતો નથી.

અને પછી મારા વકીલ ઈમદાદ હુસૈને પોતાની દલીલો સમટેતાં કહ્યું :

– નામદાર ! મારા વિદ્વાન મિત્ર તેમની દલીલોના સમર્થનમાં કોઈ સાક્ષી કે પુરાવા પેશ કરી શક્યા નથી. એમની દલીલો કાલ્પનિક અને પાયા વિનાની છે. મારા અસીલ પાકિસ્તાની નાગરિક નથી એવું પુરવાર કરવામાં એ સરિયામ નિષ્ફળ રહ્યા છે. …… સાહેબ, મારા અસીલ ભારતથી હિજરત કરી આવેલા લાખ્ખો લુટાયેલા-કુટાયેલા પાકિસ્તાનીઓ જેવા જ એક પાકિસ્તાની છે. એમને ભારતીય નાગરિક યા ભારતીય એજન્ટ કહેવા એ દસ કરોડ પાકિસ્તાનીઓનું બલકે ખુદ પાકિસ્તાનનું અપમાન કરવા બરાબર છે.

– સાહેબ, કોઈ પણ દેશ તેની પ્રજાથી અલગ હોઈ શકતો નથી. પ્રજાથી દેશ અને દેશથી પ્રજા હોય છે. પ્રજા જ દેશનું જતન કરે છે. હવે અગર આપણે આપણા લોકોને વિદેશી એજન્ટ ઠરાવવા બેસીશું તો, એ એક એવો ભયાનક અમલ છે, જે આપણને એક એવી દિશામાં દોરી જઈ શકે છે કે પછી જ્યાં ખુદા ન કરે, ખુદા ન કરે, કદાચ દેશનું અસ્તિત્વ સુધ્ધાં જોખમાઈ શકે છે !

– હા, નામદાર ! આ મારી માન્યતા છે. … આમ મારું જ્ઞાન કહે છે. અને કદાચ એ ખોટું નથી. …… નામદાર ! એક ઈમારત બંધાવવામાં આવે અને ત્યારે પછી એક એક કરીને તેની ઈંટો ઉખેડવામાં આવે તો શું પરિણામ આવે તે કહેવાની જરૂરત રહે છે ખરી ? …… દેશનું પણ એવું જ છે. અગર આપણે દેશના સપૂતોને ગદ્દાર કે વિદેશી એજન્ટ કહેવા અને ઠરાવવા બેસીએ તો આ એક એવો ઝેરી સિલસિલો છે, એક એવો દુષ્ટ ચેપી રોગ છે કે જ્યાં પછી ન રહે બાંસ ન બજે બાંસુરી જેવું યે કદાચ થઈ શકે છે. …'

ઈમદાદ હુસૈનના અંતિમ શબ્દો અત્યન્ત આકરા હતા. અદાલતમાં સન્નાટો વ્યાપી ગયો. ગુસપુસ પણ થવા લાગી. મેજિસ્ટ્રેટ પણ સહેજ ઊંચાનીચા થયા. ક્ષણેક ઈમદાદ હુસૈનની સામે જોઈ રહ્યા. કંઈક વિચાર્યું. અને પછી કંઈક લખવામાં પરોવાયા. બે'ક વાર માથુંયે ખંજવાળ્યું.

અદાલતના ખંડમાં આમ તો શાંતિ હતી. પણ ત્યાં બેઠેલા લોકો વચ્ચે કંઈક ગુસપુસ ચાલી રહી હતી. આ દરમિયાન મેજિસ્ટ્રેટ ઊભા થયા. તેમની ચેમ્બરમાં ગયા. બન્ને વકીલોને ત્યાં બોલાવ્યા. કંઈક વિચારવિનિમય કર્યો. અને એની દશેક મિનિટ બાદ, મેજિસ્ટ્રેટ તથા વકીલો અદાલતના ખંડમાં હતા. કંઈક લખાતું રહ્યું. અને પાંચેક મિનિટ પછી મેજિસ્ટ્રેટે સન્નાટો વિક્ષિપ્ત કરતાં કહ્યું :

'આરોપી બખ્તાવર !'

'જી સાહેબ !' કહેતાં હું ઊભો થયો. અને મેજિસ્ટ્રેટના બીજા આદેશની રાહ જોવા લાગ્યો.

'આરોપી બખ્તાવર ! તમે મુક્ત છો. …… તમને દરેક આરોપમાંથી મુક્ત કરવામાં આવે છે. …… વિગતવાર ચુકાદો એક અઠવાડિયા પછી … !'

મારા આનંદનો પાર ન હતો. આનંદાવેશમાં હું ઈમદાદ હુસૈનને ભેટી પડ્યો. તેમને છાતી સરસા ચાંપ્યા. પીઠ થાબડી અને કહ્યું, 'તમે તો કમાલ કરી નાખી ! તમારી દલીલોનો જવાબ ન હતો ! -- બખિયા ઉધેડી નાખ્યા !!'

આ પ્રસંગેનો નૂરજહાંનો રૂઆબ જોવા જેવો હતો. જાણે અજય ગઢ ન જીતી લીધો હોય ! અને અદાલતમાંથી બહાર આવતાંની સાથે તેણે નારો લગાવ્યો : 'પાકિસ્તાન, જિંદાબાદ ! … બખ્તાવર, જિંદાબાદ !'

આ 'જિંદાબાદ'ના ઘોષમાં મારા મિત્રોનો તથા વકીલોની દલીલબાજીની મોજ માણવા આવેલા લોકોનો અવાજ પણ સામેલ હતો. તેમણે તો મને ખભે ઉપાડી લીધો. આનંદભેર નાચવા લાગ્યા.

અને બાદમાં અમારી જીપ છાછરો પહોંચી તો ત્યાં પણ 'જિંદાબાદ … જિંદાબાદ' થઈ રહ્યું. વળી, હવેલીને આંગણે તો 'હો જમાલો'ની રીતસરની હીંચ જામી પડી ! પુરુષો તો હતા જ. સ્ત્રીઓ પણ 'હો - જમાલોનૃત્ય'માં નિઃસંકોચ ભળી ગઈ. તે સૌ તાળી ઝીલતાં ને ઠેક લેતાં ગાઈ રહ્યાં હતાં :

જીતી લીધો જંગ રે,
હો જમાલો !
રંગ રાખ્યો રંગ રે,
હો જમાલો !

સ્નેહનો છે સંગ રે,
હો જમાલો !
નાચે મનઉમંગ રે,
હો જમાલો !

અને આ 'જિંદાબાદ' તથા 'હો જમાલો'ના પડઘા એવા પડ્યા કે પલીત પટવારી આખરે ગામ તજીને ચાલ્યો ગયો. અદેખા – અહિતકર, જડવાદી જમીનદારો ય ખામોશ થઈ ગયા. અને સરકાર દરબારમાં આપણી વગ વધી ગઈ.

ક્યાં 1947ના એ કાળા દિવસો અને ક્યાં 2000ની સાલ ! વિચારું છું, પાછળ નજર નાખું છું તો આંખે અંધારાં આવે છે ! કલ્પનાતીત ભયાનક વિનાશનો

યાત્રા – સહકારી ઉદ્યોગ/વ્યાપારથી બહુરાષ્ટ્રીય ધંધા/વેપારની …

• આશા બૂચ

તાજા સમાચાર : ભારતમાં હવે 'વોલમાર્ટ'ની શાખાઓ ખુલશે !

વાહ! ભારતની વેપાર નીતિના ઘડવૈયાઓની કેવી અદ્દભુત સિદ્ધિ કહેવાય ?! ભારતીય નાગરિકોને અમેરિકા કે બ્રિટન સુધી લાંબા થયા વિના, વિદેશી ઢબની 'સુપરમાર્કેટ'માં ખરીદી કરવાની સુવિધા કરી આપશે !

'ટેસ્કો' અને 'વોલમાર્ટ'માં મળતાં શાક-ભાજી અને બ્રેડ ખાઈને હું પણ જીવું છું, છતાં ય તેના લાભ-અલાભથી પૂરી સજાગ છું. તેથી જે વિચારો આવ્યા તે રજૂ કરવાની લાલચ રોકી નથી શકતી. આ વિષે લખતા પહેલાં પૂર્વભૂમિકા રૂપે વેપાર-વાણિજ્ય અને ઉદ્યોગ-ધંધાના ઇતિહાસ પર જરાક નજર નાખીએ.

આશા બૂચ

આમ તો માનવજાતિ પોતાને જોઈતી તમામ વસ્તુઓ જાતે પેદા ન કરી શકે, એ સહજ હકીકત છે. તેમ પોતાની જરૂરિયાત કરતાં વધુ માલ પેદા કરી શકે તે પણ સ્વાભાવિક છે. આથી કપાસ ઉગાડનાર ખેડૂત મોચી પાસેથી જોડા ખરીદે તે તદ્દન વ્યાજબી છે. આમ વેપાર - વાણિજ્યનું અસ્તિત્વ માનવ સમાજની રચના જેટલું પુરાણું છે. પહેલાં વિનિમય પ્રથા હતી, પછી કોડી, કીમતી પથ્થરો, સોના-ચાંદી અને છેવટ ધાતુના સિક્કાઓનાં ચલણ પ્રચલિત થવાથી, વસ્તુઓની કિંમત અને લેણ-દેણનું સ્વરૂપ બદલાયું. આમ છતાં ય ઉત્પાદન અને વેચાણ મુખ્યત્વે વ્યક્તિઓ અને નાના વેપારી મંડળોના હાથમાં હતા. તે સમયે બહુ સંખ્યક કારીગરો પોતાના સમાજની જરૂરિયાતો સંતોષવા પૂરતો જ માલ પેદા કરીને પોતાના કે પાડોશી ગામ સુધીના પરિઘમાં વેપાર કરતા. ઔદ્યોગિક ક્રાંતિ પછી લઘુ સંખ્યક કારીગરો વિપુલ પ્રમાણમાં માલ પેદા કરીને દેશ-વિદેશમાં વેચવા લાગ્યા છે. જરૂરિયાતના પ્રમાણમાં માલની પેદાશ કરવાને બદલે માલની બહુલતાના પ્રમાણમાં જરૂરિયાતો વધારવાની સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી, આથી વેપાર-વાણિજ્યનો વ્યાપ બદલાયો. સહકારી ઉત્પાદક અને વેપારી મંડળીઓથી શરૂ કરીને આજની મહાકાય વેપારી પેઢીઓ સુધીની યાત્રા પર એક નજર નાખીએ. અર્થતંત્રની બદલાયેલ વ્યવસ્થાની અસર સામજિક માળખાં પર પણ પડી છે તે પણ જોઈશું.

જયારે સહકારી (co-operative) ઉત્પાદક અને વેપારી મંડળીઓ હતી ત્યારે ઉદ્યોગોના માલિકો પોતાના કારીગરો અને કામદારોને અને વેપારમાં પડેલા શેઠિયાઓ પોતાના વાણોતરોને પરસ્પર ઓળખતા અને સાથે મળીને સહકારથી (collaboration) કામ કરતા. તેઓ બધા સારો માલ પેદા કરવા અને વેપાર વધારવા સહિયારો (collective) પ્રયત્ન કરતા કેમ કે એમ કરવામાં જ માલિકો અને મજૂરોનું સમાન (common) હિત જળવાઈ રહેતું. એટલું જ નહીં, પણ ઉદ્યોગોના માલિકો, છૂટક કે જથ્થાબંધ વેપારીઓ અને ગ્રાહકોનો એક નિકટતાભર્યા સંબંધોવાળો સમાજ (community) રચાતો. વળી, તમામ જીવન જરૂરિયાતની વસ્તુઓ પેદા કરવાનાં સ્થળો, તેમાં રોકેલી મૂડી અને મજૂરોની સુખાકારી એ બધું જ જાણે સહિયારી માલિકીનું (communal) બની રહેતું.

હસ્તઉદ્યોગ અને સ્થાનિક વેપાર-વાણિજ્યની હસ્તીના જમાનામાં ગ્રાહકોની જરૂરિયાતો સંતોષવ,ા હાથમાં કસબ ધરાવનાર કુશળ કારીગરો અનેક પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન કરતા. પરંતુ માલના ઉત્પાદકો અને ઉપભોક્તાના સંબંધો પરસ્પર આધારિત હોવાને કારણે સમાજના એ બંને વર્ગો સહઅસ્તિત્વ (coexistence) ધરાવતા જેને કારણે એક સુમેળભર્યો (cohesive) સમાજ રચાયેલો રહેતો.

જ્યારથી ઉત્પાદન ક્ષેત્રમાં હાથનું સ્થાન મશીનો(યંત્રોએ)એ લીધું ત્યારથી એકને બદલે એકસો વસ્તુઓ પેદા થવા લાગી. હવે આટલો માલ વેચવો ક્યાં અને શી રીતે? એટલે નાના છૂટક વેપારીઓને હડસેલો મારીને ખરીદ-વેચાણ (commerce) કરનારી મોટીમોટી કંપનીઓ (companies) અસ્તિત્વમાં આવી. કંપનીઓએ પોતાના અતિ વિસ્તૃત સામ્રાજ્યને ટકાવી રાખવા, ગ્રાહક વર્ગને પોતાનો માલ ખરીદવા માટે લોભવવાનું (coerce) શરુ કર્યું. ખરું જોતા દરેક ઉત્પાદક એકમ અને વેપારી ઘટકને પોતે ટકી રહેવા અને આગળ વધવા માટે નફો કરવો અનિવાર્ય છે. આ હેતુ માટે ઉત્પાદક મંડળીઓ અને વેપારીઓ કદાચ પાકા માલ પર સવા ગણો ભાવ લેતા, જેથી એક ભાગ ઉદ્યોગ-વેપારને ટકાવવામાં અને બાકીનો પા ભાગ તેને વધુ કાર્યક્ષમ બનાવી વ્યાપ વધારવામાં વાપરી શકે; અને એ વ્યાજબી નીતિ હતી. પણ જ્યારથી કંપનીઓ વચ્ચે હરીફાઈ (competition) વધી ત્યારથી વ્યાપારમાં ધંધાદારી (commercial) વૃત્તિની બૂ આવવા લાગી. નફો કેટલો કરવો અને તેનું વિતરણ કેવી રીતે કરવું એ બધું જ માત્ર તેના માલિકો કે શેર હોલ્ડરોના હિતમાં વિચારાવા લાગ્યું.

વ્યક્તિગત કે સહકારી ધોરણે કામ થતું ત્યારે માલિક અને મજૂરો, વેપારીઓ અને વાણોતર તેમ જ ગ્રાહકો બધા જ એકબીજા સાથે કરુણાથી (compassion) જોડાયેલા (connected) રહેતા. તેને કારણે શોષણ કરવાની શક્યતાઓ ઓછી રહેતી. પ્રજાની જીવનરીતિ અને જરૂરિયાતોનો ક્યાસ વેપારીઓ, કારીગરો અને મજૂરોને રહેતો અને માલ કેટલી મહેનતથી, કેવી રીતે અને શેમાંથી પેદા થાય છે, એ ગ્રાહકો જોઈ શકતા એટલે પરસ્પરની સાથે અનુબંધ (correlation) કેળવીને આનંદ અને સંતોષથી (contended) રહેતા. ઉદ્યોગપતિઓ અને વેપારીઓ તથા ગ્રાહકોનો (consumers) સંબંધ માત્ર વસ્તુઓ બનાવનાર અને તેનો ઉપભોગ (consume) કરનાર કરતાં થોડો વિશેષ માનવીય હતો એ હકીકત છે.

વીસમી અને એકવીસમી સદીના પ્રગતિશીલ જમાનામાં એ જૂના સહકારી અને સહયોગી સંબંધોની જગ્યા વિધિવત્ કાયદેસરના કરારનામાએ (contract) લીધી છે, અને એટલે જ અનેકવિધ વસ્તુઓના માલનું ઉત્પાદન કરનાર કંપનીઓ, પોતાના કામદાર વર્ગની સાથે એમના સલાહકાર, માર્ગદર્શક કે કામની તક પૂરી પાડનાર ઉદ્યોગપતિ બનવાને બદલે એમના કામની ગુણવત્તા, કામના કલાકો અને વેતન પર નિયંત્રણ (control) રાખનાર જમાદાર બની રહે છે. આમ બનવા પાછળનું કારણ એ છે કે બધા પ્રકારના કામ-ધંધાઓ વ્યક્તિગત

(અનુસંધાન પાન 20 પરેથી)

સામનો હતો. નિર્દોષ ઈન્સાનોના લોહીનો એક દરિયો હતો ! અને નિષ્પાપ - નિષ્કલંક અબળાઓની કાળી ચીસો હતી ! અને એ બધું સરકારની ઉઘાડી આંખો સામે થઈ રહ્યું હતું ! … અરાજકતા કદાચ સરકારથી બળવાન હતી ! વિશેષ બળવાન !

હા, એ હું હતો. કાનપુરનો એક સરકારી અમલદાર સલાહુદ્દીનનો પુત્ર - બખ્તાવર ! આ બધી રવરવતી ભયાનકતાના હાથે, માનવતાનો શોર કરનારા માણસોની. પાશવતાના હાથે, વિભાજન પ્રસંગે હું છિન્નભિન્ન થયો હતો. અને ત્યાર પછી, મારા અલ્લાહની કૃપાથી, છાછરોમાં હું પુન: પગભર થઈ ગયો હતો. આજે ય પગભર છું.મારી ભાવિ નસલ પણ પગભર રહેશે –– ઈન્શાઅલ્લાહ !

હા, આ મારું જીવનવૃત્તાંત હતું. અને હવે છે મારો ને નૂરજહાંનો એક તેજસ્વી વારસદાર મુઝફ્ફર હુસૈન ! મુઝફ્ફર એટલે ફતેહમંદ, વિજયવંત. –– અને વિશેષમાં છે મારાં મોહસિનો સાંઈ ગુલામનબી, સુગરામા તથા ભગતકાકાની અવિસ્મરણીય યાદ ! – અને છે મારાં માતાપિતા સલાહુદ્દીન પાશા તથા નૂરન્નિસા પાશા કે જેમની યાદ મારા જીવનજંત્રના તારેતારમાં વણાયેલી છે ! …… અને …… અને … કાનપુર ……!

– સમાપ્ત –

[136 Stamford Street, Old Trafford, MANCHESTER M16 9LR, U.K.]

અને સ્થાનિક નાના સહકારી (co-operative) મંડળોની સીમા પાર કરીને પૂરા પ્રાંત, દેશ અને વિદેશો સુધી છવાઈ જવા લાગ્યા છે. અનહદ મોટી સંખ્યાના કર્મચારીઓથી ચાલતા ઉદ્યોગો, વેપાર-ધંધાઓના માલિકો અને નોકરિયાત-મજૂરો એકબીજાને ઓળખતા નથી. તેથી તેમણે પેદા કરેલ માલ કે સેવાઓમાં કોઈ માનવીય સ્પર્શ નથી હોતો. આવી બહુરાષ્ટ્રીય (corporate) કંપનીઓ, વિશ્વવ્યાપી વ્યાપારી સંગઠનો અને મોટા ઉદ્યોગપતિઓની સત્તા ભૂખ અને ધનલાલસા કોઈ સરમુખત્યાર કે ચક્રવર્તી રાજાને શરમાવે તેવી હોય છે. પોતાના સામ્રાજ્યને અખંડિત રાખવા, તેઓ વધુ ને વધુ આક્રમક વેપારી નીતિ વાપરીને, તમામ ગ્રાહકો અને સેવાઓ મેળવનારના વલણો અને વિચારોમાં બદલાવ (conversion) લાવીને, એમને ધીમે પણ મક્કમ પગલે સહકારી ઉદ્યોગ/વ્યાપારના મુકામ પરથી ઉઠાવીને મહાકાય એકહથ્થુ સત્તાધારી બહુરાષ્ટ્રીય ધંધા/વેપાર તરફ એવી રીતે ફૂંકી ફૂંકીને લઈ જઈ રહ્યા છે કે આપણે તેઓના આ દુષ્કૃત્યના ભોગ બની રહ્યા છીએ, એનો અણસાર પણ નથી આવતો. (અહીં વાચકોનું ધ્યાન દોરવા માગું છું કે કાળી શાહીમાં લખેલા શબ્દોના અંગ્રેજી પર્યાય શબ્દો coથી શરુ થાય છે જે સામાન્ય રીતે હકારાત્મક સંદર્ભમાં વપરાય છે.)

ઉદ્યોગ-વેપારના ઢાંચામાં આવતા બદલાવને કારણે આપણાં અર્થકારણ, સમાજ વ્યવસ્થા અને નૈતિક મૂલ્યો પર પણ અસર થાય છે. ઉદાહરણ તરીકે જોઈએ : હવે નાના દુકાનદારો સુપર માર્કેટના મોટા સાવરણાની ઝાપટથી વળાઈને કચરાપેટીમાં શરણું શોધવા લાગ્યા છે. ભારતની સ્થાનિક અને કેન્દ્રીય સરકારો મતદારોને ખુશ રાખવા અને વિદેશી કમ્પનીઓ પાસેથી મળનારા નાણાના લોભામણા વચનથી દોરવાઈને 'ટેસ્કો' અને 'વોલમાર્ટ' જેવી અજગર છાપ સુપરમાર્કેટ કંપનીને ભારતમાં પગપેસારો કરવાની પરવાનગી આપે છે, તેનું પરિણામ શું આવશે તે શું સત્તાધારીઓ જાણે છે?

નવી તારીખ નવું પાનું છે
હેપી ન્યુ યર આવવાનું છે
ઘડીના લગોલગ છે બાહુ
ફરી નાચવાનું બહાનું છે
થયું આ વરસ પાયમાલ
અને ખાલી મનનું ખાનું છે
જવા દે ન પૂછ કેવું ગયું
કેવું હશે નવું જોવાનું છે
કરીએ આંખ બંધ બાબુલ
કહે છે કે સપનું મજાનું છે

– 'બાબુલ'

e.mail : drvision@gmail.com

આર્થિક દ્રષ્ટિથી જોઈએ તો એવી મોટી કંપનીઓ ભારતમાં જે નફો કરશે તેનો બહુ નાનો હિસ્સો ભારતના મેનજર અને વાણોતરને ભાગે આવશે. એ યાદ રહે કે આ બન્નેમાંથી એક પણ કંપની સહકારી કંપની નથી તેથી એના એક કે બે મેનેજિંગ ડાયરેક્ટર પોતાની જાતને બીજા સહુ કરતાં સોથી બસો ગણો મુનાફો એનાયત કરી દેશે. વળી વધુને વધુ લોકો એવા સ્ટોર્સમાંથી ખરીદી કરવામાં ગૌરવ અનુભવશે, તેથી પરવડે કે ન પરવડે તો પણ ત્યાં જ ખરીદી કરવા જશે, તેથી પણ આપણા સ્થાનિક વેપારીઓના પેટ પર પાટુ પડશે. હજુ આટલું પૂરતું ન હોય તેમ એ સુપરમાર્કેટ જથ્થાબંધ માલ ખરીદે તેથી છૂટક વેપારીઓ કરતાં સસ્તા ભાવે વેચે, તેથી પાછો નાના દુકાનદારોને બેવડો માર પડે તે નફામાં. નાનો વેપારી તમારા જ કે તમારા પડોશી ગામનો વતની હશે અને 'વોલમાર્ટ'ના ડાયરેક્ટરો બીજા દેશના માલેતુજાર કરોડોપતિ હશે, એ ધ્યાનમાં રાખવા જેવું છે. એવી દલીલ કરવામાં આવે છે કે નાના વેપારીઓને અને બીજા અનેક બેકાર લોકોને આવી કંપનીઓ નોકરી આપશે. અલ્યા ભાઈ, એ તો દુકાનદાર મટીને વાણોતર બનવા જેવું છે.

બીજી થઈ સમાજ વ્યવસ્થા ઉપર આવા સુપરસ્ટોર્સના પ્રભાવની વાત. નાની દુકાન શેરીને નાકે હોઈ શકે પણ આવી તોતિંગ બજારોને ગામ બહાર ઝાઝી જગ્યા જોઈએ, એટલે કે જેમની પાસે અંગત વાહનની જોગવાઈ હોય તે જ ખરીદી કરવા જઈ શકે. 'ટેસ્કો' કે 'વોલમાર્ટ'ની થેલી હાથમાં ઝૂલતી હોય તો સમજવું કે એ સન્નારીની પોતાની અથવા તેના પતિદેવની કમાણી તગડી હશે. આમ સામાજિક ભેદભાવનું એક પરિબળ ઉમેરાયું. આવા સ્ટોર્સના મૂળ માલિક જોજનો માઈલ દૂર બેઠા હોય છે અને સ્થાનિક વહીવટ પણ અંગત પેઢી ન ચલાવતી હોઈને ગ્રાહકો સાથે મીઠાશ ભર્યા સંબંધો કે તેમના ક્ષેમ કુશળની આપલે તેના કર્મચારીઓ ન કરે તો પણ ગલ્લામાં પૈસા એકઠા થશે અને દિવસને અંતે, પોતાને બાંધ્યો પગાર મળશે, એવી ખાતરી હોવાથી ગલ્લે બેસનાર યુવક-યુવતી એક બનાવટી હાસ્ય સિવાય ગ્રાહક સાથે કોઈ વ્યવહારની આપ-લે કરતાં નહિ જોવા મળે. ભલું હશે તો તેમાં ય જાતે વસ્તુ પરના બાર-કોડને સ્કાન કરી, બીલ છાપીને પૈસા આપીને ખરીદી કરવાની 'સુંદર સુવિધા' હશે, પછી તો પચ્ચીસેક ગલીઓમાં ખડકેલા માલવાળા સ્ટોરમાં ભાગ્યે જ ચાર વાણોતરો માલની પૂર્તિ કરતા અને બે સંરક્ષકો (ગ્રાહકો ચોરી ન કરે તેનો ખ્યાલ કરવા) જેવા માનવ ચહેરાઓ જોવા મળશે, અને તે પણ વેઠ કરતા હોઈને ખાસ્સા કરમાઈ ગયેલા હોય છે. ક્યાં મારા શેરીના નાકે દુકાન ચલાવતા મગન અને રેકડીમાં શાક લાવતા પ્રવીણ સાથેનો વાર્તાલાપ, એનું શાક સાથે ઉપરથી કોથમીર-મરચાંનું ઉમેરવું કે આગલે દિવસે વાસી ટમેટાં પધરાવી દેવાના પસ્તાવા રૂપે ખાસ કાળજી કરીને આજે તાજાં મોટાં ટમેટાં આપવાની પ્રમાણિકતા અને ક્યાં આ વાસી ખાટી આંબલી જેવા અવૈયક્તિક માહોલમાં એક સરખો માલ વેચતી દુકાનો? આમાં માલ બનાવનાર, વેપારી અને ગ્રાહકો વચ્ચે કોઈ જ ઓળખાણ કે સંબંધ ન રહેવાને કારણે એ ખરીદેલી વસ્તુઓમાં શો સ્વાદ રહેશે ભલા?

કોર્પોરેટ કંપનીઓ દ્વારા ચાલતા વેપાર-ધંધાઓએ જો સહુથી મોટું નુકસાન કર્યું હોય તો એ છે, નૈતિક મૂલ્યોનું ધોવાણ. 'નેસ કાફે'ની કંપની તેના કોફી ઉગાડનાર મજૂરોને અપૂરતી મજૂરી આપે, દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિથી હજારોને અન્યાય થતો હોય કે તૈયાર ખાવા-પીવાની વસ્તુઓમાં અનેક વસ્તુઓનું ઉમેરણ કરવામાં આવતું હોય તેથી કંઈ એ સુપરમાર્કેટોને કોફી, સંતરાં કે કેઈક વેચવામાં અંતરાત્મા જરા ય ડંખતો નથી હોતો, અને હજારોની સંખ્યામાં ગ્રાહકો પણ એવા શોષણખોર રસ્તે મળેલ માલનો ઉપયોગ કરવા ટેવાઈ જતા હોય છે. પશ્ચિમી જગતમાં જે વાવે તે પોતાની પેદાશ ખાતો/પહેરતો/વાપરતો નથી, અને જે ખાય/પહેરે/વાપરે તે પેદા કરતો નથી. આ તે કેવી અર્થ વ્યવસ્થા કે જેમાં ગોવાળ માખણ બનાવનારને, માખણ બનાવનાર એના વેપારીને અને વેપારી માખણ ખાનારને કદી જાણવાનો નથી? 'ટેસ્કો' અને 'વોલમાર્ટ' બધાને રસોઈ કરવાથી વિમુખ બનાવી દેશે એ આપણને પરવડશે? વળી સસ્તા અને વાસી માલથી પેટ ભરવાને કારણે લોકોના સ્વાસ્થ્ય પર પણ બૂરી અસર પડે એ વધારામાં.

ભારતવાસીઓ જાણે છે કે વિદેશોમાં ય બેકારી વધી છે. એ અંશતઃ મશીનોના વધુ પડતા ઉપયોગ અને આવા વિરાટકાય વેપાર-ધંધાને આભારી છે. આપણા દેશને વિદેશી કંપનીઓના પગપેસારાને કારણે થતી આવી પાયમાલી ન જ પોસાય. ધ્યાન રહે કે આવી સુપરમાર્કેટ ભારતમાં ખોલવા પાછળ માત્ર એ કંપનીઓને જ ફાયદો છે. બીજો લાભ તેને મંજુરી આપનારા રાજકારણીઓ અને તેની સાથે સંકળાયેલા કાચા અને તૈયાર માલ પૂરો પાડનાર નાના-મોટા ઉદ્યોગોને થઈ શકે. મારી વાડીમાં ઉગતાં ટમેટાં 'ટેસ્કો' બાંધ્યા ભાવે ખરીદી લેવાની બાંહેધરી આપે, તો મને એમનું મારા ગામમાં આવવું સારું જ લાગે, પરંતુ લાંબે ગાળે તે બીજા બધાને કઈ કઈ રીતે લાભદાઈ થશે, તે જરૂર જોવું રહ્યું. અરે, હું તો એમ કહીશ કે ધનવાનોને જો સુપરમાર્કેટ ઢબથી ખરીદી કરવાના અભરખા હોય જ, તો નાના-મોટા શાકવાળા, કરિયાણું વેચનારાઓ અને બીજી જીવન જરૂરિયાતો વેચનારાઓનું સંગઠન કરીને એક સરસ મજાની સહકારી બજાર બનાવો, જે ખેડૂતો, વાડીના માલિકો અને અન્ય વપરાશની વસ્તુઓ બનાવનારને એમનો માલ કિફાયતી દામે ખરીદવાની ખાતરી આપે અને સાથે સાથે ગ્રાહકોને ખાત્રીબંધ માલ પોસાય, તેવા દામથી પૂરો પડવાની જોગવાઈ કરી આપે.

મને ખાતરી છે કે ગામે ગામ લોકો જાગૃત થઈ જશે અને વિદેશી કંપનીઓની મોહિનીના મોહપાશમાં લપેટાઈને સ્થાનિક વ્યાપાર-ઉદ્યોગોને ભસ્મીભૂત નહીં થવા દે.

Email: ten_men@hotmail.com

કોમરેડ શાપુરજી સકલતવાલા : અનોખા પારસી

• અમૃત ગંગર

૧૯૨૯ની ખાણિયાઓની રાષ્ટ્રવ્યાપી હડતાળને સકલતવાલાએ પોતાનો પૂરેપૂરો ટેકો જાહેર કરીને લંડનના હાઈડપાર્કના જાહેર ભાષણમાં બ્રિટિશ લશ્કરને હડતાળ પર ઉતરેલા મહેનતકશો પર ગોળીબાર નહીં કરવા માટે અપીલ કરી હતી, પરંતુ બ્રિટિશ સરકારે તેમને બે મહિનાની કેદની સજા ફટકારી દીધી હતી

આપરી મુંબઈ નગરીમાં જન્મેલા અને સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ભણેલા કોમરેડ શાપુરજી સકલતવાલા (૧૮૭૪-૧૯૩૬) એક અનોખા પારસી હતા, તેનો કોઈ પુરાવો આપવાની આવશ્યકતા જ ન હોય, પરંતુ તેમને યાદ કરીને સલામ જરૂર ભરવી જોઈએ તેમ બિદેશીની સિવાય મીનળ અને મુંજાલ પણ માને છે. જોગાનુજોગે એવનને યાદ કરતા હતાં ત્યારે અમે ફલોરા ફાઉન્ટનથી ટાઉન હોલ તરફ જઈ રહ્યા હતા અને રસ્તામાં ટાટા ગ્રુપના હેડક્વાર્ટ્સ બૉમ્બે હાઉસના મકાનને જોતાં જ આજે જરા વધારે ગંભીર મૂડમાં જણાતી મૂડી બિદેશીની મને પૂછે છે, શું શાપુરજી સકલતવાલા ટાટા કુટુંબના નહોતા? અલબત્ત હતા, હું બિદેશીનીને ઉત્તર આપું છું. એવને પોતાના કાકાજીની કંપની ટાટા ઈન્ડસ્ટ્રીઝ માટે કામ કરવાનું પણ શરૂ કર્યું હતું, પણ તબિયત સતત નાદુરસ્ત રહેવાથી ૧૯૦૫ના ઓકટોબર મહિનામાં તેઓ સારવાર માટે ઈંગ્લૅન્ડ ગયા હતા. ત્યાં કાયદાનો અભ્યાસ કરીને બાર-ઍટ-લૉ પણ થયા. વાચનપ્રિય બિદેશીની તો શાપુરજી સકલતવાલાની ડિકરી સેહરી સકલતવાલા લિખિત 'ધ ફિફ્થ કમાન્ડમેન્ટ' નામની એવનના પાપાની બાયોગ્રાફી પણ વાંચીને આવી હતી. વળી કહે, 'હાલે પ્રગટ થયેલા સુચેતના ચટ્ટોપાધ્યાય લિખિત પુસ્તક 'ઍન અર્લી કમ્યુનિસ્ટ: મુઝફર અહમદ ઈન કલકત્તા ૧૯૧૩-૧૯૨૯'માં મેં પ્રથમ વાર શાપુરજી સકલતવાલાનો ઉલ્લેખ વાંચ્યો હતો.' દેખીતી રીતે જ્ઞાતિ બિદેશીની સાથે વાત કરવામાં બહુ સાવધ રહેવું પડે. પણ ખેર આજે શાપુરજી સકલતવાલા નામના મૂળ મુંબઈગરા અનોખા પારસીની વાતો તો કરવી જ છે. તો સુણો સુજ્ઞજનો અઢળક શ્રીમંતાઈને વરેલા આ પારસી કેવી રીતે ક્રાંતિકારી સામ્યવાદી થયા તેની વાત સુણો ...

આજથી નેવું વર્ષ અગાઉ એટલે ૧૯૨૨માં ઈંગ્લૅન્ડના ઉત્તર બૅટર્સી કૉન્સ્ટિટ્યૂન્સીમાંથી કોમરેડ સક (સકલતવાલાના બિરાદરો એવનને એ રીતે સંબોધતા હતા) બ્રિટિશ પાર્લમિન્ટ(હાઉસ ઑવ્ કૉમન્સ)માં સામ્યવાદી સભ્ય તરીકે ચૂંટાઈને આવ્યા હતા. હાઉસ ઑવ્ કૉમન્સમાં સકલતવાલા નિર્ભયપણે મહેનતકશોના હકો માટે લડતા રહ્યા હતા. ઉત્તર બૅટર્સી એટલે બ્રિટિશ પાર્લમિન્ટનો દક્ષિણ લંડનનો હાઉસ ઑવ્ કૉમન્સના સભ્યપદ માટે ચૂંટણી લડવા માટેનો મતદાર વિભાગ. દાદાભાઈ નવરોજી અને મંચેરજી ભાવનગરી પછી શાપુરજી સકલતવાલા યુનાઈટેડ કિન્ગડમની પાર્લમિન્ટના ત્રીજા ભારતીય સભ્ય હતા. ૧૯૦૭ના વર્ષથી જ શાપુરજી સકલતવાલાએ બ્રિટનના ડાબેરી રાજકારણમાં ઊંડો રસ લેવાનું શરૂ કરી દીધું હતું અને તરત જ ઍચ. ઍમ. હાઈન્ડમૅનની આગેવાની હેઠળના સમાજવાદી પક્ષ સોશિયલ ડૅમોક્રેટિક ફેડરેશનમાં જોડાયા હતા. બે વર્ષ પછી તેઓ ઈન્ડિપેન્ડન્ટ લેબર પાર્ટીમાં જોડાયા હતા અને એ પક્ષના ટેકામાં બ્રિટનમાં ઠેકઠેકાણે જાહેર પ્રવચનો આપવા સિવાય 'ધ લેબર લીડર' નામના વૃત્તપત્રમાં લેખો પણ લખવા માંડ્યા હતા. ૧૯૨૧માં એવન બ્રિટનના સામ્યવાદી પક્ષમાં જોડાયા હતા અને ૧૯૨૨ની પાર્લમિન્ટની સામાન્ય ચૂંટણીઓમાં એ પક્ષના સભ્ય તરીકે જીત હાંસલ કરી હતી. ૧૯૨૯ની ખાણિયાઓની રાષ્ટ્રવ્યાપી હડતાળને સકલતવાલાએ પોતાનો પૂરેપૂરો ટેકો જાહેર કરીને લંડનના હાઈડપાર્કના જાહેર ભાષણમાં બ્રિટિશ લશ્કરને હડતાળ પર ઉતરેલા મહેનતકશો પર ગોળીબાર નહીં કરવા માટે અપીલ કરી હતી, પરંતુ બ્રિટિશ સરકારે તેમને બે મહિનાની કેદની સજા ફટકારી દીધી હતી. ૧૯૨૫માં ઈન્ટર-પાર્લમિન્ટરી કોન્ફરન્સમાં બ્રિટિશ ડેલિગેશનના સભ્ય તરીકે ભાગ લેવા માટે સકલતવાલાને યુ.એસ.એ. જવું હતું, પણ યુ.એસ.એ.માં કોઈ પણ ક્રાંતિકારીને પ્રવેશવા માટે પ્રતિબંધ હતો, એવું બહાનું આપીને ત્યાંના એ વખતના સેક્રેટરી ઓવ્ સ્ટેટ, મિ. વિલોગે સકલતવાલાનો વિઝા રદ કર્યો હતો. ૧૯૨૭માં કોમરેડ શાપુરજી સકલતવાલા જ્યારે ભારત આવ્યા હતા, ત્યારે એવનનું ઠેકઠેકાણે સન્માન થયું હતું. ભારતથી એવનને ઈજિપ્ત જવું હતું, પણ એ માટે એવન પર મનાઈહુકમ ફરમાવવામાં આવ્યો હતો. ભારતથી યુ.કે. પાછા ફર્યા, ત્યારે ફરીથી ભારત આવવા માટે પણ એવન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. એટલે કે શાપુરજી સકલતવાલા પોતાની જન્મભૂમિ પર ફરી પાછો પગ મૂકી શકવાના નહોતા.

એક વર્ષના પરિણય પછી ૧૪ ઓગસ્ટ, ૧૯૦૭ના દિવસે શાપુરજી સકલતવાલા અને સારાહ (સૅલી) એલિઝાબેથ મૂરસાઈડ, ઓલધૅમના સેન્ટ થોમસ ચર્ચમાં લગ્નના બંધને બંધાયા હતા. માન્ચેસ્ટરના બ્રિટિશ વેસ્ટિન્ગ હાઉસમાં કામ કરતા હતા ત્યારે સકલતવાલા પત્ની સારાહ એલિઝાબેથ અને તેમના બાળકો સાથે સેલફોર્ડમાં રહેતા હતા. ૧૯૩૪માં સકલતવાલાએ એક વાર ફરી યુનિયન ઓવ્ સોવિયેટ સોશ્યાલિસ્ટ રિપબ્લિકની મુલાકાત લીધી હતી ત્યારે લેનિનગ્રાડ અને મોસ્કોમાં લાખો મહેનતકશોએ એવનને ખૂબ ઉમળકા અને ઉષ્માભર્યો આવકાર આપ્યો હતો. તુર્કિસ્તાન, કઝાકસ્તાન અને ટ્રાન્સ-કોકેશિયામાં રહેવાસ દરમિયાન અઠવાડિયાઓ સુધી જુલમી ઝારશાહીમાંથી મુક્તિ પામેલા કિસાનો અને મજૂરોએ એવનને જે પ્રેમ અને આદર આપ્યો હતો તે ખરેખર અનેરો હતો. કોમરેડ શાપુરજી સકલતવાલા આવી મુક્તિ માટે ૧૯૧૭માં રશિયામાં થયેલી ક્રાંતિને યશ આપતા.

માન્ચેસ્ટરમાં શાપુરજી કલેરિઅન કલબમાં જોડાયા હતા અને તેની સાપ્તાહિક સભાઓમાં વકતવ્ય પણ આપતા. આ કલબની સભાઓમાં સ્વાતંત્ર્યસેનાની અને જાણીતા વક્તા બિપિનચંદ્ર પાલ પણ હાજરી આપતા હતા. લાલ (લાલા લજપતરાય), બાલ (બાલ ગંગાધર ટિળક) અને પાલની ત્રિપુટી તો ભારતીય આઝાદી ચળવળના ઈતિહાસમાં જાણીતી છે. બિપિનચંદ્ર પાલના સુપુત્ર નિરંજન પાલ (૧૮૮૯-૧૯૫૯) બોમ્બે ટોકીઝના સ્થાપક હિમાંશુ રાય અને દેવિકા રાણીના મિત્ર હતા અને રાયના મૂકપટો ધ લાઈટ ઓવ્ એશિયા (૧૯૨૫) અને અ થ્રો ઓવ્ ડાઈસ(૧૯૨૯)ના પટકથા લેખક હતા. મલાડસ્થિત બોમ્બે ટોકીઝમાં જોડાયા પછી અછૂત કન્યા (૧૯૩૭) જેવા બોલપટોની પટકથા પણ નિરંજન પાલે જ લખી હતી. આ થઈ થોડી આડવાત. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકારણ અને ટ્રેડ યુનિયન મૂવમેન્ટમાં આપેલા પારસીઓના ફાળામાં રહેલા વૈવિધ્યની વાત રસપ્રદ જણાય છે.

એક બાજુ હોમી મોદી, મીનૂ મસાણી અને પીલૂ મોદી જેવા ખુલ્લા બજાર અને ફ્રી ટ્રેડના સ્વતંત્ર પક્ષના સ્થાપકો અને હિમાયતીઓ જોવા મળે તો બીજી બાજુ હોમી દાજી જેવા સામ્યવાદી.

બ્રિટનના હાઉસ ઓવ્ કોમન્સમાં એક તરફ દાદાભાઈ નવરોજી જેવા લિબરલ ને મવાળ વિચારધારા ધરાવતા સભ્ય હતા તો સામે સામ્યવાદના પ્રખર પ્રણેતા શાપુરજી સકલતવાલા જેવા ડાબેરી ને ક્રાંતિકારી સભ્ય પણ જોવા મળે. માર્ક વેડ્સવર્થ લિખિત અને યુ.કે.માં પ્રગટ થયેલું પુસ્તક 'કોમરેડ સક: શાપુરજી સકલતવાલા એમ.પી. - અ પોલિટિકલ બાયોગ્રાફી' પણ વાંચવા જેવું છે. અમ્રિતબાબુ પારસીઓ વિશે આવી અનોખી વાતો સાંભળતાં અમારું ત્રીજું નેત્ર ખૂલતું જાય છે. અમારા માટે તો તમે પણ અનોખા જ છો, યુનિક. બિદેશીની ઈઝ વેરી કાઈન્ડ ટુ મી ...

આજની કહેવત :

ખટપટિયાના કાન ઊંચા.

(સૌજન્ય : 'ડીપ ફોકસ' કટાર, "મુંબઈ સમાચાર", 11.10.2012)

એતાનશ્રી –

વહ્યું, ગયું, તેની યાદ

• સોમવારથી ગુરુવાર ઘરમાં, ગામમાં, બલકે રાજ્યના મહત્તમ વિસ્તારમાં લાઈટ ન હતી. લાઈટ વગર બધ્ધું જ ચોપટ, ઘરમાં મીણબત્તી ને કોડિયાંથી કામકાજ ચાલ્યું. સમયની ખોટ નહીં, અમે સ્વામિનારાયણી પુસ્તક વાંચન શરૂ કર્યું. અમારા પ્રમુખ સ્વામીના ગુરુ યોગી બાપા. એમના ગુરુ શાસ્ત્રી મહારાજ. હું બે વર્ષનો હતો ત્યારે એમણે કંઠી બાંધી, મારું નામ શશીકાન્ત પાડેલું. મારાં દાદી ડહીબાએ જીવનપર્યંત મને આ નામે જ બોલાવેલો. આ સ્મૃતિમાં હું 'શશી' શબ્દ વાપરું છું.

યોગીજી મહારાજ સ્મૃતિને 'સમર્તિ' કહેતા. એમણે ત્રણવાર સોરઠની પંચતીર્થી કરેલી. સહજાનંદ સ્વામીએ સોરઠમાં જ્યાં જ્યાં વિચરણ કરેલું તે પ્રસાદીના સ્થળોનાં મહિમાએ સહિત દર્શન, તે પંચતીર્થી માહત્મ્ય. આમાં વેરાવળ, સોમનાથ, કાલવાણી, કેશોદ, માંગરોળ, લોજ, પંચાળા, અજાબ, ઢાંઢાંવાડા, અગવાઈ, વણથલી, મેઘપુર, પિપલાણા, આખા, સરદારગઢ, માણવદર, ભાયાવદર, વરજાંઘ જાળીઆ, ગણોદ, ઉપલેટા, ધોરાજી, ફણેણી, ભાદરા, ડાંગરા, આદિ સ્થળોનો સમાવેશ થયો છે. યોગીજી મહારાજ સાથે પંચતીર્થી વિચરણમાં તે વખતે જે સંતો હતા, તેમણે એમની સ્મૃતિ નોંધ અનુસાર ૧૯૮૨માં જે પુસ્તક પ્રગટ કર્યું તે 'સમર્તિ'.

સેન્ડિને કારણે પુન: 'સમર્તિ' ગ્રંથ મેં વાંચ્યો. શબ્દ તાજો હતો, આમ કાવ્ય શીર્ષકમાં મેં એનો ઉપયોગ કર્યો. વહ્યું, ગયું, તેની યાદ, તે સમર્તિ જ ને ? … એક શબ્દ માટે ઘાણું લખ્યું, જે બદલ ક્ષમા યાચના.

– પ્રવીણ પટેલ 'શશી'

e.mail : pcpatelxshashi@aol.com

સેન્ડિ સમર્તિ

• પ્રવીણ પટેલ 'શશી'

વીજળી ડુલ,
કોની આ ભૂલ ?
ના ટીવી, ટેલિફૂન ને કમ્પ્યુટર,
કેદ થયો હું ઘરમાં,
ને, ઘર થયું કેદ મુજમાં !

પવન, ખફા,
મોટી આ જફા;
સાંયસાંય ને ધમપછાડ,
ઘર હલે, ઝાડ ધૂણે,
ને, મન બિચારું ડરે મુજમાં !

વર્ષા ધાર ?
ના, મૂશળધાર ;
કરશે શું જળબંબાકાર ?
બંધ રસ્તા, ઠપ સઘળું,
ને, પાળ બાંધું મોટી મુજમાં !

એક દી, ચાર દી,
ના સંચાર, ના વિચાર;
કશું જ નહીં, નવરો ભૂત,
બન્યો હું બૂત,
ને, પીપળો એક ફુટ્યો મુજમાં !
ફાનસ-કાનસ,
ને, જોયાં મેં માણસ;
આમ ફરે, તેમ ફરે,
પ્રશ્ન જ પ્રશ્ન,
ને, ઘડભાંજ ચાલે મારા મનમાં !

ઠીક બધું,
હાશ ! બેઈઝમેન્ટ કોરું;
ફ્રિઝરે, પણ રેલા,
ભર્યા પછી તો થેલા,
ને, ફરતો રહ્યો મેલ મનમાં !

કેવી સમર્તિ ?
જાણે એક ડામ;
નાશ, વિનાશ, ભિનાશ,
રૂએ રુદિયું છાનુંછપનું,
ને, જગ લાગે ખારું ઉસ મનમાં !

કુદરત કમાલ ?
ના, એક સવાલ;
જાન બચ્યો, થેન્ક્સ ગોડ,
યુ આર ધ ગ્રેટ,
ને, તાપ-પરિતાપ શમ્યો મનમાં !

(ન્યુયોર્ક/જર્સિ કિનારે 'સેન્ડિ' વાવઝોડાંએ મચાવેલ ઉત્પાત પશ્ચાત્)

નવેમ્બર ૨, ૨૦૧૨

e.mail : pcpatelxshashi@aol.com

માળો ચૂંથાણો

• ઈન્દુલાલ ગાંધીની કવિતાના ભાવો અને સ્પંદનો ઑક્ટોબર અંકમાં છવાઈ ગયા છે. અને એટલે અંક રસપ્રદ અને ઐતિહાસિક બની રહ્યો. એ અંગે થોડીક વાતો કરવાનો આશય છે.

પહેલી વાત : કવિતાના ભાવો, સ્પંદનો દીપક બારડોલીકરની હપ્તાવાર નવલકથા 'બષ્પાવર'માં સરસ રીતે ઝીલાયા છે. દીપકભાઈ ઐતિહાસિક ઘટનાને પોતાના અનુભવની એરણે ચઢાવે છે અને તેથીસ્તો વાચકને લાગણીઓમાં ઝબોળે છે. પરિણામે રસતરબોળ કરી વાચકના વાર્તાનાયક બનાવવામાં લેખક સફળતા મેળવે છે.

અને આ નવલકથાનું બહુ જ મોટું જમા પાસું એટલે દીપકભાઈની ભાષાશૈલી; એ શૈલી જ અનોખી છે, એમના મિત્ર - સખા, દિવંગત ચંદ્રકાન્ત બક્ષી જેવી, એમના અવનવા ભાષાપ્રયોગથી તથા નવા જ શબ્દ-રચાતા શબ્દપ્રયોગથી વાચકોના વાચન આનંદને બેવડાવે છે અને સાથે સાથે આવા શબ્દપ્રયોગથી વાચકોને પડકાર ફેંકે છે. "નિરીક્ષક"ના તંત્રી પ્રકાશ ન. શાહ અને "ઓપિનિયન"ના તંત્રી વિપુલ કલ્યાણી પણ આવી જ સબળ અને આગવી શૈલીથી ગુજરાતીમાં લખે છે. વાચકોને આપણી ગુજરાતી ભાષાની વિપુલતા, વિવિધતા અને સબળતાના દર્શન કરાવે છે. એક અંગ્રેજ ભાષાજ્ઞ ડેવિડ ક્રિસ્ટલે એમના પુસ્તક 'Think on My Word'માં આવી માતબર, આગવી શૈલીને બિરદાવતા લખ્યું છે : 'સામાન્ય અને દૃષ્ટાન્તરૂપ ભાષાપ્રયોગ વચ્ચે ભેદ તમે કેટલા શબ્દો વાપરો છો એનાથી નથી પડતો; એ શબ્દો દ્વારા તમે શું હાંસલ કરો છો, એનાથી પડે છે. એ માટે ભાષાનો અપૂર્વ પ્રકારનો પ્રયોગ જરૂર પડે ત્યાં જ નવા પ્રયોગની સફળ અજમાયશ એમાં એક અસામાન્ય કળા સમાયેલી છે.' દીપકભાઈની નવલકથામાં એમની અનોખી ભાષાશૈલીએ મુસ્લિમ માહોલ અને બિરાદરીને રજૂ કર્યા છે. ભારતખંડની ઐતિહાસિક વિભાજન ઘટનાને પહેલી વખતે એક ગુજરાતી લેખકે આ રીતે મૂર્તિમંત અને ચરિતાર્થ કરી હોય. અંગ્રેજીમાં ખુશવંતસિંહનું લખેલું પ્રખ્યાત પુસ્તક Train to Pakistan દીપકભાઈની આ નવલ, 'બષ્પાવર' વાંચતાં યાદ આવી ગયું. અને તે એટલું સબળ રહેવાનું.

ઑક્ટોબર અંકની બીજી વાતો પર આવીએ : ચાર દાયકા પર યુગાન્ડામાં ભારતીયોનો 'ચકલાનો માળો ચૂંથાણો' એ ઘટનાને વિપુલભાઈએ ચરિતાર્થ કરી. ઘણી તટસ્થતા દાખવી. જુદા જુદા મંતવ્યો અને તારણો તેમ જ આંકડાઓ તપાસી એ ઘટના પર પ્રકાશ ફેંક્યો. આ એમનો લેખ અને બીજો લેખ 'ભોમકાના ભમનાર પ્રવાસી' દસ્તાવેજીકરણ લેખો તરીકે ડાયસ્પોરિક સાહિત્યમાં ગણાતા રહેશે.

પશ્ચિમના દેશોમાં અને ખાસ કરીને ઇંગ્લૅન્ડમાં આવી વસાહત કરનારાઓ નવેસરથી માળો બાંધી રહ્યા છે, એ ઘટના પર સોનલ શુક્લ અને ઉત્કર્ષ મઝુમદારના ચરિત્રલેખો રસપ્રદ બની રહ્યા.

અને છેલ્લે વાત : ભોમકાના ભમનારાઓમાંથી સૌથી શ્રેષ્ઠ મહામાનવ અને ભારતીય વસાહતીની કોમમાં દાખલા સ્વરૂપની વાત એક અમેરિકી લેખક જોસેફ લેલિવેલ્ડે કરી એમના પુસ્તક 'ગ્રેટ સોલ - મહાત્મા ગાંધી'માં, અને એ પુસ્તક પરનું લાંબું ને અવનવું વિવેચન આપ્યું દીપક ધોળકિયાએ. બારેબાર પ્રકરણો "ઓપિનિયન"ના અંકોમાં પ્રગટ થયા. ઑક્ટોબર અંકમાં આ ભાતીગળ લેખનકામ સમાપ્ત થયું. આ બારે ય પ્રકરણો વાંચતાં વાચકોને જરૂર એવો અહેસાસ થયો હોય કે જાણે લેખકનું મૂળ પુસ્તક જ વાંચી લીધું. દીપકભાઈને સહૃદય અભિનંદન હજો. વિપુલભાઈ, આવા પ્રતિષ્ઠિત અને સબળ લેખકોને તમે "ઓપિનિયન"ના મંચ પર લઈ આવો છો તેથી પ્રસન્નતા અનુભવીએ છીએ. તમને ય અભિનંદન.

– ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

[Kamal Kunj, 3 Buckingham Mews,
SUTTON COLDFIELD, West Midlands,
B73 5PR, U.K.]

હરખ પામવા આથી વધારે જોઈએ ય શું ?

• જુલાઈ 2012ના "ઓપિનિયન" રસથાળે જામો પાડ્યો. વરસોથી આ ઋતુ આવે ને ભીંજાવાની ઝંખના જાગે, આ ટેવ આમ તો ભુલાવા આવેલી પણ તમે તો સાંબેલાધાર ભીંજવ્યા ભૈ.

સંસ્કૃતિમાં શબ્દકોશની રીતે હોય કે ન હોય પણ સમજણની રીતે સહુએ સાથે મળી .. સમ કૃતમ્ ઈતિ..નો ભાવ જરૂર જાગે છે.

આલેખ (મુદ્રણદોષ નથી) થકી અમને જે રખોપાંવટ અને ઉત્થાન સંબંધી જાણકારી મળી એ સરસ થયું. આ દસ્તાવેજીકરણ ખસૂસ અનિવાર્ય નીવડવાનું. … આભાર તો શેનો માનવાનો ? પણ થેન્ક્સ.

અપાર રૂપવતી અને અલૌકિક દર્શનીય સ્ત્રીને જોઈ ગદ્‌ગદ્ થઈ જવાય એવો નૂતનબહેનનો નારી સંવેદનાનો ડાયસ્પોરા સંદર્ભ સહજ સમજાય છે. એમની વાર્તા મર્મ પામી ભાવક અને વિવેચકીય અનુભવ વહેંચવાની રીત સ્પર્શી ગઈ. સરસ રીતે હાર્દ મૂકી આપ્યું. પણ એમણે લેખ લખવામાં જે જહેમત ઉઠાવી હશે એટલી જ જહેમત એ લેખનું પહેલું પાનુ વાંચતા પડી.

ગાંધીને પામવાનો જ્ઞાન માર્ગ અને હિંદ સ્વરાજ એક અધ્યયન મને ગમે જ ગમે. (હવે આ બધું છાપે એવા સામાયિકો છે ક્યાં ય?) અને ભોળાભાઈ પટેલનો લેખ, ચિરાગ ઠક્કરની ઓ હેન્રીની યાદ અપાવે એવી સરસ વાર્તા, પિયા ગયે રંગૂન અને ગ્લોબ થીએટરમાં ગાજેલા ગુજરાતી શેક્સપિયર, આરાધના ભટ્ટ, નંદિની ત્રિવેદીની હાજરી નોંધપાત્ર નીવડી.

મહેક ટંકારવી અને પંચમજી સામસામે મુકાયા એની મજા તો બીજીવાર બન્ને કાવ્યો વાંચ્યા ત્યારે સમજાયું

'બખ્તાવર' આંખ ને હૈયું ઠારે, ભીંજવે એમ ચાલે છે.

હરખ પામવા આથી વધારે જોઈએ ય શું ? કીપ ઈટ અપ સર.

- અનિલ વ્યાસ

e.mail : anilnvyas@yahoo.co.uk

તેને હાથ લગાડવાની હિંમત કરેલી જાણી નથી

• 'ડાયસ્પોરા રાઈટીંગ અવોર્ડ - 2011' ના વિજેતા મધુ રાય ઉપરનો પન્ના નાયકનો નિબંધ છાપવા બદલ અભિનંદન.

આ ચીલે વધારે ને વધારે ભારતીય મધ્યમવર્ગીઓ ચાલતા થાય, લખનારા અને તે લખેલાને ટેકો આપનારા, તો જ ભારતનો ઉદ્ધાર થશે.

Joker rationalists of Gujarat, ગુજરાતના રેશનાલિસ્ટ ડાગલાઓ https://groups.google.com/forum/?hl=en&fromgroups=#!search/%E0%AA%A1%E0%AA%BE%E0%AA%97%E0%AA%B2%E0%AA%BE%E0%AA%93/soc.culture.indian/9oa0ZiHRbO8/aDOUw8DOJysJ

એ લખાણ ઘણાં સામયિકોને પહોંચાડેલ, ચાળીસેક મહિના પહેલાં, કદાચ :ઓપિનિયન"ને પણ. કોઈએ તેને હાથ લગાડવાની હિંમત કરેલી જાણી નથી.

– દયાશંકર મો. જોશી

e.mail : dyashankarj@yahoo.com

હાય હાય રે હાય રે
હાય હાય રે હાય રે

ઘરનાં ઘરમાં ભુંજાયા
વીરા ને માડીજાયા
હાથમાં બંધાવ્યા હથિયાર રે
… … … હાય હાય રે હાય રે

હાકોટા દેકારા
આ કાપો વો મારા
તો યે કાં ચૂપ તારણહાર રે
… … … હાય હાય રે હાય રે

ચૂંથ્યા સિંદુર સાડલા
નજર સામે જ લાડલા
ઉદર ચીરન્તા ચિત્કાર રે
… … … હાય હાય રે હાય રે

રોયા ખાલીખમ ખોળા
લીલાં ભગવાં કે ધોળા
આંખોમાં કાળા ઓથાર રે
… … … હાય હાય રે હાય રે

— 'બાબુલ'

29/9/12

e.mail : drvision@gmail.com

આ ન ગમ્યું …

• 'Happy news for all the readers, writers and lovers of Gujarati language and literature.' … જેવું લખાણ પ્રાસ્તાવિક-પત્ર વાટે ગુજરાતી ભાષા પ્રેમીઓ માટે અંગ્રેજીમાં મેસેજ મોકલો છો … આ ન ગમ્યું .. ..

sorry ….

- નિમિષા દલાલ

email : nimidalal@yahoo.co.in

વિજયકૂચ જેવી તમારા અંકોની ગતિમતા રહી છે

• દશેરાને દિવસે અંક મળ્યો, વાંચ્યો, અને ગમ્યો પણ ખરો. વિજયકૂચ જેવી તમારા અંકોની ગતિમતા રહી છે.

સમયાનુકૂળ પરિવર્તન થકી તમે આગળ વધ્યા છો, માટે જમાના સાથે તાલમેલ રાખી શક્યા છો. દેશ અને દુનિયાને અનેકાવિધ રીતે તમે આવરી છે, જેમાંથી અમને પણ એવું કામકાજ કરવાની ચાનક ચઢી છે. સર્જકનું કામ જ એ કે વાચકોના દિલોદિમાગમાં સ્થાન પ્રાપ્ત કરવું. આ કાજે પરિવેશ અને ફેરફાર કરવો પડે, જે માટે તમે કટિબદ્ધ છો. વેબ અવતારને અગોતર વધાવું છું, સાથે સર્વને ઢેર સારા દિવાળીના અભિનંદન પાઠવું છું. નવું વર્ષ, શુભ ને લાભ, સવાયું બની રહે, તેવી મારી શુભેચ્છા છે.

– પ્રવીણ પટેલ 'શશી'

e.mail : pcpatelxshashi@aol.com

• "ઓપિનિયન" માટેની લોકચાહના આગામી વરસોમાં, નવા જે કોઈ પરિવેષમાં ય જળવાઈ રહે તેવો આશાવાદ સેવું છું. "ઓપિનિયન", તુંને શુભ કામનાઓ !!!

– દાઉદભાઈ એ. ઘાંચી

e.mail : ghanchida1927@yahoo.com

• આ નવા સાહસ માટે અભિનંદન. … અને હવે, "ઓપિનિયન" નવાં વાઘાં સજ્જીધજ્જી પોતાની નવી યાત્રા આરંભ કરશે. શુભ કામનાઓ.

– દીપક ધોળકિયા

e.mail : dipak.dholakia@gmail.com

ઓક્ટોબર ૨૦૧૨ ઈસ્યૂ - એક વિહંગાવલોકન

• ઓક્ટોબર ૨૦૧૨નો અંક એકી બેઠકે વાંચી ગયો. તમે લખેલ, 'ભોમકાના ભમનાર પ્રવાસી' જેવો અભ્યાસુ લેખ, તેની ઐતિહાસિક તવારીખોના ઉલ્લેખોને કારણે સાહિત્યનો અમૂલ્ય દસ્તાવેજ બની રહેશે. ઈદી અમીન સાથે, એશિયાઇ જૂથની લગભગ ૪૦ વર્ષ જૂની તસ્વીર પણ એક યાદગાર સંભારણું છે. પન્નાબહેનનું પ્રવચન પણ એક અભ્યાસુ લેખ છે. વિજય શાહ 'સહિયારુ સર્જન' દ્વારા ગુજરાતી ભાષાના સંવર્ધન અંગે સ્તુત્ય પ્રયાસ કરી રહ્યા છે .. મેઘનાદ દેસાઈની ઓળખ પણ સરસ રીતે અપાઈ છે. ભગવાનલાલ ઈન્દ્રજી .. જોસેફ વાન … હિમાંશી શેલતનો પરિચય .. રાસબિહારીભાઈ સાથેની, એંશીના દાયકાની અલભ્ય ઐતિહાસિક તસ્વીર અને લેખ.. આરતી પરીખની ગુફ્તગૂ … એક એકથી ચડિયાતા લેખો .. કાવ્યોમાં પણ 'ગાંધીનું ટોળું', બાબુલનું 'ઢોલ', ચીમન પટેલની 'દિવાળી', યોગેશ પટેલનો 'કોરો કાગળ', અંકને શોભાયમાન બનાવે છે .. અભિનંદન …

– નવીન બેન્કર

e.mail : navinbanker@yahoo.com
http://navinbanker.gujaratisahityasarita.org/

• "ઓપિનિયન"નો આ ઑક્ટોબર અંક વાંચવાની મજા પડી. તેમાં ય તમારા લેખો મજેદાર રહ્યા.

"ઓપિનિયન"ની વેબપેજ સજીવન થાય છે જાણી આનંદ થયો. માર્ચ 2013 પછી તેની રાહ રહેવાની. તમને વધામણાં હજો ! તમારા તંત્રીપણા હેઠળ તેને ઉત્તરોત્તર ચડતીના દિવસો આવે તેવી આશા સેવું છું.

પ્રાસ્તાવિક પત્ર જોડાજોડ તમે જે વિવિધ કડીઓ [links] મોકલી છે, તે ય રસપ્રદ છે. સરદાર પટેલને જોવાની મજા પડી. તે ઐતિહાસિક ઘડીને માણવાની તક સાંપડી તેનો આનંદ રહ્યો. એડ મિલિબાન્ડ અને કૉફી અનાનના ભાષણો ય રૂચ્યા. તે પ્રભાવક હતા.

– ઉષા ઠક્કર

e.mail : ushathakkar@yahoo.com

• "ઓપિનિયન"નો આ રસપ્રદ અંક મોકલવા માટે આભારી છું. વિવિધ પ્રકારના સરસ મજાના લેખો તેમાં દર વખતે આમેજ કરો છો તે વાંચવા ગમે છે. આ સામિયક ઉપરાંત તમે અનેક પ્રકારની કડીઓ તે સાથે સામેલ કરો છો અને અમારી રસરુચિને પોષો છો, ઘડો છો, તે ખૂબ ગમે છે. તમે અમારી ખૂબ કાળજી સંભાળ લો છો. તમને અનેક પ્રકારની શુભ કામનાઓ.

– જયન્ત વી. જોશી

e.mail : jvrjoshi@yahoo.com

• કાઠિયાવાડના બધા રાજવીઓને એક ઠેકાણે એકત્ર કરવા રાજકોટમાં એક જાહેર સભાનું આયોજન તે દિવસોમાં થયેલું અને તેમાં સરદાર પટેલ તથા જામસાહેબ હાજર રહેલા. આ સભામાં હાજરી આપવાનો મને લહાવો મળેલો.

– આસિત હૈદ્રાબાદી

e.mail : aashit_hyderabadi@yahoo.com

કેટલાક હકીકત/સ્મૃતિ દોષો

સપ્ટેમ્બર 2012ના અંકમાં, 'વર્ષા અડાલજા - એક અપરિચિત અભિનેત્રી' નામક મારો લેખ વાંચી, ઑટાવા, કેનેડાથી નવીન પારેખે એક ઇ-મેલ નોંધ મોકલી છે, તેનો ભાવાનુવાદ મોકલું છું તે “ઓપિનિયન”માં પ્રસિધ્ધ કરવા વિનંતી છે. સંપૂર્ણ નોંધ નહિ, પણ લેખમાં મારા જે - સ્મૃતિદોષ તરફ નવીન પારેખે ધ્યાન દોર્યું છે, તે “ઓપિનિયન”માં આમેજ કરવું જરૂરી છે. નવીન પારેખ ઉપરાંત, વર્ષા અડાલજા ને મેઘનાદ દેસાઈના અભિપ્રાય પણ અહીં સાદર છે.

નવીન પારેખ, મેઘનાદ દેસાઈ અને મારાં સ્મરણોમાં થોડોઘણો તફાવત જોવા મળે છે. આ સ્વાભાવિક છે, કેમ કે તેને ય હવે પચાસેક વર્ષ થવા જાય છે. સ્મૃતિ ક્યાંક ક્યાંક હાથતાળી દઈ બેસતી ય હોય. •

'ઢીંગલી ઘર' નાટકનું એક ભાતીગળ દૃશ્ય. – વર્ષા આચાર્ય (અડાલજા) અને નવીન પારેખ. આ બંને કલાકારોને આ પાત્ર ભજવણી સારુ પારિતોષિક એનાયત થયેલાં.

હરીશ,

તારો વર્ષા વિષેનો લેખ અત્યંત રસપૂર્વક વાંચી ગયો. ભૂતકાળની, આપણા કૉલેજ જીવનની યાદ અને ખાસ કરીને, આપણી નાટ્ય પ્રવૃત્તિ ફરી યાદ આવી ગઈ.

તારા ગુજરાતી લખાણ, અને ખાસ કરીને, 'સંશોધન'થી પ્રભાવિત થયો છું. 'પ્રસન્ન દાંપત્ય', 'સંજીવની' અને 'ઢીંગલી ઘર' વિષે થોડી વિગત મોકલું છું. તે તને જ્યારે લેખ ફરીથી છપાવવાનો મોકો મળે ત્યારે તેમાં આમેજ કરવા કામ લાગશે.

૧) 'ઢીંગલી ઘર' વિષે થોડો 'પૂર્વાધ' -

૧૯૫૬માં રુઈયા કૉલેજના વાર્ષિક રસોત્સવમાં નાટક રજૂ કરવા માટે મેં (નવીન પારેખે) પ્રયત્ન કર્યો, પરંતુ તે સમયના ગુજરાતી સાહિત્ય મંડળના 'સ્થાપિત વર્ગે' મને (નવીન પારેખને) જાણે બારણામાંથી જ પાછો કાઢ્યો. નાટક કરવાનો મોકો ન આપ્યો.' મેં (નવીન પારેખે) પ્રા. યાજ્ઞિક સાહેબને ફરિયાદ કરી. યાજ્ઞિક સાહેબ આ ફરિયાદથી સાહિત્ય મંડળના 'કાર્યકરો' પર નારાજ થયા, અને આંતર કૉલેજ નાટ્ય સ્પર્ધામાં રુઈયા કૉલેજના પ્રતિનિધિ તરીકે તે મારું (નવીન પારેખનું) નામ મોકલાવશે તેવું વચન આપ્યું.

ત્યાર બાદ ફેબ્રુઆરી કે માર્ચ મહિનામાં હું (નવીન પારેખ) અને મેઘનાદ દેસાઈ યાજ્ઞિક સાહેબને મળ્યા અને કૉલેજના ઉપક્રમે ભવનની સ્પર્ધામાં નાટક ભજવવાની તૈયારી બતાવી. અને ધાર્યા પ્રમાણે યાજ્ઞિક સાહેબે ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તેમને હલકા પ્રહસનો પસંદ નથી. અને કોઈ સુંદર સાહિત્યિક કૃતિ ભજવાય તો તેમને વાંધો નહોતો. ગંભીર નાટકના ઉદાહરણ તરીકે તેમણે હેન્રીક ઇબ્સનકૃત 'અ ડોલ્સ હાઉસ' સૂચવ્યું.'

મેં (નવીન પારેખે) એ નાટકની પ્રત મેળવી અને તેમના વિલે પાર્લેના 'ચંદન નિવાસ'ની અગાસીમાં ઉષાકાંત રિંડાણીએ 'ઢીંગલી ઘર'નો પહેલો 'ખરડો' તૈયાર કર્યો.

નવીન પારેખ લિખિત 'ખાનદાન ચોર' નાટકની ભજવણી પછી ભાગ લેનારાં કલાકારોની લેવાયેલી છબિ. ડાબેથી, હરીશ ત્રિવેદી, વાસંતી સાંગાણી, નવીન પારેખ, કિરીટ મહેતા તેમ જ રમેશ શાહ

ત્યાર બાદ, કેવું અને કયું નાટક કૉલેજને ઉપક્રમે ભજવવું તેના નિર્ણય માટે ગુજરાતી સાહિત્ય મંડળની એક સભા યોજાઈ તેમાં યાજ્ઞિક સાહેબે હેન્રિક ઇબ્સનના 'અ ડૉલ્સ હાઉસ' (A Doll's House) જેવા ઉત્તમ નાટકની પસંદગી કરવાનો જાહેર અનુરોધ કર્યો અને આખા નાટકનો સારાંશ આપી ઉમેર્યું

'ઢીંગલી ઘર' નાટકની તે દહાડાની એક ઝમકદાર સ્મૃતિ ઝંકોરતી જૂથ છબિ. ચિત્રમાં પહેલી હરોળમાં, ડાબેથી, 'તુષાર'નું પાત્ર કરનાર નવીન પારેખ, 'મીરાં'નું પાત્ર કરનાર વર્ષા આચાર્ય (અડાલજા), વચ્ચે નાટકના દિગ્દર્શક તારક મહેતા, 'અનિલા'નું પાત્ર કરનાર દિવંગત પન્ના મોદી, અને 'નિલાંબર'નું પાત્ર ભજવનાર વ્યક્તિનું નામ સ્મૃતિદોષમાં જકડાયું છે. તો પાછળની હરોળમાં, ડાબેથી, 'ડૉ. અતુલ'નું પાત્ર કરનાર હરીશ ત્રિવેદી, વ્યક્તિનું સ્મૃતિલોપને કારણે નામ સાંભરતું નથી, ત્રીજા મેઘનાદ દેસાઈ, તે પછી ઈલા મહેતા (તારક મહેતાનાં પ્રથમ પત્ની), રમેશ શાહ, કીર્તિ મહેતા અને છેલ્લે 'નોકર'નું પાત્ર ભજવનાર ગૌતમ ભીડે દૃશ્યમાન છે.

કે મૂળ નાટક ત્રિઅંકી હોવા છતાં, તેનુ બે દ્રશ્યોમાં એકાંકીકરણ થઈ શકે તેમ છે. અમારી 'મંડળી'ને તે ગમ્યું. મારા (નવીન પારેખના) કહેવા પ્રમાણે મેઘનાદ દેસાઈએ ઉપર જણાવેલ ઉષાકાંત રિંડાણીના 'ખરડા' ઉપરથી, બે દૃષ્યોવાળું 'ઢીંગલી ઘર' 'બનાવ્યું'. મેઘનાદે તે 'ખરડા'ને આધુનિક સ્વરૂપ આપ્યું. પાત્રોનાં નામ બદલ્યાં અને બીજે જ દિવસે બે દૃશ્યોમાં વિભાજીત એકાંકી 'ઢીંગલી ઘર' લઈ હાજર થયા. યાજ્ઞિક સાહેબને તે ગુજરાતી રૂપાંતર ગમ્યું અને મને (નવીન પારેખને) તે નાટક તૈયાર કરવા સંમતિ આપી.

મુંબઈના તખ્તા પર, ઉપેન્દ્ર ત્રિવેદીનું આ પહેલું નાટક હતું. અભિનય માટે વિજય ભટ્ટને પારિતોષિક મળ્યું, નાટકની 'ટ્રૉફી' સિદ્ધાર્થ કૉલેજને મળી, અભિનય માટેનું પારિતોષિક 'ઢીંગલી ઘર'માં તુષારની ભૂમિકા માટે મને (નવીન પારેખને) અને અનિલાની ભૂમિકા માટે પન્ના મોદીને મળ્યું. અને આ હકીકત આંતર કૉલેજ નાટ્ય સ્પર્ધા માટે જ નહિ, પણ ગુજરાતની રંગભૂમિનાં ઈતિહાસનું એક અગત્યનું પ્રકરણ બની ગઈ.

આઈ. એન. ટી.' યોજિત ત્રિઅંકી નાટ્ય સ્પર્ધામાં, જ્યારે 'ઢીંગલી ઘર' ભજવાયું, ત્યારે અભિનય માટે મને (નવીન પારેખ) તથા વર્ષા આચાર્યને પારિતોષિક મળ્યાં અને સ્પર્ધામાં નાટક બીજા ક્રમે આવ્યું.

૧૯૫૭માં રુઈયા કૉલેજ તરફથી શિવકુમાર જોષી કૃત 'પ્રસન્ન દાંપત્ય' ભજવાયું. કૉલેજના બીજા વર્ષના અભ્યાસને કારણે વર્ષાએ નાટ્ય પ્રવૃત્તિમાંથી વિરામ લીધો. 'પ્રસન્ન દાંપત્ય'ની પસંદગી પણ આખરી પાંચ નાટકોમાં થઈ. તેમાં માતાની ભૂમિકા ચિત્રા ભટ્ટે કરી હતી. આ ચિત્રા ભટ્ટ તે કવિ કાન્તનાં પૌત્રી. તેમનો અભિનય ખૂબ જ વખણાયો. પિતાની ભૂમિકામાં રમેશ શાહ હતા. મને (નવીન પારેખને) પુત્રની ભૂમિકા માટે, અને દીકરીની ભૂમિકા માટે પન્ના મોદીને અભિનય માટે પારિતોષિક પણ મળ્યાં. નાની દીકરીની ભૂમિકા નિરુપમા શાહે કરી હતી. (લેખમાં હંસા શાહ અને હંસા મહેતા છપાયું છે, તે જાણ માટે લખું છું.) રુઈયા કૉલેજના વાર્ષિક રસોત્સવ પ્રસંગે પિતાની ભૂમિકા ઉષાકાંત રિંડાણીએ ભજવી હતી અને તે અભિનય માટે તેમને પારિતોષિક પણ મળ્યું હતું.

'સંજીવની' સ્પર્ધાના અંતિમ તબક્કે પહોંચ્યું, પણ કોઈ પારિતોષિક મેળવાયું નહીં. પહેલા પ્રયોગ સમયે 'બૉસ' તેમની ટેવ મુજબ હાજર ન હતા. ભવન્સની સ્પર્ધા માટે તારક મહેતાના દિગ્દર્શનની મદદ લીધી હતી. નાટકમાં સંગીત માટે - રુઈયા કૉલેજનાં સહઅધ્યાયી અને એક અચ્છા સિતારવાદક દુર્ગા વલિયાની સહાય મળી. અને નાટકના અંત સમયના દૃશ્ય સમય ગીતની એક પંક્તિ ઈલા કોઠારીનાં કંઠે ગવાઈ હતી. (લેખમાં હંસા વલિયા છપાયું છે).

આઈ. એન. ટી.એ પ્રબોધ જોષીનુ ત્રિઅંકી નાટક 'કદમ મિલાકે ચલો' ભજવવાનું નક્કી કર્યું. કૃષ્ણકાંત શાહે તે નાટકનું દિગ્દર્શન સંભાળ્યું અને અભિનય પણ કર્યો. નાટકને ખૂબ સરસ આવકાર પણ મળ્યો. થોડા પ્રયોગો પછી કૃષ્ણકાંત શાહ અમેરિકા ગયા. દામુભાઈ ઝવેરીએ મને (નવીન પારેખને) 'કદમ મિલાકે ચલો'નું સુકાન હાથ ધરવા બોલાવ્યો. હું (નવીન પારેખ) પણ તે સમયે અમેરિકા જવાની તૈયારી કરતો હોવાથી, તે શક્ય ન બન્યું. અને ત્યારે પ્રવીણ જોષીએ તે કામ હાથ ધર્યું. અને આમ ગુજરાતી રંગભૂમિના ઈતિહાસમાં એક નવા પ્રકરણની શરૂઆત થઈ.

(હવે આ ઘટના વિષે તે સમયે લોક-વાયકા હતી, પરંતુ તે સત્ય છે કે કેમ તે વિષે એક વાચકે શંકા વ્યક્ત કરી છે, તેથી આ પ્રસંગ બન્યો જ નથી તેમ માનવું જરૂરી છે.)

આ તારા લેખ વિષે ટીકા છે, તેમ તું ન માનતો. પરંતુ નામ ભૂલથી કોઈને અન્યાય થાય, અને હકીકત દોષ ભવિષ્યમાં ઐતિહાસિક પુરાવો ન ગણાય, તે માટે તારું ધ્યાન દોરવા પૂરતું જ લખું છું.

- નવીન

ઉપર જણાવેલ સ્મૃતિદોષ અને હકીકત દોષ માટેના ગુના કબૂલ છે, Mea Culpa - ક્ષમા યાચના ! …

વર્ષા અડાલજા લખતાં હતાં :-

'લેખ સરસ હતો. તમે ઘણી મહેનત કરી. ઘણાં સ્મરણો જાગી ગયાં. ઘણું જીવન પાછળ છૂટી ગયું, નહીં ? એ દિવસો યાદ આવી ગયા. આભાર.'

મેઘનાદ દેસાઈ લખે છે :-

' વાત ખરી છે, 'ઢીંગલીઘર' માંહેનાં વિવિધ પાત્રો સારુ નામો મેં પસંદ કરેલા. મુંબઈ યુનિવર્સિટી લાઈબ્રેરીમાં જઈ મેં મૂળ નાટક વાંચી કાઢ્યું અને તેનો અનુવાદ કરવાનો મેં ત્યારે જ નિર્ણય કરી કાઢેલો. ત્યાર બાદ કલા કેન્દ્રની સ્પર્ધામાં આગામી 'ઈન્ટરકૉલેજિયેટ' પેશગી માટે આ નાટક હોવું જોઈએ તેમ પ્રાધ્યાપક યાજ્ઞિકને મેં સમજાવ્યા. અસામાન્યપણે તે હાસ્યરસપ્રધાન પ્રહસન નહોતું. પરંતુ એક ગંભીર વિદ્યાર્થી તરીકેની મારી છાપ કામ કરી ગઈ. કોઈ પણ કારણે નવીન (પારેખ) તે વેળા ત્યાં હતા તેથી તારક(મહેતા)ને તેનું દિગ્દર્શન કરવાનું તેમણે સૂચવ્યું. ત્યારે તારક વરલીમાં મારા પડોશી હતા.

'મને યાદ છે ત્યાં સુધી, છેલ્લા અંક પર આધારિત દસ્તાવેજી લખાણ તૈયાર હતું અને તે મુજબ નામ અપાયાં હતાં. ત્યારે ઉષાકાન્ત અને નવીને આગલા બે અંકોને ટૂંકાવીને મુખ્ય નાટકનો આરંભ તૈયાર કરેલો. ત્રણેય અંકોનું તમે સંપાદન કર્યું. તમારી પસંદગીએ તમે ડૉ. અતુલનું પાત્ર ભજવવાનું રાખ્યું હશે. કેમ કે એકાંકીમાં તે પાત્ર હતું જ નહીં.'

- હરીશ ત્રિવેદી

e.mail : harisht895@sbcglobal.net

(છેલ્લા પાન પરેથી)

મીઠાશથી; પણ હકથી બે સાચાં વેણ કહી શકે. વાત કહેવાની રીત એવી હોય કે વહુને સગી માએ શિખામણ આપી હોય એવું લાગે. ને વહુ રડી પડીને કંટી સાસુની વાત કરે તો અમીનામા સાસુનેય સમજાવી શકે. વાતની રીત તળપદી, ઘરગથ્થુ – 'જો અલ્લાએ વાસણ બનાવ્યાં છે તો ખખડેય ખરાં. ભટકાય તો બોલેય ખરાં. એટલે કંઈ વાસણ ફોડી નો નખાય. એમ મારી બઈ, માણહ છીએ તે મન વાંકું થઈ જાય, બે વેણ બોલાઈ જાય, એટલે કંઈ સંબંધ કપાઈ નો જાય. બસ, આટલું હમજ્યા કે બેડો પાર. લ્યો ઊઠું, અલ્લા હૌનું હારું કરજો.' ગામમાં બીજે ફેરે આવે ત્યારે પરોક્ષ ઑડિટ પણ કરી લે. કિચૂડાટ ઓછો થયો હોય તો હાંઉ ગણે, પછી ખણખોદ ન કરે.

અમીનાબીબીનું મૂળ કામ તેલ વેચવાનું. તો જ પોતાનું ને ઘરનું પેટ ભરાશે એ સ્પષ્ટ સમજ હતી; પરન્તુ સમ્બન્ધ કેવળ વેપારનો નહીં. ફળીએ–ફળીએ એમનું તેલ વેચાય. તેમને માટે કોઈ ચડિયાતું–ઊતરતું નહીં. બધાં સાથે ઘાટી માયા. એમાંથી ઊભા થયેલા અધિકારે જરૂર પડ્યે બે સાચાં વેણ કહી શકતાં; પરન્તુ એ તો ક્યારેક, બાકી તો ગમ્મત, હળવાશ, શિખામણ, અનુભવકથા, ઉદારતા, એમ જરૂર મુજબ એમનાં રૂપો પ્રગટતાં. બધું મેળમાં રહેવું જોઈએ, કિચૂડાટ હોય તો ઘટવો કે મટવો જોઈએ એ વાત હૈયે બેઠેલી. તેથી તેઓ બધાંને પોતાનાં કરી શકતાં. એટલે તેમને બધે આવકાર મળતો. કામ તેલ વેચવાનું; પરન્તુ ધર્મ ચાહવાનો. એમ કહી શકાય કે સ્નેહવાવેતર કર્યા વિના તેમનાથી રહેવાતું નહીં.

નિશાળનું ભણતર એમને સુલભ નહોતું. ચોપડી એ દૂરની વસ્તુ હતી. જીવતરમાંથી એમણે જાણ્યું–પારખ્યું હશે કે માણસ તરીકે જીવવું. રાતદિવસની મહેનત તેમને અજાણી નહોતી. જિન્દગીની થપાટોએ ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવવાની તાલીમ આપી હતી, એટલે સાધારણ હોવું એની નવાઈ નહોતી. તેઓ કોઠાસૂઝથી સમજ્યાં હશે કે ધંધાનાં કામ, સમ્બન્ધના આનન્દમાં આડે આવતાં નથી. તેથી તેઓ નિર્ભાર રહી શકતાં અને સૌને પોતાનાં કરી શકતાં. રવીન્દ્રનાથ ટાગોરને વાંચ્યા વિના ય તેઓ જાણી ગયાં હતાં કે, 'પ્રયોજનના સમ્બન્ધને સ્નેહનો સમ્બન્ધ બનાવવો એ મનુષ્યત્વની સાધના છે.'

માણસની અસાધારણતાનું માપ તેનાં સ્થાન કે પ્રતિષ્ઠા નથી; પરન્તુ તેનું શીલ છે એ સૉક્રેટિસ–વિચારને યથાર્થ ગણીએ તો શીલ એ સાચી સમ્પત્તિ છે. એ દૃષ્ટિએ અમીનામા ખરે જ અસાધારણ હતાં.

એટલે તો અરધી સદી વટાવીને અમીનામા માથે તેલનું કૅન લઈને સામે ઊભાં હોય તેવાં પ્રત્યક્ષ અનુભવાય છે.

(સી–403, સુરેલ એપાર્ટમેન્ટ, દેવાશીષ સ્કૂલ સામે, જજીસ બંગલા વિસ્તાર,
અમદાવાદ – 380 015, ભારત)

(સૌજન્ય : 'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: સાતમું – અંક: 245 – June 03, 2012

ધરતીની સોડમ – અમીનાબીબી

• મનસુખ સલ્લા



મનસુખ સલ્લા

કેટલાંક માણસો અમથાંઅમથાં ગમી જાય. એવું કંઈક હોય એમનામાં કે બસ, તેઓ ગમે! અમીનાબીબી તેમાનાં એક. પહોળો પાયજામો, ઘેરદાર અચકન, બંધબેસતી ઓઢણીમાં દૂરથી પણ ઓળખાય. પૂરતાં કાંઠાળાં. ભર્યું શરીર, ગોળમટોળ ચહેરો અને મોટી પણ પ્રેમાળ આંખો. જુવાનીમાં પૂરતાં રૂપાળાં હશે. મેં જોયાં ત્યારે તો જિન્દગીના ચાસથી ખેડાયેલો ચહેરો હતો. સહજ હાસ્ય, જે કંઈ કરે, વ્યવહારે તેમાં અનાયાસ સાહજિકતા હોય.

અમીનાબીબી પંદરેક દિવસે સાવરકુંડલાથી મારે ગામ નેસડી આવે. ઈંઢોણી ઉપર કૅન જેવું મોટું વાસણ હોય. તેમાં માથામાં નાખવાનું તેલ ભર્યું હોય. અંદર માપની પળીઓ હોય. બીજા હાથમાં થેલો હોય. તેમાં ભાતભાતની સામગ્રી હોય. અમીનાબીબીની જીભે મધનો કૂપો. શેરીમાં દાખલ થતાંની સાથે તેમની જીભ સૌને મીઠો સ્પર્શ કરે : ‘જેશી કૃષ્ણ, વાલીબા ! કેમ હુકાણાં લાગો છો કે હું ?’, ‘મોંઘીકાકી, તમારે વાસ્તે ગળણી લેતી આવી છું.’ માણસ એટલી અને એવી વાતું. હાથ અને જીભની હરીફાઈ ચાલતી હોય. સૌ જરૂરત મુજબ માથાનું તેલ માગે. પળીથી ભરીને તેમને આપે. એમનું તેલ બહુ વખણાય. મોથ, મેંદી, દૂધી, આંબળાં, અરીઠાં, ભાંગરો, ગુલાબની પાંદડી નાખેલું તેલ ‘મોથિયું તેલ’ નામે ઓળખાતું. આજની પેઢીને એ વાસ કદાચ બહુ નહીં ગમે; પણ વાળ માટે એ બહુ ગુણકારી. અમીનાબીબી હરતાંફરતાં ડૉક્ટર જેવાં. કોઈને ખોડો હોય, કોઈને વાળ બહુ ઊતરતા હોય, કોઈના વાળ ઓછા વધતા હોય – જેવી વ્યક્તિ તેવી સલાહ આપે; પણ મીઠાશથી આપે, તેલ વેચાતું આપે; પણ સલાહ મફત આપે. એમની સલાહ એવી અનુભવસમૃદ્ધ હોય કે અસરકારક બને.

ભર્યું શરીર એટલે એમને ગરમી બહુ લાગે. ત્યારે લાઈટ કે પંખા નહોતાં. માથા પરની ચૂંદડીથી ચહેરો સાફ કરે, હવા નાખે અને ફરિયાદ કરે, ‘આ ગરમી તો જીવ લેય તેવી છે.’ પગ લાંબા કરે, દાદીમાની ડબીમાંથી બજર લઈ બેચાર સડાકા લઈ લે. ત્યાં કોઈ વહુવારુ ટપકી પડે, ‘અમીનામા, મારી બંગડી ભૂલી ગ્યાં છો ને ?’ તેમને આવી ઉઘરાણી થવાની એની ખબર જ હોય. હાથ ઝાલીને વહુવારુને પડખે બેસાડે. પહેલાં તો એની તપેલીમાં માગે તેટલું તેલ ભરી આપે. વેપાર પહેલો, સેવા પછી. પૈસા ગણીને કોથળીમાં નાખતાં–નાખતાં કહે, ‘જો, તારે વાસ્તે એકદમ ફસકલાસ બંગડી લાવી છું. તારો વર ખુશ થઈ જવાનો.’ કહી થેલામાંથી બંગડીઓ કાઢે. વહુવારુ શરમાઈ જાય, ‘શું તમેય મા !’ કહીને વધુ લજ્જાળુ બને. બંગડી હાથમાં આવતાં જ પહેરવા માંડે. અમીનાબીબીની વાત ચાલુ હોય, ‘જો, વહુ, અમે તો બોવ ખાઈ–પી લીધું. બુઢાં થૈ ગ્યાં. પહેરવા–ઓઢવાનો તારો વખત છે. કેવી સરસ લાગે છે બંગડી તારા હાથમાં !’ વહુવારુ પૂછે, ‘કેટલા પૈસા થ્યા, મા ?’ તો કહેવાનાં, ‘મૂક ને મારી બૈ, તને ગમી એટલે બસ.’

‘ના–ના, મા ! પૈસા તો આપવા જોઈએ ને ?’

અમીનામા મંગાવેલી વસ્તુમાં થતી રકમ જ કહે, નફો ન ચડાવે. તેલમાં કસીને પૈસા લે; પણ મંગાવેલી વસ્તુ ભાવોભાવ આપે. કોઈની બોપટ્ટી તો કોઈની બંગડી, કોઈની ગળણી તો કોઈ જુવાન છોકરીનું અત્તર. તો કોઈનું વળી બીજું કંઈ. અમીનામા પાસે બધું મંગાવી શકાય. કોઈને સંકોચ ન થાય. તેઓ યાદ રાખીને બધું લાવે. ભણેલાં તો શાનાં હોય; પણ હિસાબ બધો મોઢે. તો અધરણીવાળી વહુની ગમ્મત પણ કરે, ‘પહેર, પહેર ! મોઢાનું તેજ જોતાં જ લાગે છે કે તારે ટબા જેવો દીકરો આવશે.’ વહુ જ નહીં; આસપાસનાં સૌ હસી પડે. અમીનાબીબી હોય ત્યાં ફૂલની સુગંધ જેવી હળવાશ વાતાવરણમાં સતત ફેલાતી રહે.

બા આગ્રહ કરે, ‘ચા પીશો ને ?’ તો ભારપૂર્વક કહે, ‘બૌ ચા સારી નૈ. રકાબીથી ઝાઝી નો કરતાં.’ ચા ભાવપૂર્વક પીએ. ચા પીતાંપીતાં એમની ભૂગોળ પહોંચતી હોય ત્યાં સુધીની બધી વાતો ઉથલાવે. ઘરેઘરે ફરે એટલે હરતોફરતો માહિતીભંડાર ! તારવીને બીજાને કહેવા જેટલું કહે. એમાં અનુભવ અને સમજણનો યોગ હોય. ઊઠતાંઊઠતાં કોઈ વાત યાદ આવી જાય તો વેપાર પડતો મુકીને ય, પાછાં બેસીને બે વાત કરી લે. જીવ જ વાતોનો.

એક ફળિયામાં એક જગ્યાએ બેસે. એમનો અવાજ સાંભળીને સૌ આવીને માથાનું તેલ લઈ જાય. વેપારમાં ગણિત પાકું હોય. કોણ હજી તેલ લેવા નથી આવ્યું એ ધ્યાનમાં હોય, ‘અરે કાશી, નીકળું છું. પછી નો કેતી કે તેલ લેવાનું રહી ગ્યું.’ કાશીભાભી ખુલાસો કરે, ‘મા, હજી પડ્યું છે.’ તો હસીને કહેતાં, ‘પૂછવું હારું. નો જોતું હોય તો વાંધો નૈં. જોતું હોય તો રહી જાવું નો જોયે.’ ટેકો લઈને ઊઠે. બોલતાં જાય, ‘હવે ગુડા ગળ્યા છે. અલ્લા રજા આપે ત્યાં સુધી કામ કરશું.’ ત્યાંથી બીજી ફળીમાં. ત્યાં આવું જ દૃશ્ય ભજવાય. એમના સ્વભાવમાં વહેરોવંચો નહીં. નાનાં છોકરાંનેયે હેતમાયાથી બોલાવે. કોઈ વહુવારુએ કહ્યું ન હોય અને ગમતું રમકડું લેતાં આવ્યાં હોય તો તેના છોકરાને આપે. વહુવારુ પૈસાનું પૂછે જ ને પ્રારંભમાં લેવાની ના પાડે, ‘છોકરા સારુ છે’ એમ કહે પણ ખરાં; પણ આગ્રહ થાય એટલે પૈસા લઈ લે. એમને તો આખા ગામમાં ફરવાનું. ઉદાર થવુંયે મોંઘું પડે, એટલે બધાનું પ્રમાણ જાળવે.

અમીનાબીબીનું કામ ઘાંચીનું. પહેરવેશ બિનહિન્દુનો; પણ કોઈ કરતાં કોઈને તેઓ હિન્દુ નથી એવું લાગતું નહીં. એ કાળે એવી સભાનતા કે વહેંચણી જ નહોતી. કોઈના ઘરે આગલી રાતે સત્યનારાયણની કથા થઈ હોય ને પ્રસાદ આપે તો તેઓ પ્રેમથી ખાય. ભગવાનને ભાવથી યાદ કરે. ખાધા પછી લગભગ બોલે જ, ‘અલ્લા હૌનું હારું કરજો.’ આ એમનો તકિયાકલામ હતો. એ એમના મનમાં એટલી હદે બેઠેલો કે કોઈના પર ગુસ્સો આવે, બે કડવાં વેણ બોલી નાખે, પછી છેલ્લા વાક્યનું અનુસન્ધાન જાળવતું વાક્ય જ બોલાતું હોય તેવી સહજ રીતે બોલી જાય, ‘અલ્લા હૌનું હારું કરજો.’

પસંદગીઓ ખરી; પણ મન ખુલ્લું અને સાફ, આંટીઘૂંટી વગરનું. સૌ સાથે એમનો ઘરોબો એવો કે એમને અંગત વાતો કહી શકાય. ક્યારેક સાસુ વહુ વિશે દુ:ખ પ્રગટ કરીને એમની આગળ હળવાં થાય તો અમીનામા વહુને

(અનુસંધાન પાન 27 પરે)

તાજેતરમાં, ત્રાસવાદી તાલિબાનની ગોળીનું નિશાન બન્યા પછી પણ અડગ રહીને, કન્યા વિદ્યાવ્યાસંગનું જ્વલંત પ્રતીક બની ગયેલી સ્વાત - પાકિસ્તાનની બહાદુર બેટી મલાલા યૂસુફઝયને સાદર અર્પણ. :

– દીપક બારડોલીકર

મલાલા છે

(બે મુક્તક)

કોઈ તાકાત ક્યાંયે વિશ્વની, મારી નથી શકતી
કે શગને સત્યની, આંધી કદી ઠારી નથી શકતી
બધાં તોફાન શેતાની શમે છે ધૂળની પેઠે
મલાલા રોશની છે, રોશની હારી નથી શકતી

•

ઘરેઘર, હર ગલીમાં દીવડા થાશે
અડગ એવી હૃદયમાં એક શ્રદ્ધા છે
અહીં અંધેરનાં ટોળાં નહીં ફાવે
આ મારો દેશ છે, અહીંયાં મલાલા છે.

પ્રકાશક : Vipool Kalyani, ‘Holly Cottage’, 13 Ferring Close, HARROW, Middlesex HA2 0AR [U.K.] · [26.11.2012]